પ્રસ્તાવના.

મોટા મહેરબાન રહમ કરતા અલ્લાહના નામથી.

સર્વે સ્તુતી અલ્લાહ તઆલા માટે છે જેણે અમારી હિદાયતના તરેહ તરેહના માર્ગો દેખાડ્યા અને પુરતું દોરૂદ હજરત મોહમ્મદ માટે છે કે જેવણે તે માર્ગો પ્રગટ કર્યા અને તેમની આલ અને અસહાબ માટે છે કે જેવણે તે માર્ગોના ફેલાવવામાં તન, મન અને ધન વાપર્યાં. અને આપણા મુસલમાનો માટે.

એ પછી ગુલામ મોહમ્મદ બીન હાજી હાફેજ સાદેક કહે છે કે મોનબ્બેહાત નામની કિતાબ જે ઘણી પ્રખીયાત છે અને તે હિન્દુસ્થાનના ઘણા પ્રેસોમાં ઘણીવાર ઘણા વર્ષોથી છપાતી આવે છે એ કિતાબ અરબીમાં હતી તેના તરજુમો ઉર્દૂ ફારસીમાં પણ અનેકવાર છપાયો છે. એટલુંજ નહીં પણ ઇંગ્રેજીમાં પણ એનો તરજુમો પ્રોફેસર જે૦ ડબલ્યુ૦ રેકવેલ સાહેબે કર્યો છે અને તે ઘણી વાર છપાયો છે એ કિતાબ મોહદ્દેસોના સરતાજ હાફેજ * અહમદ બીન અલી પ્રખીયાત ઇબ્ને હજર અસકલાની (રહ)ની રચેલી છે જેવણ મોહદ્દેસીનમાં ઇમામ તરીકે ગણાય છે અને બોખારી શરીફની શરહ ફતહુલ બારી તે પણ એમનીજ રચેલી છે ફરી એ કિતાબ વખાનીતી હોય તેમાં નવાઇ શી.

ભોગજોગે મારા ખાનગી કામ માટે તા૦ ૧૫મી ડીસેમ્બર સને ૧૯૦૭ માં મારૂં રંગુન (બ્રહ્મા) જવું થયું ત્યાં મે મારી ફુરસતનો લાભ લઇ એનો તરજુમો કર્યો છે. ખોદા એને કબૂલ કરે આમીન.

ગુજરાતીમાં દીની કિતાબો નથીજ એમ કહું તો ચાલે કારણ કે જે છે તે ઘણીજ થોડી છે નસીહતની કિતાબ જેમાં રસુલુલ્લાહ (સલ)ના પાક વચનો સહાબાના વાકયો અને વલીઓના શબ્દો થી આધાર લેવાયો હોય તેવી એકે નથી અને આ કિતાબ એવીજ રીતે લખાઇ છે માટે મેં એનો તરજુમો કર્યો છે.

આ કિતાબમાં જે નસીહતો છે તે જાહેરમાં મુસલમાનોના લાભની છે એમ જણાય છે પરંતુ તેના ઘણા મજમુન એવા છે કે જેનો લાભ હિંદુ પારસી અને ખ્રીસ્તીઓ પણ લઇ શકે છે.

પણ એનો ખરો લાભ લેવાયો એવું ક્યારે ગણાય કે મુસલમાનોની સ્કુલોમાં છોકરાઓને ભણાવાય. કારણ કે બાળકો હજુ નાના હોવાથી, લીલી લાકડીની જેમ જેમ વાળો તેમ વળે છે. અને નાનપણાની ટેવ સારી રીતે જમી જાય છે એજ માટે અરબીની કેટલીક નસીહતો બાળકોને મોઢે કરાવતા કેટલીક જગ્યા અલ્લામા મુકરીનો કસીદો લામીયા તથા અલ્લામા સફદીનો કસીદો લામીયા તથા અલ્લામા ઇબ્નુલ વરદી (રહ) નો કસીદો લામીયા મોઢે યાદ કરાવાય છે જેની દરેક કડીમાં એક બે નસીહત છે અને હિન્દુસ્થાનના બ્રાહ્મણો વગેરેની હિંદુઓની સ્કુલમાં નસીહતોની વાતો દરરોજ પલાખાની તેમ મોઢે બોલાવતા હતા.

ઇંગ્રેજી સ્કુલમાં ભણતા છોકરાઓ અને વિશેશ કરીને પારસીઓના છોકરાઓ અદબ અખલાકમાં ઘણા નકામા હોય છે તેનુ કારણ મારી ગનણ પ્રમાણે અખલાકના ઇલમની ખોટ છે ઉંચી કેળવણી હોંશીઆરી અ:પનાર છે ચાલાક બનાવનાર છે એમાં કશો વાંધો નથી પણ તેથી એને સુધારવાની કે નીતિની આશા રાખવી ફોકટ છે એજ કારણથી ઇંગ્લાંડમાં એવી કેળવણી ઘણી ફેલાઇ છે છતાં ફોજદારી કેસ નિર્લાજ ગુનાહ ત્યાં એટલા બને છે કે તે પ્રમાણમાં હિંદુસ્તાનીઓના ગુનાહ તેઓના અભણપણાને તથા ઉંચી કેળવણીમાં પાછળ પડેલા રહેવાને જોતાં કંઇ ગણતરીમાં નથી અને નોવેલ અને કેટલાક કિસ્સાની ચોપડીઓ અને પુસ્તકો એવાં છે કે

---

* હદીસવાળાઓના મહાવરામાં જેને લાખ હદીસ આવડે તેને હાફેજ કહે છે. અને એવાજ ...માં હાફેજ ગણાય છે. ગુ. મો.

તેને વાંચ્યાથી અખલાકમાં ઘણો બગાડો ઉત્પન થય છે મ . પુસ્તકો વાંચવાથી છે. એને રોકવા જોઇએ.

લુકમાન હકીમ (અલે)ની સો આજ્ઞા જે ઘણી પ્રખ્યાત છે અને ફારસી સ્કોલોમાં પઢા ય છે તેને પણ મેં આ ચોપડી સાથે છાપી છે. એવી કિતાબો અરબી ફારસીમાં માનીતા બુજ રૂગોની રચેલી ઘણી છે ઇનશા અલ્લાહ બીજી કિતાબોનો તરજુમો પણ બહાર પડશે. ખોદા મદદ કરનાર છે તેજ હિમ્મત આપનાર છે. સર્વે સાધન પુરાં પાડનાર છે તેના વગર કોઈ નથ પીર પેગમ્બર બધળા તેના મોહતાજ છે તેજ જે આપે તે મળે અને તેજ જે રોકે તે રોકા

જાહેર ખબર.

બેહેશતી ઝેવર ઉર્દુ.—છોકરીઓ તથા ઓરતો માટે ખાશ આ કીતાબ લખાઇલી છે. એમ અકીદા નમાઝ રોજા ઝકાત વીગેરે સરવે દીની મસઅલા ખુલાશા વાર સમાઇલાછે, એ ઉપરાંત ઓરતોને લગતી બીમારીઓ તથા દવાઓની બાબત મુજરબ સમાઇલી છે. તથા ઘર સંનસારી છે બતો તથા હુનરો પણ શમાઇલા છે. એ કીતાબના ૧૦) ભાગ છે. દરેક ભાગની કી૦ આ. અને આખા પુસ્તકની કી૦ રૂ. રા

બેહેશ્તી ગોહર ઉર્દુ.—એમાં મરદોના લગતા મસઅલા દીની તથા દવાઓ પણ મુજરબ છે. કી૦ આના ૯.)

મશારેકુલ અનવાર—ગુજરાતી ભાગ ૧)લો. એમાં હદીસો ફાઇદા સાથે ૭૩૧) છે ભાગ રજો એમાં ૭૨૬) ભાગ ત્રીજામાં ૮૧૨) છે દરેકની કીમત રૂ. ૧

ફતાવા રસીદિઆ ભાગ ૧લો તથા રજો ઉર્દુ. એમાં ઘણાજ સારા દીની મસઅલા વાલ જવાબ સાથે સમાઇલા છે કીમત દરેકની રૂ૦ ાાા અને સાથે મગાવનારને રૂ. ૧ા.

ફતાવા મોહમદીઆ.—ઉર્દુ એમાં રસુલ (સલ)થી પુછાઇલા ફતવાઓ આશરે ૧૫૦ છે રૂ કી. ૦ાા

જેવરે ઈમાન ઉર્દુ મોલુદ શરીફની ઘણીજ સારી કીતાબ છે. કી. ાા આના.

અલ જવાબુલ મતીન કી. ૭ આના) એમાં અકીદાઓ તથા ઇસલામની સચ્ચાઇના તથા હનફી
હીદાયતુલ મુકતદીન કી. દોઢ આના } મસઅલાઓની દલીલો હદીસોથી દેવાઇલી છે. તેમજ બી
હીદાયતુલ મુત્તકીન કી. અઢી આના) જા ઘણા જરૂરી મસઅલાઓ સવાલ જવાબ સાથે બયાન થઇલા છે.

અઅમાલે કુરઆની ઉરદુ ભાગ ૩)માં કુરઆન સરીફની આયતોની ખાસીઅતો લખાઇલી છે. કી. આના ૬ ત્રણે ભાગ સાથે.

જવાબુસ સાએલીન. સારા સારા સવાલ જવાબ છે કી. ૪ આના.

એ વતરોક બીજી દીની કિતાબો સરવે હમારી પાસેથી મળશે.

સરવે જાતનું શારામાં શારૂં અતર દરેક ભાવનું મળશે.

નામરદીના તીલા. મુજરબ શીશી ૧) ના રૂ૦ ૩)

સારો ઉમદા સુરમો. ઘણોજ ફાયદાકારક આંખોમાં રોશની દેનાર જાલા વીગેરે દુર કરનાર કી. તોલા ૧)ના રૂ. ૨ (તમામ વસ્તુઓ માટે પોસ્ટ ઘરાકને શીર છે)

ચાંદિના ઈસલામી લાકીટ. એક તરફ મદીના શરીફના નકશો બીજી તરફ કલેમો તથા ચાર યારોના નામ છે. રાખવા લાએક ચીજ છે. કી. રૂ. ર) સોનાનું ગીલીટ સાથે રૂ. ર.ા બીજી બાબતો માટે હમારે સાથે કા૦ વ્યવહારથી વધારે ખુલાસો મળશે.

હાફેજ સાલેહ હાફેજ મોહંમદ
મુ૦ રાદેર જીલ્લે—સુરત.

મોનબ્બેહાત

મોટો મેહેરબાન રહમકર્તા ખોદાના નામથી.

બબ્બે વસ્તુનો અધ્યાય.

હજરત નબી (સલ)થી રિવાયત છે કે [illegible] (સલ) ફરમાવ્યું કે બે ખસલતો (આદતો) એવી છે કે જેથી શ્રેષ્ઠ કોઈ નથી. (૧) અલ્લાહ ઉપર ઈમાન લાવવું અને (૨) મુસલમાનોને લાભ આપવો. અને બે ખસલતો એવી છે કે તેથી બુરી કોઇ નથી. [૧] અલ્લાહ સાથે (કોઈને) શરીક કરવો અને [૨] મુસલમાનોને દુઃખ આપવું

રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે (૧) આલેમોની પાસે બેસવાને અને (૨) હદીસોની વાત સાંભળવાને અગત્યનું જાણો. કારણ કે અલ્લાહ તઆલા જેવી રીતે મરે-

લી ઝમીનને વરસાદથી જીવતી કરે છે તેવી રીતે મરેલા દિલને હિકમતના*નૂરથી જીવડાવે છે.

હજરત અબુ બકર સિદ્દીક (રદ્દી)થી રિવાયત છે કે જે કોઇ કબરમાં વગર ભાથે (તોશે)÷દાખલ થયો તે વગર નાવડીએ દરયામાં સ્વાર થવા સરખો છે.

હજરત ઓમર (રદ્દી)થી રિવાયત છે કે દુન્યાની ઇઝઝત માલથી છે અને આખેરતની ઇઝઝત સારાં કામોથી છે.

હજરત ઉસમાન (રદ્દી)થી રીવાયત છે કે દુન્યાનો ગમ તો દિલનું અંધારૂં છે. અને આખેરતનો ગમ તે દિલનો પ્રકાશ (નૂર)છે.

હજરત અલી (રદ્દી)થી રિવાયત છે કે જે કોઇ ઇલમની ઢુંઢમાં છે જંનત તેની ઢુંઢમાં છે અને જે કોઇ ગુનાહની તલાશમાં છે દોઝખ તેની તલાશમાં છે.

યહુયા બીન મોઆઝ (રદ્દી)થી રિવાયત છે કે કોઇ બુઝરૂગ અલ્લાહની નાફરમાની કરતો નથી અને કોઇ ડહાપણવાળો [હકીમ] આખેરતને બદલે દુન્યાને પસંદ કરતો નથી.+

આમશ [રદ્દી]થી રિવાયત છે કે જેની પુંજી તકવો (પરહેઝગારી તથા ખોદાનો ભય) છે તેના દીનના નફાના બચાનથી ઝબાનો (જીભ) થાકેલી છે. અને જેની પુંજી દુન્યા છે તેના દીનની નુકસાનીના બચાનથી ઝબાનો થાકી છે. ×

સુફયાન સોરી (રહ)થી રિવાયત છે કે દરેક ગુનોહ જે શહુવતથી છે તેની બખશીશ (માફી)ની આશા રહેછે પણ જે ગુનોહ ગરૂરીથી થાય છે તેની બખશીશની આશા હોતી નથી. કારણ કે ઇબ્લીસનો મુળ ગુનોહ તકબ્બોરીથી હતો અને આદમ (અલે)ની મુળ ભૂલચૂક (લગઝીશ) શહુવતથી હતી. ૧

એક ઝાહિદથી રિવાયત છે કે જે કોઇ હસતી હાલતમાં ગુનોહ કરે છે તો અલ્લાહ તેને રડતી અવસ્થામાં દોઝખમાં નાખશે. અને જે કોઇ રડતી હાલતમાં ખોદાની બંદગી કરે છે તો અલ્લાહ તેને હસતી હાલતમાં જંનતમાં દાખલ કરશે.

એક હકીમથી રિવાયત છે કે તમો ગુનાહોને નાના નહીં જાણો કારણ કે તેનાથી મોટા ગુનાહોના ફાંટા નીકળે છે. *

હજરત નબી [સલ]થી રિવાયત છે કે નાનો ગુનોહ હઠ કરવાથી નાનો રહેતો નથી અને મોટો ગુનોહ બખશીશ માંગ્યાથી (ઇસ્તિગફારથી) મોટો રહેતો નથી. ÷

---

* હિકમતની મતલબ શરીઅતના હુકમોની ડહાપણ તથા ખુબીયાં જાણવી. એટલે જાહેર તથા બાતેનનો ઈલમ હાસેલ થવો. અને જેને એવી રીતનો ઈલમ મળે છે તેને હકીમ કહે છે. તો આ ચોપડીમાં જ્યાં હકીમ શબ્દ કહ્યો છે તેની આજ મતલબ છે.

÷ એટલે વગર સારા કૃત્યે (અમલે) કારણ કે તે કબરનું ભાથુ છે.

\+ એટલે કરીમ [બુઝરૂગ]ને યોગ્ય છે કે તે ગુનોહ નહીં કરે, અને હકીમ (ડહાપણવાળા) ને યોગ્ય છે કે તે દુન્યાને અખત્યાર કરે નહીં. અને જો એને વિરૂધ્ધ કરે તો જાણે તે બુઝરૂગ નહીં અને આ હકીમ નહીં.

× એટલે એ નફો નુકસાન બે હિસાબ છે. ગુ. મો.

૧ એટલે શૈતાનનો ગુનોહ બખશાયો નહીં કારણ કે તે અંહકાર (ગરૂર)ના માર્ગથી થયો અને આદમ [અલે]ની ચૂક બખશાઈ કારણ કે તે ગરૂરથી નહોતી.

* એટલે નાનો ગુનોહ હમેશ કરાકર્યાથી તે મોટો ગુનોહ થાય છે. અથવા નાનો ગુનોહ કરા કર્યાથી મોટો પાપ કરવાની દિલેરી થાય છે.

÷ એટલે જે કોઈ નડર થઇને નાનો ગુનોહ હમેશ કર્યા કરે તે નાનો ગુનોહ મોટો થાય છે. અને જો

કહેતી છે કે આરિફની ઇચ્છા ખોદાની સ્તુતી કરવી છે અને ઝાહિદની ઇચ્છા દોઆ કરવી છે. કારણ કે આરિફની મતલબ તેનો પરવરદિગાર છે અને ઝાહિદની ગરજ તેનો આત્મા (જીવ) છે.

એક હકીમથી રિવાયત છે કે જે કોઇ એમ ધારે કે અલ્લાહથી વધુ પ્યારો તેનો કોઇ દોસ્ત છે તો અલ્લાહની પેહેચાન તેને ઓછી છે. અને જે એમ ધારે કે તેના જીવથી વધુ તેનો કોઇ દુશમન છે તો જીવની ઓળખ તેને ઓછી છે.

ઝહરલ ફસાદો ફિલ બર્રે વલ બહરેની મતલબ હજરત અબુબકર સિદ્દીક [રદી] થી થઈ છે, તેવણ કહે છે કે શબ્દ બર્રની મતલબ ઝબાન છે અને બહરની મતલબ દિલ છે. * તો જ્યારે ઝબાન બગડી તો તે પર જીવો રડે છે, અને જ્યારે દિલ ખરાબ થયું તો તે પર ફિરશતા રડે છે.

કહેતી છે કે શહવત (ખાહેશે નફસાની) બાદશાહોને ગુલામ બનાવે છે, અને સબર [ધીરજ] ગુલામોને બાદશાહ કરે છે. શું તું યુસોફ તથા ઝોલૈખાનો કિસ્સો જોતો નથી. +

કહેતી છે કે જે માણસની બુધ્ધિ હાકેમ હોય અને તેની મન ઇચ્છા [ખાહેશે નફસાની] કેદી હોય તેને માટે ખુશી છે. પણ જેની મન ઇચ્છા હાકેમ હોય અને તેની અકલ કેદી હોય તેને ધિક્કાર છે.

કહેતી છે કે જે ગુનાહોને તજે તેનું દિલ નરમ થાય છે. અને જે હરામને તજે ને હલાલ ખાય તેના વિચાર સ્વચ્છ હોયછે.

અલ્લાહે કોઈ નબી તરફ વહી મોકલી કે જે હું હોકમ કરૂં તેમાં તું મારી તાબેદારી કર. અને જે હું અજ્ઞા કરૂં તેમાં તું મારી નાફરમાની નહીં કર.

કહેતી છે કે અલ્લાહ તઆલાની રજા [ખુશી]ને તાબે થવું તથા તેના ગુસ્સાથી બચતા રહેવું એ બુધ્ધિની સમ્પૂર્ણતા છે.

કહેતી છે કે ફાઝેલ [મહાવિદ્વાન]ને મુસાફરી (વિદેશ) નથી અને જાહેલને વતન નથી*

કહેતી છે કે જે કોઇ અલ્લાહની ઇબાદત કરીને નઝદીક થયો છે તે લોકોમાં એકલો દોકલો [મુસાફર સરખો] છે.

કહેતી છે કે જેવી રીતે દેહની હિલચાલ તે જીન્ગીની નિશાની છે, તેવી રીતે બંદગીની હીલચાલ તે મારેફતની નિશાની છે ÷

મોટા ગુનાહની સાથે તોબા ઇસ્તિગફાર કરે તો તે કબીરો (મોટો ગુનાહ) રહેશે નહીં પણ તે માફ થશે. તોબાના અર્થ આ છે કીધેલા ગુનાહ ઊપર પશ્ચા-તાપ કરવો અને હાલમાં ખોદા તરફ વલણ કરી આજેઝી કરવી અને આઈન્દા માટે નહીં કરવાનો મજબુત વિચાર બાંધવો ગુ. મો.

* એટલે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે જંગલ અને દરીયામાં આદમીઓના બુરા અમલોને લીધે ફસાદ પ્રગટ થયો છે. એની તફસીરમાં હજરત અબુ બકર સિદ્દીકે ફરમાવ્યું કે બર્ર [જંગલ]ની મતલબ જીભ છે કારણ કે જીભ પર હજારો વાતો આવી જાય છે. અને બહર (દરયા) ની મતલબ દિલ છે. કારણ કે દિલ પણ દરયાની જેમ મોજા મારે છે, તો આ બેનો ફસાદ ઘણો મોટો છે કેમકે શિર્ક તથા કુફર એઓથી થાય છે.

+ એટલે હજરત યુસોફ [અલે] ઝોલૈખાના ગોલામ હતા. તેવણે સબર કર્યો તો બાદશાહ થયા, અને ઝોલૈખા શહવતને લીધે આખરે તેમની તાબે થઇ.

* એટલે આલિમ જયાં જાય છે ત્યાં ઈલમને લીધે લોક તેનાથી મોહબ્બત કરે છે. ફરી તે જગ્યા વતનના જેવી થાય છે. એથી ઉલટો જાહેલ છે કે તેને વતનમાં પણ કોઈ પુછતું નથી જાણે તે વિદેશી છે.

÷ જે અલ્લાહની બંદગી પર કાયેમ છે તે આરિફ બિલ્લાહ છે જેમકે બદન જેનું હલે તે જીવતો છે ગુ. મો.

નબી સાહેબે [સલ] ફરમાવ્યું છે, સર્વ ગોનાહોનું મુળ દુન્યાની મોહબ્બત છે, અને સઘળા ફિતનાઓનું મુળ ઝકાત તથા દશાંસ (ઓશર)નહીં આપવાં છે.

કહેતી છે કે તકસીરનો ઇકરાર કરનાર હમેશ સ્તુતી પાત્ર છે, અને તકસીરનો ઇકરાર કરવો કબુલીયતની નિશાની છે.

કહેતી છે કે નેઅમતથી અઉપકાર થવું બુરૂં છે અને અહમકની સંગત શામત છે.

કોઈ કવીએ કહ્યું છે કવીતા

યા મન બે દુન્યા હુશ તગલ
કદ ગર્રહુ તુલુલ અમલ
અવ લમ યઝલ ફી ગફલતીન
હત્તા દના મિન્હુલ અજલ
અલમૌતો યાતી બગતતં
વલ કબરો સન્દૂકુલ અમલ
ઈસબીર અલા અહવાલેહા
લામૌત ઈલ્લા બિલ અજલ ÷

ત્રણ ત્રણ ચીજોનો અધ્યાય.

હઝરત નબી [સલ]થી રિવાયત છે કે તેવણે ફરમાવ્યું કે જે કોઈએ મુફલેસી (ગરીબાઇ)ની શિકાયત કરતાં સવાર કરી તે જાણે પોતાના પરવરદિગારની શિકાયત કરે છે. અને જેણે દુન્યાની બાબતો માટે ગમગીન થઈને સવાર કરી તો તેણે અલ્લાહ પર ગુસ્સો કરતાં સવાર કરી. અને જે કોઇએ તવંગરની આગળ તેની [illegible]ારીને લીધે નમ્રતા જાહેર કરી તો તેની [illegible] તરતીયાંશ દીન જતું રહ્યું +

હજરત અબુબકર સિદ્દીક (રદી)થી રિવાયત છે કે ત્રણ વસ્તુ ત્રણ વસ્તુથી મળી શકતી નથી (૧) તવંગરી આશા કર્યાથી. (૨) જવાની ખીજાબ કર્યાથી. અને (૩) તંદરૂસ્તી દવાઓથી. *

હજરત ઓમર (રદી)થી રિવાયત છે કે લોકોથી ઘેહરી મોહબ્બત રાખવી અડધી અકલ છે, અને સારી રીતે પૂછ કરવી અડધો ઈલમ છે, અને સારી તદબીરથી ચાલવું અડધું ગુજરાન છે. ×

હજરત ઉસમાન (રદી)થી રિવાયત છે કે જે કોઈએ દુન્યા તજી તેને અલ્લા

÷ અર્થ કવીતામાં:—

અૈ કે દુન્યા મેં હોવા હે મુસ્તગલ
ગર્રં તુજકો રખતાહે તુલે અમલ
ખોયા ગફલત મેં હમેશા ઉમરકો
અબતો નઝદીક આન પોહોંચીહય અજલ
મોત આવેગી અચાનક તેરે તઇં
કબર હોગી તેરા સન્દુકે અમલ
કબર કે હોલોં પર અબ તુ સબર કર
હે નહીં મરતા મગર વકતે અજલ.

+ અટલે રોઝીનો તંગીનો શિકવો કરવો જાણે પરવરદિગારની શિકાયત કરવી છે. કારણ કે રોઝીનું તંગ થવું કે ઓહલી થવું એ પરવરદિગારના તરફથી છે અને દુન્યાવી બાબતમાં ગમગીન થવું તે અલ્લાહપર ગુસ્સે થવા સરખું છે. કારણ કે દરેક કામનું બગાડવું કે સુધારવું અલ્લાહની કુદરતના કબજામાં છે અને તવંગરની તવાજો તેની દોલતને લીધે કર્યાથી દીનના બે તરતીયાંશની નુકસાની છે કારણ કે દીનના ત્રણ ભાગ છે [૧] એતેકાદ [૨] ઇકરાર અને [૩] અમલ. તો જેણે દોલતમંદની તારીફ જીભથી કરી અને અવ્યવો (આજા)થી નમ્રતા [તવાજો] કરી તવંગરીને લીધે તો બે ભાગ જતા રહ્યા. માત્ર એતેકાદજ રહી ગયો. પણ જો કોઈ તવંગરની તવાજો તેની દીનદારી નેકબખતીને લીધે હોય તો કશો દોષ નથી.

* એટલે દોલત, તંદરૂસ્તી, અને જવાની જેટલી તકદીરમાં લખાઈ છે તેટલી મળે છે. જે કોઈ આ સબબોને આધારે ઢુંઢે તે નાદાન છે.

× એટલે જે કોઈ લોકો સાથે સારી મોહબ્બત રાખે અગરજે તેના બીજા કામ અકલના નહોય પણ આ કામ તેની અડધી અકલનો પુરાવો છે. અને જો બીજા કામો પણ અકલના કરે તો તે પુરો અકલવાળો છે. એવીજ રીતે સારી તદબીરે ચાલવું અડધું ગુજરાન થાય છે.

હે મહબૂબ બનાવ્યો. અને જેણે ગુનાહોને તજ્યા તેને ફિરશતાઓએ પ્યારો બનાવ્યો અને જેણે મુસલમાનોથી લાલચ નહીં કરી તેને મુસલમાનોએ દોસ્ત બનાવ્યો.

હજરત અલી (રદી)થી રિવાયત છે કે ખચીત દુન્યાની નેઅમતોમાં ઈસ્લામ તને નેઅમત થવામાં બસ છે, અને કામમાં લાગવા માટે બંદગીનો શુગલ તને બસ છે, અને ધડો લેવાની વસ્તુમાંથી મોતનો ધડો તને બસ છે.

અબ્દુલ્લાહ બીન મસઊદ (રદી)થી રિવાયત છે કે કેટલાક લોકો તેઓ પાસે માલ હોવાને લીધે ગુનાહોમાં વધ્યા છે. અને કેટલાકોની તારીફ થવાથી તેઓ ફિતનામાં પડયા છે. અને કેટલાકોની એબ છુપવાને લીધે તેઓ ધોકામાં પડયા છે. =

હજરત દાઊદ (અલે)થી રિવાયત છે કે તેવણે કહ્યું, ઝબુરમાં વહી થઇ છે કે બુધ્ધિમાનને લાઝેમ છે કે તે ત્રણ કામમાં લાગેલો રહે (૧) આખેરત માટે ભાથુ તૈયાર કરવામાં (૨) ગુજારા માટે મેહનત કરવામાં અને (૩) હલાલની લેહજત ઢુંઢવામાં.

અબુહોરેરા (રદી)થી રિવાયત છે કે હઝરતે (સલ) ફરમાવ્યું કે ત્રણ વસ્તુ મુક્તિ આપનાર છે, અને ત્રણ વસ્તુ નાશ કરનાર છે, અને ત્રણ વસ્તુ દરજા છે. અને ત્રણ વસ્તુ ગુનાહોના કફારા છે. હવે મુક્તિ આપનાર વસ્તુ તે (૧) પોશીદા અને જાહેરમાં ખોદાનો ખોફ રાખવો છે. (૨) ફકીરી તથા તવંગરીમાં દરમીયાની ચાલ ચાલવી છે. અને (૩) ખોરી તથા ગુસ્સામાં બરાબર રહેવું (અથવા અદલ કરવું) છે. અને નાશકારક વસ્તુ તે (૧) હદથી વધુ બખીલાઇ છે (૨) ખાહેશે નફસાનીની તાબેદારી કરવી છે. અને (૩) માણસનું ખુદ પ્રસંદ થવું છે (એટલે હું પણ કંઇ છું)અને દરજા તે (૧) સલામ ઘણી કરવી* (૨) ખાણું ખવરાવવું અને (૩) લોક સુતા હોય ત્યારે રાતમાં નમાઝ પઢવી છે. અને કફારો થાય તે (૧) ઠંડીમાં પુરી રીતે વોજુ કરવું (૨) જમાઅતની નમાઝ માટે ચાલવું અને (૩) નમાઝ પછી બીજી નમાઝની ઇનતેજારી કરવી છે.

હજરત જીબરઇલે (અલે) કહ્યું એ મોહમ્મદ (સલ) જેટલું તું ચાહે જીવ પણ જરૂર એક દિવસ તું મરનાર છે. અને ચાહે તેની પ્રીતિ કર પણ ખચીત તું તેનાથી જુદો થનાર છે. અને જે ચાહે તે કર પણ બેશક તેનો બદલો જરૂર છે.

હજરત નબી સાહેબે (સલ) ફરમાવ્યું, જે દિવસમાં અલ્લાહના અરશના છાયા વગર કોઈ છાયા હશે નહીં તેમાં તે ત્રણ શખસોને પોતાના અરશના છાયામાં રાખશે [૧]તકલીફોમાં વોજુ કરનાર+ [૨]અંધારામાં મસજીદ તરફ જનાર અને (૩) ભુખ્યને ખવરાવનાર

ઈબરાહીમ (અલે)ને પૂછ થઈ કે શી કારણથી અલ્લાહે તમને ખલીલ [દોસ્ત] બનાવ્યા ? તેવણે કહ્યું કે ત્રણ ચીજને લીધે.

= એટલે નેઅમતો ઘણી મળવાને લીધે ગુનાહમાં વધુ ફસે છે અને જાણે છે કે જો અમો બુરૂં કરનાર હોત તો અમને આ નેઅમતો કેમ મળતે. એવીજ તરે ખુશામદ ચાહનારની તારીફ થવાથી તેઓ ફિતનમાં પડે છે અને તેઓ જાણે છે કે અમો સારા છીએ. એવીજ રીતે એબ છુપવાથી તેઓ સમજે છે કે અમો એબ કરતા નથી.

* સલામ ઘણી કરવી તે આ છે કે દરેક મુસલમાન દરેક મુસલમાનને સલામ કરે ફરી તેનાથી જાણ પહેચાન હોય કે નહોય.

+ એટલે ઠંડીમાં તથા પાણીની તંગીમાં વોજુ કરનાર ગુ. મો.

[૧] બીજાના હુકમ ઉપર મેં અલ્લાહના હુકમને પ્રસંદ કર્યો [૨] જે કામનો અલ્લાહ જામીન છે તેમાં મેં ફિકર કરી નહીં અને [૩] મેમાન વગર મેં સવાર સાંઝનું ખાણું ખાધું નહીં.

કોઇ હકીમથી રિવાયત છે કે ત્રણ વસ્તુ ગમને દુર કરે છે (૧) અલ્લાહ તઆલાની યાદ (૨) તેના વલીયોની મુલાકાત તથા (૩) હકીમોની વાતો.

હસન બસરી (રહી)થી રિવાયત છે કે જેને અદબ નથી તેને ઇલમ નથી. અને જેને સબર નથી તેને દીન નથી. અને જેને પરહેજગારી નથી તેને ખોદાની નઝદીકી નથી.

રિવાયત છે કે બની ઈસ્રાઈલનો એક પુરૂષ ઈલમની ઢુંઢ માટે નીકળ્યો, એ વાતની ખબર તેઓના નબીને પુગી. તેવણે તેની પાસે એક માણસ મોકલ્યો. તેણે આવીને તેને કહ્યું ઓ જુવાન હું તને ત્રણ વાતોની આજ્ઞા કરૂં છું જેમાં ઇલમુલ અવ્વલીન વલ આખરીન (આગળા પાછલાઓનો ઈલમ) છે +(૧) છુપાં તથા જાહેરમાં તું ખોદાથી ડર. (૨) તારી જીભને લોકોથી રોક, ભલાઇ વગર તેઓને યાદ ન નહીં કર. અને (૩) જે રોટલી તું ખાય છે તેને તું જો, કે તે હલાલથી હોય. ફરી તે જુવાન સફર કરતો અટકયો.

રિવાયત છે કે બની ઇસ્રાઈલના એક પુરૂષે એંસી પેટી ઇલમની (કિતાબોની) ભેગી કરી પણ તે ઈલમથી તેણે લાભ લીધો નહીં, ત્યારે તેઓના નબી તરફ અલ્લાહે વહી મોકલી કે આ સંગ્રહ કરનારને તું કહેકે જો તું કેટલો પણ ઇલમ ભેગો કરશે તો ત્રણ ચીજ ઊપર અમલ કર્યા સિવાય તે તને લાભ કારક થશે નહીં. [૧] તું દુન્યાપર મોહબ્બત નહીં કર, કારણ કે એ મુમેનોનું ઘર નથી [૨] શૈતાનની સંગત નહીં કર કેમકે તે મુમેનોનો રફીક નથી અને (૩) કોઇને ઇજા નહીં કર કારણ કે એ મુમેનોની ચાલ નથી.

અબુ સોલેમાન દારાની (રહ)થી રિવાયત છે કે તેવણે દોઆમાં કહ્યું ઓ મારા અલ્લાહ! જો તું મારા ગુનાહ ઢુંઢશે તો હું જરૂર તારી બખશીશ ઢુંઢીશ. અને જો તું મારી બખીલીને ઢુંઢશે તો ખચીત હું તારી સખાવતને ઢુંઢીશ. અને જો તું મને દોઝખમાં નાખશે તો હું દોઝખ વાળાઓને ખબર કરીશ કે હું તારી મોહબ્બત રાખું છું *

કહેતી છે કે ઘણો નેક બખત તે શખ્સ છે કે જેનું દિલ આલિમ હોય અને બદન સબર કરનાર હોય અને હાથમાં જે હોય તે પર સંતોષ કરનાર હોય.

ઇબરાહીમ નખઈ [રહ]થી રિવાયત છે, તમારેથી પેહેલાં જેઓ હલાક થયાં તેઓ ત્રણ વસ્તુને લીધે હલાક થયાં [૧] વધુ વાતોથી [૨] વધુ ખાણાથી તથા [૩] વધુ ઊંઘવાથી.

યહયા બીન મોઆજ રાઝી [રહ]થી રિવાયત છે કે જે શખ્સને દુન્યા છોડે તે પેહેલાં તે તેને છોડે તેને માટે, તથા કબરમાં જવા પહેલાં કબર બનાવે તેને માટે,

+ એટલે એમાં ઇલમનો સાર તથા જરૂરી વાતનો સમાવેશ સામટી રીતે થયો છે. એની એ મતલબ નથી કે દરેક વસ્તુનો ઈલમ એથી આવી જાય છે. ગુ. મો.

* એટલે હું દોઝખીઓને જાહેર કરીશ કે હું અલ્લાહનો દોસ્ત છું. જેથી દોઝખીઓ દોસ્તનો આ હાલ જોઈને તસલ્લી [સંતોષ] પકડશે અને તેઓનો ગમ્મ દૂર થશે. સારા લોકો હમેશા લોકોના લાભનો ખ્યાલ રાખે છે. ગુ. મો.

તથા ખોદાથી મોલાકાત કરવા પેહેલાં તેને ખુશ રાખે તેને માટે ખુશ ખબરી છે.

હઝરત અલી [રદી]થી રિવાયત છે કે જે શખ્સની પાસે અલ્લાહનો તથા તેના રસૂલનો તથા તેના વલીયોનો તરીકો નથી તો તેના હાથમાં કંઇ વસ્તુ નથી. પુછાયું કે અલ્લાહનો તરીકો કયો છે? કહ્યું કે ભેદ છુપાવવો. ફરી પૂછાયું કે રસૂલનો તરીકો કયો છે ? કહ્યું કે લોકોની ખાતરદારી કરવી. + ફરી પૂછાયું કે તેના વલીયોનો તરીકો કયો છે? ફરમાવ્યું કે લોકોની તકલીફો ઉઠાવવી.

અમારાથી આગલા ત્રણ વાતોની વસીયત કરતા તથા તેને લખી આપતા હતા (૧)જે કોઈ આખેરતનું કામ કરશે તો અલ્લાહ તેના દીન દુન્યાના કામમાં બસ થશે. [૨] અને જે કોઈ પોતાના ભીતરને સુધારશે તો અલ્લાહ તેના જાહેરને સુધારશે. (૩) અને જે અલ્લાહની સાથે ઠીક મામલો રાખશે તો અલ્લાહ તેના વચ્ચે તથા લોકોની વચ્ચે દુરૂસ્ત મામલો રાખશે.

હજરત અલી (રદી)થી રિવાયત છે કે તું અલ્લાહની નઝદીક સર્વ લોકોથી સારો થા. અને પોતાની નઝદીક સઘળા લોકોથી બુરો થા. અને લોકોની આગળ તેઓના જેવો એક થા.

કહેવામાં આવ્યું છે કે અલ્લાહ તઆલાએ ઓઝેર નબી (અલે) તરફ વહી મોકલીને કહ્યું, ઓ ઓઝેર જ્યારે તું નાનો ગુનોહ કરે તો તું તેના નાના થવાને નહીં જો, પણ જેનો ગુનોહ કર્યો તેની તરફ જો. અને જયારે તને થોડી વસ્તુ મળે તો તેના થોડા પણાને નહીં જો, પણ જેણે તને આપ્યું તેની તરફ જો. અને જ્યાર તને કોઇ બલા પોહોંચે તો જેવી રીતે મારા ફિરશ્તા તારી બુરાઈ મારી તરફ લાવે છે અને હૂં તેઓ આગળ તારી શિકાયત કરતો નથી તેમ તું મારી શિકાયત મારી મખલૂક આગળ નહીં કર.

હાતેમ અસમ [રહ]થી રિવાયત છે કે દર સવારે શૈતાન મને કહે છે તું શું ખાશે શું પેહેરશે અને કયાં રહેશે? તો હું કહું છું મોતને ખાઇશ કફન પેહેરીશ અને કબરમાં રહીશ.

હઝરત નબી [સલ]થી રિવાયત છે કે જે કોઇ નાફરમાની (ગુનોહ કરવા)ની જીલ્લતથી. નીકળી બંદગીની ઈઝ્ઝત તરફ જશે તો અલ્લાહ તેને વગર માલે ગની કરશે, અને વગર લશ્કરે તેની મદદ કરશે, અને વગર કુટુમ્બે [કબીલે] તેને ઇઝ્ઝત આપશે. ×

રિવાયત છે કે હજરત (સલ) એક દિવસે સહાબા પાસે પધાર્યા ને કહ્યું કે તમે કેવી રીતે સવાર કરી ? સહાબાએ કહ્યું અલ્લાહપર ઈમાન લાવવાની હાલતમાં અમે સવાર કરી છે. હજરતે (સલ) ફર-

+ ખાતરદારી તથા મોવાફેકતની મતલબ આ છે કે સારા ખુલોક (સ્વભાવ]થી લોકોની સાથે મલે અને બુરો સ્વભાવ કરે નહીં એની આ મતલબ નથી કે બદ-મજહબોથી તથા બેહરૂપી જેવાથી તેઓની બદીમાં મલતો રહે એવું કરવુ હરામ છે, તેઓની બદીથી બુરા ચલણથી તથા રિવાજથી દૂર રહેવું જોઈએ બદીમાં મલવાથી બેહરૂપી જેવા સાથે મલવાથી દીનમાં ઘણી નુકસાની આવે છે. ગુ. મો.

× એટલે જો તેની કોમ કે કબીલો નહોય અથવા હોય પણ તેને પુછતી નહોય તોએ અલ્લાહ તેને ઈઝ્ઝત આપશે પણ ગુનેહગારને તેનો કુટુંમ્બ કબીલો હોવા છતાં ઈઝ્ઝત થશે નહીં પણ લોકોની નજરમાં હલકો પડતો જશે. ગુ. મો.

માગ્યું કે તમારા ઈમાનની શી નિશાની છે? સહાબાએ કહ્યું, અમો બલાઓપર સબર કરીએ છીએ. અને સુખી હાલતમાં શુકર કરીએ છીએ. અને તકદીર ઉપર રાજી રહીએ છીએ. ત્યારે હજરતે (સલ) ફરમાવ્યું. તમો મુમિન છો કાબાના પરવરદિગારની કસમ.

અલ્લાહે કોઇ પેગમ્બરતરફ વહી મોકલી કે જે કોઈ મારાથી મોહુબ્બત રાખવાની હાલતમાં મારી મોલાકાત કરશે તો હું તેને જંતનમાં લઇ જઇશ. અને જે કોઇ મારાથી ડરવાની હાલતમાં મુલાકાત કરશે તો હું તેને મારી અગ્નિ (દોઝખ] થી દૂર રાખીશ. અને જે કોઇ મારાથી શરમિન્દગીની હાલતમાં મારી મુલાકાત કરશે તો હું તેના ગુનાહ સંભાળ કરનાર ફિરશતા (હફ્જા)થી ભુલવીશ.

અબદુલ્લાહ બીન મસઊદ (રદી)થી રિવાયત છે કે અલ્લાહે જે તારા પર ફરજ કર્યું તેને તું અદા કર, તો તું સર્વ લોકોથી આબેદ થશે. અને અલ્લાહની હરામ કરેલી વસ્તુથી તું બચતો રહે તો સર્વ લોકોથી તું ઘણો ઝાહેદ થશે. અને અલ્લાહે જે તારી કિસમતમાં લખ્યું છે તે પર તું રાજી થા તો સર્વ લોકોથી તું ઘણો ગની થશે. *

સાલેહ મરકદી (રદી)થી રિવાયત છે કે કોઈ ઘર પર તેમનું જવું થયું તો તેવણે કહ્યું એ ઘર તારા પ્રથમ વાળા ક્યાં છે? અને તારા ગુજરેલા બનાવનાર ક્યાં છે? અને આગલા રહેનાર ક્યાં છે? ત્યારે ગેબથી પુકારનારે અવાજ કર્યો કે તેઓની નિશાન મટીગઈ અને તેઓના દેહ માટી નીચે ગળીગયાં અને તેઓના અમલોનો પટો તેઓની ગરદન ઉપર રહી ગયો. +

હઝરત અલી (રદી)થી રિવાયત છે કે તું ચાહે તે પર એહસાન કર તું તેનો હાકેમ છે. અને ચાહે તેનાથી માંગ તું તેનો કેદી છે. અને ચાહે તેનાથી બેપરવા થા તું તેના સરખો છે.

યહયા બીન મોઆજ (રહ)થી રિવાયત છે કે તદન દુન્યાને છોડવી એ તેને પૂરેપૂરી લેવી છે. તો જેણે તદન દુન્યા તજી તેણે પૂરેપૂરી દુન્યા લીધી અને જેણે પૂરેપૂરી દુન્યા લીધી તેણે તદન છોડી. તો તેનું લેવું તેના છોડવામાં છે અને તેનું છોડવું તે તેનું લેવું છે. ÷

ઇબરાહીમ અદહમ (રહ)થી રિવાયત છે કે તેમને કોઇએ કહ્યું કે તમને ઝોહદ કેવી રીતે મળ્યો? તેવણે કહ્યું કે ત્રણ ચી-

* ગનીના અર્થ એ પરવાના છે. તો જયારે કોઈ પોતાની રોજી ઉપર સંતોષ પકડશે તો તે ગની છે અને એક લખપતી જયારે રાતદિવસ પૈસો મેળાવવાનીજ ફીકરમાં રહે તો તે ગની નથી પણ ઘણો મોહતાજ છે. ગુ. મો:

+ એટલે જેવાં અમલ કર્યા હતાં તેવો બદલો મેળવી રહ્યા છે. તેઓના અમલ ગળાનો હાર થયાં જેથી છુટકબારો નથી.

÷ એટલે દુન્યાને તદન છોડવી તો અસંભવિત છે કારણ કે ગુજરાનના સાધનો દુન્યાથી મળે છે. તો જે કોઇ બીલકુલ દુનીયાને છોડવા ચાહશે તે ગુજરાનના સાધનો માટે દુન્યા સ્વીકારશે. અને આ તો જાહેર છે કે તમામ દુન્યાનું મેળાવવું કોઈ શખ્શથી બનવા યોગ્ય નથી. તો સિધ્ધ થયું કે જેણે તમામ દુન્યાને છોડી તેણે સઘળી દુનીયાને સ્વીકારી અને જેણે કુલ દુનીયાને લીધી તેણે કુલ દુનીયાને છોડી. અથવા દુનીયા ગુજરાનનું સાધન છે એથી ગુજારો કરવાથી આરામ મળે છે તો જેણે દુનીયાને છોડી અને ગુજારો જોગી લીધી જે નહીં લેવા સરખી છે તેણે તમામ દુનીયાને લીધી કેમકે આરામમાં રહ્યો. પણ જેણે આખી દુન્યાને લીધી અને આખી દુન્યા લેવી તો અસંભવિત છે તો તે હેરાન થશે અને આરામ નહીં મળશે એટલે સઘળી દુનીયા છોડી. ગુ. મો.

જથી (૧)મેં કબરને જોઈકે તે બીહામણી છે અને ત્યાં મારી સાથે કોઈ સાથી નથી. (૨)મેં માર્ગને જોયો કે તે લાંબો છે અને મારી સાથે ભાથુ નથી. અને (૩)મેં અલ્લાહ જબ્બારને ચુકાદો કરનાર જોયો અને મારી પાસે પૂરાવો નથી.

શિબલી (રહ)કે જેવણ મોટા આરેફો માંથી છે તેવણથી રિવાયત છે કે તેવણે કહ્યું, ઓ મારા અલ્લાહ હું ચાહું છું કે મારી તમામ નેકીયો હું ગરજવાન તથા નિર્બળ હોવા છતાં તને બખશું, તો ઓ મારા મૌલા તું શામાટે મારા તમામ ગુનાહોને તું ગની તથા બેપરવા હોવા છતાં મને નહીં બખશે? અને તેવણે ફરમાવ્યું કે જ્યારે તને અલ્લાહની ઉનસતનો શોખ હોય તો તારા નફસથી તું નફરત કર. અને તેવણે ફરમાવ્યું, જો તું મીલાપ (વિસાલ)ના મીઠાસને ચાખશે તોજ તું જુદાઈના કડવાસને ઓળખશે. +

સુફયાન સૌરી (રહ)થી રિવાયત છે કે તેમને અલ્લાહની ઉનસત વિષેનો સવાલ થયો કે તે શું છે? તેવણે ઉત્તર આપ્યો કે તું ખુબ સૂરત ઉપર, સારા અવાજ ઉપર, તથા મીઠી વાત ઉપર લોભાય નહીં.

ઇબને અબ્બાસ (રદી)થી રિવાયત છે કે તેવણે કહ્યું, ઝોહદના ત્રણ અક્ષર છે ઝ,હ, અને દ. તો ઝ એ આખેરતનું ઝાદ (ભાથુ) છે. અને હ દીનને માંટે હાદી (માર્ગ બતાવનાર) છે અને દ એ ઇબાદત ઉપર દવામ (હમેશગી) કરવી છે. અને તેવણે બીજી વાર ફરમાવ્યું. ઝોહદ ત્રણ અક્ષર છે ઝ ઝીનતને તજવી છે. હ હવા (ખાહિશ)ને છોડવી છે. અને દ દુન્યાને તજવી છે.

હામિદ લફફાફ (રહ)થી રિવાયત છે કે તેવણે કહ્યું કે તેવણની પાસે * એક પુરૂષે આવીને કહ્યું કે મને કંઈ આજ્ઞા કરો. તેવણે કહ્યું કે કુરઆન ઉપર ગિલાફ થાય છે તેવો ગિલાફ તારા દીન માટે બનાવ. + તેમને કહેવાયું કે દીનનો ગિલાફ કયો છે? તેવણે કહ્યું કે જરૂરત વગરની વાત તજવી છે તથા જરૂરત વગરની દુન્યા તજવી છે તથા જરૂરત વગરનો લોકોનો મિલાપ તજવો છે.

ફરી તું જાણકે ઝોહદનું મુળ નાની મોટી હરામ ચીજોને તજવું, તથા સેહલું મુશકેલ તમામ કરજોને અદા કરવું, તથા દુન્યા વાળાઓ માટે થોડી ઘણી દુન્યાને (તમામ દુન્યાને) છોડવી છે.

લુકમાન હકીમ (અલે)થી રિવાયત છે કે તેવણે પોતાના દીકરાને ફરમાવ્યું, ઓ દીકરા! ખચીત લોકો ત્રણ તરતીઅંશ છે ÷ (૧) તરતીઅંશ અલ્લાહ માટે છે (૨) તરતીઅંશ પોતા માટે છે અને (૩) તરતીઅંશ કીડાઓ માટે છે. તો જે અલ્લાહ માટે છે તે તેનો આત્મા છે અને જે તેને

+ એટલે જેણે મીલાપ (વિલાસ)ની લેહેજત જોઇ નથી તેને જુદાઈનું દુઃખ કંઈ જણાતું નથી. અને જેણે વિસાલની મઝા મળી તે જુદાઇનો કડવાસ સારી રીતે ઓળખે છે **શેઅર.**

જીસને ઉસે એકબાર પાયા.
તાઝિસ્ત નફિર કરાર પાયા.

* એટલે મારી પાસે

+ અટલે જેવી રીતે કુરઆન શરીફને જુઝદાનમાં સંભાળ માટે રાખે છે તેવી રીતે દીનની પણ સંભાળ જરૂર કરવી જોઈએ.

÷ એટલે આદમીના ત્રણ ભાગ રૂહ [આત્મા] છે, તો તે અમરે રબ્બિ છે તેની હકીકત અલ્લાહજ જાણે છે [બીજો કોઈ જાણતો નથી] બીજો ભાગ અમલ છે તે પોતાના જીવ માટે છે અને ત્રીજો ભાગ દેહ છે તો તે કબરમાં કીડાઓનો ખોરાક છે.

માટે છે તે તેની કરની છે અને જે કીડાઓ માટે છે તે તેનું દેહ છે.

હજરત અલી (રદી)થી રિવાયત છે કે તેવણે કહ્યું, ત્રણ ચીજો યાદદાશત શક્તિ વધારે છે અને બલગમ દૂર કરે છે (૧) દાતણ કરવું (૨) રોઝો રાખવો તથા (૩) કુરઆન પઢવું.

કાબુલ અહબાર [રદી]થી રિવાયત છે કે મુમિનો માટે શૈતાનથી ત્રણ કિલ્લા છે [૧] મસજીદ કિલ્લો છે (૨) અલ્લાહની યાદ કિલ્લો છે અને (૩) કુરઆન પઢવું કિલ્લો છે-

એક હકીમથી રિવાયત છે કે તેણે કહ્યું, ત્રણ ચીજ અલ્લાહના ખજાનાની છે. જેને અલ્લાહ દોસ્ત રાખે છે તેના સિવાય બીજા કોઇને તે ચીજ આપતો નથી (૧) ફકીરી (૨) બીમારી અને [૩] સબર. +

ઇબને અબ્બાસ (રદી)થી રિવાયત છે છે કે જ્યારે તેમને પૂછ થઈ કે સારો દાહડો, સારો મહિનો તથા સારાં કામ કયાં છે ? તો તેવણે કહ્યું, દિવસોમાં બેહતર જુમઆનો દિવસ છે. અને મહિનામાં બેહતર રમજાનનો મહિનો છે. અને અમલોમાં બેહતર વખત ઉપર પાંચે નમાઝો પઢવી છે. ફરી એ વાતને ત્રણ દિવસ ગુજર્યાને અલી [રદી]ને ખબર થઇ કે ઇબને અબ્બાસ (રદી)ને આ વાત પૃછાયો અને તેવણે આવી રીતનો જવાબ આપ્યો. ત્યારે અલી (રદી)એ ફરમાવ્યું કે પૂર્વ તથા પશ્ચિમના આલમા હોકમા તથા ફોકહાઓને જો આ સવાલ થાય તો ઇબને અબ્બાસના જવાબ જેવો જવાબ તેઓ આપી શકે નહીં. પણ હું કહું છું કે અમલોમાં સારૂં તે છે કે જેને અલ્લાહ તઆલા તારાથી કબૂલ કરે. અને સારો મહિનો તે છે કે જેમાં તું અલ્લાહ આગળ નિર્મળ (ચોખ્ખી) તોબા કરે. અને બેહતર દિવસ તે છે કે જેમાં દુન્યાથી અલ્લાહ તઆલા તરફ તું ઈમાનની હાલતમાં જાય.

એક શાએરે કહયું છે શેઅરો.

અમા તરા કૈફ યુબલીનલ જદીદાની
વ નહુનો નલઅબો ફી સિર્રિવ વ એઅલાની
લા તરકબ'ન ઇલદ દુન્યા વ નેઅમતેહા
ફ ઇન્ન અવતાનહા લૈસત બે અવતાની
વઅમલ લે નફ્સેક મિન કબલિલ મમાતે ફલા
તગરેરક ફસરતો અસહાબિવ વ ઇખવાની+

કહેવાયું છે કે જ્યારે અલ્લાહ કોઇ બંદા સાથે ભલાઇનો ઈરાદો કરે છે તો તેને દીનમાં સમજ આપે છે, દુન્યાથી બેઝાર કરે છે, અને તેને પોતાની એબનો દેખનાર બનાવે છે.

રસૂલુલ્લાહ (સલ)થી રિવાયત થઈ છે કે તેવણે ફરમાવ્યું, તમારી દુન્યામાંથી મને ત્રણ વસ્તુ ઘણી પસંદ છે (૧) ખુશબો (૨) સ્ત્રી* અને [૩] મારી આંખની ઠંડક નુ-

---

+ એટલે ફકીરી, બીમારી. અને સબર કરવો. એ વસ્તુઓ પર અલ્લાહના ખઝાનાની દોલતો છે. કારણ કે અલ્લાહ તઆલા ફકીરીને લીધે દુન્યાની આફતોથી બચાવે છે. અને બીમારીને લીધે ગુનાહ બખશે છે. અને સબરને લીધે દરજ્જ બોલંદ કરે છે. તો આ વસ્તુઓ અલ્લાહ પોતાના દોસ્તોને આપે છે.

+ એના અર્થ કવીતામાં.

તુ દેખે કિસ તરહ ગુજરેહે દિન રાત.
હમેં બસ ખેલતે સબ પર અયાં હે.।
તુ રગબત નેઅમતોં દુનિયાકી મત કર.
યહ દુનિયા બે વફા કિસકા મકાં હે.
અમલ અપને લીએ કર ઝિન્દગીમેં.
ન ખા ધોકા કે મેરા સબ જહાં હે.

* હજરતે [સલ] ઓરતને એટલા માટે પસંદ કરી કે દુનિયામાં વંશ રહેવું તથા ઘરનું તમામ આરામ ઓરતથી છે. વળી ઓરતોને લાગતા શરીઅતના મસઅલાને મરદોથી શીખવામાં શરમ આવેછે તે ઓરતોની મારફતે ઓરતોને શીખવાય. વળી ઓરત હોવાથી દિલ શાંત રહે છે તથા અલ્લાહનું ફજલ અને બરકત વધે છે. ગુ. મો.

માઝમાં કરી છે. અને તેમની સાથે સહાબા બેઠા હતા તો અબુ બકર સિદ્દીકે [રદી] કહ્યું, ઓ રસૂલુલ્લાહ આપે સાચું ફરમાવ્યું. અને મને પણ દુન્યાથી ત્રણ ચીજ પસંદ છે. રસૂલુલ્લાહ (સલ)ના (૧) ચેહરા તરફ નજર કરવી (૨) રસૂલુલ્લાહ પર મારો માલ ખરચી નાખવો, અને (૩) મારી છોકરી રસૂલુલ્લાહની ખિજમતમાં રહે,=ફરી ઓમરે (રદી) કહ્યું, ઓ અબુબકર! તેં સાચું કહ્યું. અને મને પણ દુન્યાથી ત્રણ ચીજો પસંદ છે (૧) ભલા કામની આજ્ઞા કરવી (૨) ખરાબ કામની મનાઇ કરવી અને (૩) પુરાનું કપડું. ફરી ઉસમાને (રદી) કહ્યું, ઓ ઓમર તેં સાચું કહ્યું. અને મને પણ દુન્યાની ત્રણ ચીજ ઘણી પસંદ છે (૧) ભૂખ્યાઓને ખવરાવવું (૨) નાગાઓને પેહેરાવવું અને (૩) કુરઆનની તિલાવત કરવી. ફરી અલીએ (રદી) કહ્યું, ઓ ઉસમાન તેં સાચું કહ્યું. અને મને પણ દુન્યાની ત્રણ ચીજ ઘણી પસંદ છે, (૧) મેમાનની ખિજમત કરવી (૨) ગરમીમાં રોઝો રાખવો ÷ અને [૩] તલવારનો વાર કરવો. ફરી તેઓ એવી હાલતમાં હતા એવામાં જીબરઇલ (અલે) આવ્યા અને કહ્યું કે અલ્લાહ તબારક વ તઆલાએ જ્યારે તમારી વાતચીત સાંભળી તો મને મોકલ્યો અને તને હુકમ કર્યો કે તું મને પૂછે, જો હું દુન્યા વાળાઓમાંથી હોત તો હું કયી ચીજ પસંદ કરત? ત્યારે રસૂલુલ્લાહે કહ્યું કે જો તું દુનિયા વાળાઓમાંથી હતે તો તું શી ચીજ પસંદ કરતે? જીબરઈલે (અલે) કહ્યું, ભટકેલાઓને માર્ગ બતાવવો અને ઈબાદત કરનાર ગરીબો (મોસાફેરો) ની ગમખારી કરવી. અને (૩) અયાલદાર દરિદ્રીની મદદ કરવી. અને જીબરઈલે કહ્યું કે અલ્લાહ તઆલા પોતાના બંદાઓથી ત્રણ ખસલતો પસંદ રાખે છે (૧) તાકત ખરચ કરવી * (૨) પસતાવા વખત રોવું. અને [૩] ફાકાની વેળા સબર કરવો.

એક હકીમથી રિવાયત છે કે જે કોઈએ પોતાની અકલને પકડી રાખી [તે પર ચાલ્યો] તે ગુમરાહ થયો ÷ અને જે પોતાના માલને લીધે બેપરવા થયો તે ઘટયો + અને જેણે મખલૂકથી ઈજ્જત લીધી તે જલીલ થયો.

એક હકીમથી રિવાયત છે કે મારેફતનું ફળ ત્રણ ખસલત છે [૧] અલ્લાહ તઆલાથી શરમ કરવી [૨] અલ્લાહને માટે દોસ્તી કરવી. અને (૩) અલ્લાહથી વલગણ રાખવી.

= એટલે મારી છોકરી હજરતના બીબી પણામાં રહે કે જેથી હજરતની સગાઈ હમેશ રહે. જે માણસ હજરત [સલ]ની સગાઈમાં હોય તે મોટો નસીબદાર છે. હજરત ઓમરે (રદી) હજરત અલી (રદી) ની છોકરી કુલસુમ સાથે એજ માટે ઘણી મોહર આપી નિકાહ કર્યા હતા. ગુ. મો.

÷ એટલે કાફેરોથી બહાદુરી કરવી તથા ગરમીના દિવસોમાં રોઝા રાખવા ઘણા મુશ્કેલ છે.

* એટલે અલ્લાહની બંદગીમાં શકિત વાપરવી. ફરી તે શકિત બદનની હોય કે માલની હોય બંને રીતે અલ્લાહના માર્ગમાં કોશીશ કરવી.

÷ હજરત અલી (રદી) કહે છે કે જો દીનનો મામલો અકલ ઉપર હોત તો હું મોઝાનો મસહ પગ ઉપર નહીં પણ પગ નીચે કરવાનું કહત " એટલે જે શખ્સ દરેક વાતમાં અકલનો તાબે થયો તે શખ્સ ગુમરાહ થયો. કારણ કે શરીઅતનાં ઘણા કાયદામાં અકલને જરાએ પેસારો નથી. તો ત્યાં અકલને તાબે થવુ ગુમરાહી છે. હા, જે જગ્યા અકલને દખલ છે ત્યાં અકલને પુઠે લાગવું જોઈએ. કારણ કે વગર અકલે કોઈ ચીજની પેહેચાનત થઈ શકતી નથી. ગુ. મો.

+ એટલે જે શખસ માલને લીધે બેપરવા થયો તો ઘટો એટલે હકીર થયો.

નબી (સલ)થી રિવાયત છે કે તેવણે ફરમાવ્યું, મોહબ્બત મારેફતનો પાયો છે. અને પાકદામની યકીનની નિશાની છે, અને યકીનનું મુળ તકવો તથા અલ્લાહ ની તકદીર ઉપર રાજી રહેવું છે.

સુફયાન બીન ઓયૈના (રદી)થી રિવાયત છે કે તેવણે કહ્યું, જે અલ્લાહની મોહબ્બત કરે છે, તે અલ્લાહ જે શખ્સથી મોહબ્બત રાખે છે તેની સાથે મોહબ્બત રાખે છે. અને અલ્લાહ જે શખ્સની મોહબ્બત રાખે તેની સાથે જે મોહબ્બત રાખે છે તે તે ચીજની મોહબ્બત રાખે છે જે અલ્લાના માર્ગમાં તેને પ્યારી છે * અને જે ચીજ અલ્લાહના માર્ગમાં તેને પ્યારી છે તેની સાથે જે મોહબ્બત રાખે છે તે પસંદ રાખે છે કે લોક તેને ઓળખે નહીં.

નબી (સલ)થી રિવાયત છે કે તેવણે ફરમાવ્યું, સાચી મોહબ્બતની ત્રણ નિશાની છે (૧) બીજાની વાત ઉપર પોતાના દોસ્તની વાતને શ્રેષ્ઠ રાખે + (૨) બીજાની સાથે બેસવા કરતાં પોતાના દોસ્તની સાથે બેસવાને પસંદ રાખે અને (૩) બીજાની રજામન્દી કરતાં પોતાના દોસ્તની રજામન્દીને અખત્યાર કરે.

વહબ બીન મોનબ્બેહ યમાની (રહ)થી રિવાયત છે કે તોરાતમાં લખાયું છે કે લોભી ફકીર છે અગર જો તે દુન્યાનો માલિક થયો હોય. અને ફરમાબરદાર હાકેમ છે અગર જો તે ગુલામ હોય. + અને સંતોષ પકડનાર તાલેવાન છે અગર જો તે ભૂખ્યો હોય.

એક હકીમથી રિવાયત છે કે જેણે અલ્લાહને ઓળખ્યો તેને મખલૂક સાથે મઝા નથી. અને જેણે દુન્યાને ઓળખી તેની તેમાં ખાહેશ નથી. અને જેણે અલ્લાહના અદલને ઓળખ્યો તેની આગળ દુશ્મન આવશે નહીં. ÷

જીન્નૂન મિસરી (રહ)થી રિવાયત છે કે દરેક ડરનાર ભાગનાર છે અને દરેક ખાહેશ રાખનાર ઢુંઢનાર છે અને દરેક અલ્લાહથી ઉનસત રાખનાર પોતાના જીવથી નફરત રાખનાર છે *

* એટલે જે શખ્સ અલ્લાહના દોસ્તોની દોસ્તી રાખશે તો જે ચીજને આલ્લાહના દોસ્ત પસંદ રાખશે તેને એ શખસ પણ પસંદ રાખશે. કારણ કે મહબૂબનું મહબૂબ (પ્યારૂ) પણ મહબુબ થાય છે.

+ માહિબ્બે રસૂલ આરોકે રસૂલ થવાના કેટલાક લોકો ડોલ ઘાલી લોકોને ઠગે છે તેઓની પરીક્ષા તથા પહેચાન આ આજ્ઞામાં કહેવાઈ છે. જો તેઓ સાચા છે તો રસૂલુલ્લાહની વાતને તથા તેમની રજામન્દીને સર્વની વાત તથા રજામન્દી ઉપર શ્રેષ્ઠ રાખી હજરતની તાબેદારીમાં મચ્યા રહે નહીં તો તેઓ જુઠા છે. ગુ. મો.

+ એટલે જે કોઈ અલ્લાહની તાબેદારી કરશે તો સર્વ ચીજ તેની તાબે થાય છે. જેમકે કહેતી છે કે મન લહુલ મોલા ફલહુલ કુલ્લ [જેના લાભમાં અલ્લાહ તેના લાભમાં સર્વ રહે છે] અથવા આ અર્થ છે કે જે કોઈ પોતાના સરદારની ઉસ્તાદની તાબેદારી કરશે તો આખરે લોક તેની તાબેદારી કરશે. જેમકે પરખીયાન છે કે "હરકે ખિદમત કરદ ઓ મખદૂમ શુદ" [જે ખિજમત કરે તેની ખિજમત થાય]

÷ એટલે અલ્લાહના અદલથી ડરીને જે શખ્સ પોતાના દુશ્મનથી મામલો સાફ રાખશે તો ફરી દુશમન તેનાથી શા માટે ઝઘડશે ? પણ અદેખાઇ વગર બીજી બાબતની દુશમની હોય તો દુશમન એમ કરવાથી ઝઘડતો અટકે છે પણ અદેખાઈવાળો દુશમન તો પોતાની હલકાઈ થવા છતાં પણ બેહુદીની જેમ ખણખોત કર્યા કરે છે તો એવા દુશમન માટે એ વાકયના અર્થ આ છે કે "તે શરમિન્દા થયા કરશે સાહુકારથી વાંત કરી શકશે નહીં" ગુ. મો.

* જે શખ્સ કોઈથી ડરે છે તો તેનાથી ભાગે છે અને જેની ખાહિશ કરે છે તેને ઢુંઢે છે, તો જે મુસલમાન ગુનાહથી ભાગતો નથી અને નેકીને ઢુંઢતો નથી તો જણાઇ ગયું કે તે ગુનાહથી ડરતો નથી અને નેકીની તેને ખાહિશ નથી.

વળી કહ્યું અલ્લાહને ઓળખનાર કેદી છે + અને તેનું દિલ જોનાર છે અને તેના અમલ અલ્લાહ માટે ઘણા છે

વળી કહ્યું અલ્લાહને ઓળખનાર વફાદાર છે અને તેનું દિલ હુશિયાર છે અને તેનો અમલ અલ્લાહને માટે સાફ છે

ઇબને સોલેમાન દારાની (રહ)થી રિવાયત છે કે તેવણે કહ્યું, દુન્યા તથા આખેરતની બેહતરીનું મુળ ખોદાનો ભય છે. અને દુન્યાની કુંચી પેટ ભરવું છે. અને આખેરતની કુંચી ભૂખ છે.

કહેવાયું છે કે ઇબાદત કરવી ધંધો છે અને તેની દુકાન અલાહેદા રહેવું છે અને તેની મુંડી (રાસુલમાલ) પરહેઝગારી છે. અને તેનો નફો જંનત છે. *

માલિક બીન દીનાર (રહ)થી રિવાયત છે કે ત્રણ વસ્તુ ને ત્રણ વસ્તુથી સંણગાર, કે જેથી તું મુમેનોમાંથી થાય. (૧) તકબ્બોરી (ગરૂર) ને તવાજો (નમ્રતા) થી (૨) લોભને સંતોષથી અને અદેખાઇને નસીહતથી. ÷

ચાર ચાર વસ્તુનો અધ્યાય.

રસૂલુલ્લાહ (સલ) થી રિવાયત છે કે તેવણે અબુજર્ર ગેફારી (રદી) ને ફરમાવ્યું, એ અબુજર્ર તું વહાણને નવું બનાવ. કારણ કે દરયા ઉંડો છે. અને પૂરતું ભાથુ લે. કારણ કે સફર લાંબી છે. અને બોજ હલકો કર. કારણ કે ઘાટી અઘરી છે. અને અમલને ચોખ્ખો કર કારણ કે પરખનાર હુશયાર છે.

એક શાએરે કહ્યું શેઅરો

ફેરદુ અલન્નાસે અંયતૂબૂ
લાકિન્ન તરકુજ જોનૂબે અવજબૂ
વસ્સબરો ફીન્નાએબાતે સઅબુન
લાકિન્ન ફૌતસ સવાબે અસઅબૂ
વદ દહરો ફીસરફિહી અજીબુન
લાકિન્ન ગફલતન્નાસે અઅજબૂ
વ કુલ્લો મા કદ યજીઓ કરીબુન
વલા કેનિલ મૌત મિન જાક અકરબૂ*

એક હકીમથી રિવાયત છે કે ચાર ચીજ સારી છે પણ (બીજી) ચાર તેનાથી સારી છે (૧) શરમ મરદોએ કરવી સારી છે પણ તે ઓરતોએ કરવી ઘણીજ સારી છે (૨) અદલ દરેકે કરવો સારો છે પણ તે હાકેમોએ કરવો ઘણોજ સારો છે [૩] તોબા બુઢ્ઢા માણસે કરવી સારી છે પણ તે જુવાંનથી થવી ઘણીજ સારી છે. અને (૪) સખાવત માલદારોએ કરવી સારી છે પણ તે ફકીરોથી થવી ઘણીજ સારી છે.

એક હકીમથી રિવાયત છે કે ચાર વસ્તુ બુરી છે પણ બીજી ચાર વસ્તુ તેનાથી બુરી છે [૧] જુવાને ગુનોહ કરવો બુરો છે પણ તે વૃધ્ધથી ઘણોજ બુરો છે (૨)

+ એટલે તે દુનીયાની કેદમાં છે. કેમકે દુન્યા મુમિનનું કેદખાનું છે.

* એટલે આખેરતનો નફો મેળવવા માટે ઈબાદત ધંધો છે. જેવી રીતે બીજા ધંધા કર્યાથી દુન્યાનો લાભ થાય છે તેમ એથી આખેરતનો લાભ મળેછે

+ અદેખાઇ કરનારે પોતાનું મન સુધારવા માટે આ ઉપાય કરવો જોઈએ કે જેનો હસદ કર્યો હોય તેની સાથે ભલાઈ કરે. પણ આ ઉપાય ઘણોજ કઠણ છે કારણ કે બેહરૂપી જેવો જયારે અદેખાઇને લીધે હમેશ બુરાઈ અને નુકસાની કરવાનાજ ખીયાલમાં છે તો ફરી તે લાભ કરવા કેમ તૈયાર થાય? આ ઉપાઈ માટે ખોદાની મેહેરબાનીની ઘણી જરૂરત છે. ગુ. મો.

* એનો અર્થ કવીતામાં છે.

અગર ચે લો ગો પર તોબા હૈ વાજેબ.
મગર તરકે ગુનાહ હૈ ઉસ સે વાજેબ.
મસાએબ મેં અગર ચે સબર હૈ સઅબ.
મગર હૈ ફોતે અજરે સબર અસઅબ.
ઝમાના અપની ગરદિશ મેં અજબ હૈ.
પર લોગોંકી હૈ ગફલત ઇસ સે આજબ.
જો કુચ હૈ પેશ આનાહૈ વોહ નઝદીક
વ લેકીન મૌત કુમ સબસે અકરબ.

દુન્યામાં ગુંથાવું જાહેલોને બુરૂં છે પણ તે આલિમોને ઘણુંજ બુરૂં છે [૩] ઈબાદત કરવામાં સુસ્તી કરવી સઘળા લોકોને બુરી છે પણ તે આલિમો તથા તાલેબે ઈલમથી ઘણીજ બુરી છે. અને (૪) તકબ્બોરી (ગરૂર) તવંગરોએ કરવી બુરી છે પણ તે ફકીરોથી ઘણીજ બુરી છે.

હજરત નબીએ (સલ) ફરમાવ્યું, તારા એ આસમાનવાળાઓ માટે અમનછે. જ્યારે તે પડશે તો આસમાન વાળાઓ ઉપર કજા આવશે. અને મારી અહલે બૈત મારી ઉમ્મત માટે અમન છે.÷ જ્યારે મારી અહલે બૈત મટી જશે તો મારી ઉમ્મત ઉપર કજા આવશે અને હું મારા સહાબા માટે અમન છું તો જ્યારે હું જઈશ તો મારા સહાબા પર કજા આવશે. અને પહાડ જમીન વાળાઓ માટે અમન છે તો જ્યારે તે જતા રહેશે તો ઝમીનવાળાઓ પર કજા આવશે.

હજરત અબુ બકર સિદ્દીક (રદી)થી રિવાયત છે કે તેવણે કહ્યું, ચાર વસ્તુની સમ્પૂર્ણતા ચાર વસ્તુથી છે (૧) નમાઝની સમ્પૂર્ણતા સેહોના બે સિજ્દાથી છે (૨) રોઝાની સદકા ફિતરથી છે (૩) હજજની ફિદયાથી છે અને (૪) ઇમાનની જેહાદથી છે*

અબ્દુલ્લાહ બીન મોબારક (રહ)થી રિવાયત છે કે જે કોઇએ દર રોઝ બાર રકઅત નમાઝ ઢી તેણે નમાઝનું હક્ક અદા કર્યું[૧] અને જેણે દર મહિને ત્રણ દિવસ રોઝા રાખ્યા તો તેણે રોઝાનું હક્ક અદાકર્યું.[૨] અને જેણે દર રોજ સો આયત પઢી તેણે કિરાઅતનું હક્ક અદાકર્યું. અને જેણે જુમઆના એક દિરહમ સદકો કર્યો તેણે સદકાનું હક્ક અદા કર્યું

હજરત ઓમરે (રદી) ફરમાવ્યું, દરયા ચાર છે (૧) મનઇચ્છા (ખાહેશે નફસાની) ગુનાહોનો દરયો છે (૨) જીવ શહવતોનો દરયો છે (૩) મૌત ઉમરનો દરયો છે. અને (૪) કબર અફસોસ કરવાનો દરયો છે.*

હજરત ઉસમાન (રદી) થી રિવાયત છે કે ઇબાદતનો મીઠાસ મેં ચાર ચીજમાં જોઓ છે. પેહેલો અલ્લાહના ફરજ અદા કરવામાં બીજો અલ્લાહની હરામ ચીજોથી બચવામાં ત્રીજો અલ્લાહના સવાબની ગરજથી સારાં કામની આજ્ઞા કરવામાં અને ચોથો અલ્લાહના ગજબથી બચવા માટે બુરી ચીજની મનાઈ કરવામાં.÷

વળી કહ્યું છે. ચાર ચીજો એવી છે જેનું જાહેર ફજીલત છે અને બાતેન ફરજ છે (૧) સારા લોકોથી મેલજોલ રાખવો ફજીલત છે અને તેઓની પુઠે ચાલવું ફરજ

÷ એટલે મારી ઉમ્મત ઉપર મારી અહલેબૈતની બરકત છે તો જ્યાં સુધી અહલેબૈત રહેશે બરકત પણ રહેશે.

* કારણ કે ઈમાનનું શરૂ કલેમા તોહીદથી છે. અને એ બોલ જેહાદથી બોલંદ થાય છે. વળી માણસને પોતાના જાન ઘણો પ્યારો હોય છે તેને ખરચ કરવો ઘણો મુશકેલ છે. પાકા ઈમાનવાળોજ એ પરિક્ષામાં પસાર થાયછે માટે ઈમાનનું સમ્પુર્ણતા જેહાદ થઇ. ગુ. મો.

૧ એટલે બાર સુંનતો બે ફજર આગળ ચાર જોહર આગળ, બે જોહર પાછળ, બે મગરેબ પાછળ અને બે ઈશા પાછળ. ગુ. મો.

૨ એટલે તેરમી ચઉદમી અને પંદરમીએ એને અયામે બીજ કહે છે. અથવા બીજા કોઇ દિવસોમાં રોઝા રાખે. હજરત (સલ) કદી દર દહાઇકામાં એક રોઝો રાખતા હતા. ગુ. મો.

* એટલે કબરોમાં પોતાના અમલો ઉપર ઘણો પસતાવો થશે. પસતાવા વગર કંઇ બની શકશે નહીં.

÷ એટલે સવાબ મેળાવવાની ઊમેદથી નેક કામ બતાવવું, અને શીક્ષાના ભયને બુરા કામથી રોકવું ઈબાદત છે. અને એ સિવાય બંદગી નથી.

છે (૨) કુરઆનની તિલાવત ફજીલત છે અને તેપર અમલ કરવો ફરજ છે* (૩) કબરોની જીયારત કરવી ફજીલત છે અને તેને માટે તૈયારી કરવી ફરજ છે.+ અને (૪) માંદાની ખબર લેવી (એયાદત) ફજીલત છે અને તેનાથી વસીયત લેવી ફરજ છે,

હજરત અલી [રદી]થી રિવાયત છે કે તેવણે ફરમાવ્યું, જે કોઇ જંનતનો શોખીન છે તે નેકીયો તરફ દોડે છે. અને જે અગ્નિથી ડરે છે તે શહવતોથી દૂર રહે છે, અને જે મોતનું યકીન રાખે છે, તેની લેહજતો તુટે છે. અને જેણે દુન્યાને ઓળખી તેના ઉપર મુસીબતો હલકી થાય છે. ÷

હજરત નબી [સલ]થી રિવાયત છે કે તેવણે ફરમાવ્યું, નમાઝ દીનનો થામ્લો છે અને ચુપકા રહેવું શ્રેષ્ઠ છે. અને સદકો પરવરદિગારના ગુસ્સાને ઠંડો પાડે છે. અને ચુપકા રહેવું શ્રેષ્ઠ છે. અને રોઝો અગ્નિથી ઢાલ છે અને ચુપકા રહેવું અફજલ છે. અને કાફરોથી જેહાદ કરવી દીનની બોલંદી છે. અને ચુપકા રહેવું ઘણું અફજલ છે. +

કહેવાયું છે કે અલ્લાહ તઆલાએ બની ઇસ્રાઈલના એક નબી તરફ વહી મોકલી અને કહ્યું, ખોટી વાતથી તારૂં ચુપકા રહેવું રોઝો છે. અને હરામ કામોથી મારે માટે અવ્યયોની તારી સંભાળ કરવી નમાઝ છે. અને મારે માટે મખલૂકથી તારે નિર્આશ થવું સદકો છે. = અને મારે માટે મુસલમાનોની ઇજા કરવાથી તારે રોકાવું જેહાદ છે.

હજરત અબ્દુલ્લાહ બીન મસઊદ [રદી]થી રિવાયત છે કે તેવણે ફરમાવ્યું, ચાર વસ્તુ દિલના અંધારાં છે [૧] બેપરવાઈથી પેટનું ભરવું [૨] જાલેમોની સંગત કરવી [૩] બનેલા ગુનાહોને ભૂલી જવા. અને [૪] લાંબી ઉમ્મેદો બાંધવી. અને ચાર ચીજો દિલની રોશની છે [૧] ખોફથી ભૂખ્ય પેટ રહેવું [૨] નેક લોકોની સોહબત રાખવી. (૩) ગુજરેલા ગુનાહોનું સમરણ કરવું અને [૪] આશા ટુકી કરવી.

હાતેમ અસમ [રહ]થી રિવાયત છે કે તેવણે ફરમાવ્યું, જેણે ચાર ચીજનો વગર ચાર ચીજે દાવો કર્યો તેનો દાવો જૂઠો છે (૧) જેણે અલ્લાહની મોહબ્બતનો દાવો કર્યો, અને અલ્લાહની હરામ કરેલી વસ્તુથી નહીં રોકાયો તેનો દાવો જૂઠો છે, (૨) જેણે નબી (સલ)ની મોહબ્બતનો દાવો કર્યો અને ફકીરો મીસકીનોને

---

* પણ આ કયારે બને કે લોકો કુરઆનનો તરજુમો અથવા તફસીર વાંચે અથવા કોઈથી સાંભળે પણ અફસોસ કે મુસલમાનોએ કુરઆનને માત્ર તિલાવત માટે રાખ્યું છે. ગુ. મો

+ એટલે પોતાની મોતને ઘણું નજદીક જાણીને સારાં કામો કરવાં અને આ જાણવું કે હવે અમો કબરોમાં વેહેલા જઈશું. અને બીમારથી વસીયત લેવાની મતલબ તેનાથી નસીહત લેવી છે, અથવા તે જે કંઇ વસીયત કરે તેને યાદ રાખી અદા કરવી છે.

+ એટલે તેને લેહજતોની ખાહેશ રહેશે નહીં. કારણુ કે મોતના ગમ્મમાં કોઈ ચીજની મઝા જણાશે નહીં. એજ માટે રસૂલુલ્લાહે [સલ] મોતને હાદેમુલ્લ-જ્જાત ફરમાવ્યું એટલે લેહજતોને તોડનાર.

+ એટલે સર્વ કામ સારાં છે પણ ચુપકા રહેવું ઘણુંજ સારૂં છે. પણ જે જગ્યા બોલવાની જરૂરત પડે, ચુપકા રહેવાથી ફસાદ થતો હોય અથવા ગુનોહ થતો હોય ત્યાં અવશ્ય બોલવું છે. ચુપ રહેવું નહિ જોઈએ.

= કારણ કે તું અલ્લાહને માટે લોકોથી નિરાશ થયો તો જાણે તેં એક ચીજ અલ્લાહને માટે આપી તો આ નાઉમેદ થવું જાણે સદકો કરવા જેવું થયું.

÷ એટલે જે કોઈ નબી સાહેબ (સલ)ની મોહબ્બતનો દાવો કરે અને ફકીરો તથા મિસકીનોથી મોહબ્બત નહીં રાખતો હોય તો તેનો દાવો જૂઠો છે. કારણ કે રસુલુલ્લાહ [સલ] ફકીરો તથા મિસકીનો પર ઘણી મોહબ્બત રાખતા હતા.

ના પસંદ કર્યા, તેનો દાવો જૂઠો છે, (૩) જેણે જંનતની મોહબ્બતનો દાવો કર્યો અને સદકો કર્યો નહીં તેનો દાવો જૂઠો છે, અને (૪) જેણે દોઝખથી ડરવાનો દાવો કર્યો અને ગુનાહોથી નહીં રોકાયો તેનો દાવો બાતેલ છે.

હજરત નબી (સલ)થી રિવાયતછે કે બદબખતીની ચાર નિશાની છે. (૧) ગુજરેલા ગુનાહોને ભૂલી જવા, અને જુઓ તો તે અલ્લાહુની નજદીક સંભાળેલા છે (૨) થઈલી નેકીયોને યાદ કરવી અને તે જાણુતો નથી કે તે કબૂલ થઈ છે અથવા પાછી ફેરવાઈ છે (૩) દુન્યામાં તેના કરતાં ચઢતા તરફ નજર કરવી અને (૪) દીનમાં પોતાથી ઉતરતા તરફ નજર કરવી.* અલ્લાહ કહે છે કે મેં તેનો ઇરાદો કર્યો અને તેણે મારો વિચાર કર્યો નહી. માટે મેં તેને છોડયો. અને નેકબખતીની ચાર નિશાની છે (૧) ગુજરેલા ગુનાહોને યાદ રાખવા (૨) નેકીયોને ભૂલી જવી (૩) દીનમાં તેનાથી ચઢતા તરફ નજર કરવી અને (૪) દુન્યામાં તેનાથી ઉતરતા તરફ નજર કરવી.

એક હકીમથી રિવાયત છે કે તેણે ફરમાવ્યું, ઈમાનની ચાર નિશાની છે પરહેઝગારી, શરમ, શુકર, અને સબર.

હજરત નબી [સલ] થી રિવાયત છે કે તેવણે ફરમાવ્યું, મા ચાર છે (૧) દવાયોની મા [૨] અદબોની મા (૩) ઇબાદતોની મા અને [૪] આરજુઓની મા. તો દવાઓની મા તે ઓછું ખાવું, છે અને અદબોની મા તે થોડી વાત કરવી છે, અને ઇબાદતોની મા તે ગુનાહ ઓછા કરવા છે, અને આશાઓની માતા તે ધીરજ રાખવી છે.

હજરતે (સલ) ફરમાવ્યું કે આદમ પુત્રના દેહમાં ચાર જોહર છે જેને ચાર વસ્તુ દૂર કરે છે. હવે તે જોહર [૧] અકલ (૨) દીન (૩) લાજ અને [૪] સારાં કામો છે. તો ગજબ અકલને દૂર કરે છે. અને અદેખાઇ તે દીનને દૂર કરે છે. અને લોભ તે લાજને દૂર કરે છે. અને ગીબત (નિન્દા) નેક કામને દૂર કરે છે.

હજરત નબી (સલ)થી રિવાયત છે કે તેવણે ફરમાવ્યું, જંનતમાં ચાર વસ્તુ છે જે જંનતથી સારી છે (૧) જંનતમાં હમેશ રહેવું એ જંનતથી બેહતર છે (૨) જંનતમાં ફિરશતાઓની ખિજમતગારી એ જંનતથી બેહતર છે (૩) જંનતમાં પેગમ્બરોનો પડોશ એ જંનતથી બેહતર છે અને (૪) અલ્લાહુ તઆલાની રજામન્દી તે જંનતથી બેહતર છે. અને દોઝખમાં ચાર વસ્તુ છે જે દોઝખથી બુરી છે. [૧] દોઝમાં હમેશ રહેવું એ દોઝખથી બુરૂં છે (૨) દોઝખમાં કાફેરોને ફિરશતાઓનું ઝાડવું એ દોઝખથી બુરૂ છે (૩) દોઝખમાં શેતાનનો પડોશ થવો એ દોઝખથી બુરો છે અને [૪] દોઝખમાં અલ્લાહ તઆલાનો ગજબ એ દોઝખથી બુરો છે.

એકહકીમથી રિવાયત છે કે જ્યારે તેને પૂછ થઈ કે તું કેવી રીતે છે, તો તેણે કહ્યું કે હું મૌલાની સાથે મલતા પણું રાખું છું અને જીવની સાથે અણ બનાવ રાખું છું અને મખલૂકની સાથે નસીહતની સાથે છું અને દુન્યા સાથે જરૂરત જોગો છું. +

* એટલે દુન્યામાં જે એનાથી ચેઢેલો હોય તેને જોઇ દુન્યાનો લોભ કરે અને જે એનાથી દીનમાં ઘટેલો હોય તેને જોઇને તકબ્બોરી કરે.

+ મૌલાથી મોવાફેકત રાખું છું એટલે જે તેણે તકદીરમાં લખ્યું હોય તેના પર શુકર કરૂં છું અને નફસથી વિરૂધ્ધ કરૂં છું કેમકે તે ગુનાહ તરફ લઈ જાય છે ત્યાંથી બચું છું અને મખલુકની ખેરખાહી કરૂં છું અને દુન્યાને જરૂરત જોગી લું છું જરૂરત વધુ લેતો નથી.

એક હકીમે ચાર કિતાબોથી ચાર વાત પસંદ કરી. તૌરાતથી આ કે અલ્લાહના આપેલા ઉપર જે શખ્સ રાજી રહ્યો તેણે-દીન તથા દુન્યામાં રાહત મેળવી, અને ઇનજીલથી આ કે જેણે શહવતો ને તોડી તેણે દીન તથા દુન્યામાં ઇજજત મેળવી. અને ઝબૂરથી આ કે જે કોઇ લોકોથી જૂદો થયો તેણે દુન્યા તથા આખેરતમાં મુક્તિ મેળવી. અને કુરઆનથી આ કે જેણે ઝબાનને સંભાળી તે દુન્યા તથા આખેરત-માં સલામત રહ્યો.

હજરત ઓમર (રદી) થી રિવાયત છે કે ખોદાની કસમ જો હું કોઈપણ બલામાં સપડાઊં છું તો તેમાં મારા પર અલ્લાહની ચાર નેઅમતો થાય છે. પેહેલી આ કે તે ગુનાહમાં નહીં થઇ. બીજી આ કે તેથી મોટી નહીં થઈ. ત્રીજી આ કે તેને લીધે હું ખુશીથી મહરૂમ નહીં થયો. ચોથી આ કે હું તેને લીધે સવાબની આશા કરૂં છું.*

અબ્દુલ્લાહ બીન મોબારક [રહ]થી રિવાયત છે કે તેવણે કહ્યું, કે એક હકીમ પુરૂષે હદીસોનો સંગ્રહ કર્યો તેમાંથી ચાલીસ હજાર ચુંટી, ફરી તેમાંથી ચાર હજાર પસંદ કરી, ફરી તેમાંથી ચારસો છાંટી, ફરી તેમાંથી ચાલીસ વિણી, ફરી તેમાંથી ચાર શબ્દો પસંદ કર્યા. તેમાંનો એક કોઇ પણ હાલતમાં તું ઓરત ઉપર ભરોસો નહીં કર. બીજો કોઈ પણ હાલતમાં માલપર મગરૂર નહીં થા. ત્રીજો મેઅદો (હોજડી)જેની શકિત નહીં રાખે તેનો બોજ તે પર નહીં નાંખ. ચોથો જે ઇલમ તને લાભ નહીં આપે તે ભેગો નહીં કર.

મોહમ્મદ બીન અહમદ (રહ)થી અલ્લાહનું કલામ વસૈયેદવ વ હસૂરવ વ નબીયમ મિનસ્સાલે હીનની તફસીર વિષે રિવાયત છે કે તેવણે ફરમાવ્યું, અલ્લાહે ઝકરીયા (અલે)ને સૈયદ કહ્યા અને જુઓ તો તેવણ તેના બંદા છે. કારણ કે તેવણ ચાર ચીજ ઉપર જીતેલા હતા. (૧) ખાહેશ પર (૨) શૈતાન પર (૩) જબાન પર અને (૪) ગુસ્સા પર.+

હજરત અલી (રદી)થી રિવાયત છે કે જયાં સૂધી ચાર ચીજો છે ત્યાં સૂધી દીન તથા દુન્યા કાએમ રહેશે. (૧) જયાં સુધી તવંગરો તેઓને મળેલી ચીજમાં બખીલી નહીં કરશે. (૨) જ્યાંસૂધી ઓલમા પોતાના ઇલમ ઉપર અમલ કરશે (૩) જયાં સૂધી જાહેલો પોતાના નહીં જાણવાપર બડાઇ નહીં કરશે. અને (૪) જયાં સૂધી ફકીરો પોતાની આખેરતને દુન્યા બદલે નહીં વેચશે.

હજરત નબી (સલ) થી રિવાયત છે કે તેવણે ફરમાવ્યું કે અલ્લાહ તઆલા કિયામતને દીવસે ચાર શખ્સોથી ચાર જાતના માણસોપર દાખલો લેશે (૧) સોલૈમાન બીન દાઉદ (અલે) થી તવંગરોપર (૨) યુસોફ (અલે)થી ગુલામોપર (૩) ઐયુબ [અલે] થી બીમારોપર અને [૪] ઇસા (અલે)થી ફકીરોપર.*

* એટલે પહેલી નેઅમત આ છે કે મને ગુનાહમાં ફસાવ્યો નહીં. બીજી આ કે જેટલી છે તેથી વધુ થઇ નહીં. ત્રીજી આકે તેની ખુશીથી અભાગ્યો નહીં થયો. એટલુંજ નહીં પણ હું તેનાથી ખુશ છું. કારણ કે એ મૌલાની પસંદ કરેલી છે. ચોથી આ કે હું સબર કરૂં છું તો સવાબનો આશા કરનાર થાઊં છું.

+ એટલે જે શખ્સે પોતાની ખાહિશ, શૈતાન, ઝબાન, અને ગુસ્સા ઉપર જીત મેળવી તથા તેના પર શકિતવાન થયો તે સરદાર છે અગર જો જાહેર-માં હકીર (હલકો) હોય.

* એટલે હજરત સોલૈમાન (અલે) દોલતમંદ હોવા છતાં ખોદાની ફરમાંબરદારીમાં લાગેલા રહ્યા એવીજ તરેહ હજરત યુસોફ હજરત ઐયુબ અને હજરત ઈસા [અલે] ગુલામી, બીમારી અને દરિદ્રીની તકલીફો હોવા છતાં ખોદાની બંદગી કરતા રહ્યા.

સઅદ બીન બિલાલ (રહ) થી રિવાયત છે કે ખચીત બંદો જ્યારે ગુનોહ કરે છે તો અલ્લાહ તેનાપર ચાર તરેહનું એહસાન કરે છે [૧] તેનાથી રોજીને રોકતો નથી. [૨] તંદરૂસ્તીને તેનાથી રોકતો નથી. [૩] ગુનાહને તેનાપર પ્રગટ કરતો નથી અને [૪] જલદી તેને શીક્ષા કરતો નથી.

હાતેમ અસમ [રહ] થી રિવાયત છે કે તેવણે કહ્યું, જેણે ચાર વસ્તુને ચાર વસ્તુ તરફ ફેરવી તેને જંનત મળી. [૧] સૂવાને કબર તરફ [૨] મોટાઇને તરાજુ તરફ (૩) રાહતને પુલ સિરાત તરફ અને (૪) શહવત ને જંનત તરફ.+

હામિદ લફફાફ (રહ) થી રિવાયત છે કે તેવણે કહ્યું, ચાર ચીજોને અમે ચાર ચીજોમાં ઢુંઢ કરી જેથી અમને માર્ગમાં ભૂલ પડી. ફરી તેને બીજી ચાર ચીજોમાં મેળવી. (૧) તવંગરીને માલમાં ઢુંઢી ફરી તેને સંતોષમાં મેળવી (૨) રાહતને દોલતમન્દીમાં ઢુંઢી પણ તે થોડા માલમાં મળી. (૩) લેહજતોને નેઅમતોમાં ઢુંઢી પણ તે તંદરૂસ્તીમાં મળી અને (૪) રિજકને ઝમીનમાં ઢુંઢયો પણ તે આસમાનમાં મળ્યો.*

હજરત અલી (રદી) થી રિવાયત છે કે તેવણે ફરમાવ્યું, ચાર ચીજો એવી છે કે થોડી તેમાંની ઘણી છે (૧) દરદ (૨) ફકીરી (૩) આગ અને (૪) દુશમની.

હાતેમ અસમ્મ (રહ) થી રિવાયત છે કે તેવણે કહ્યું, ચાર ચીજોનીકદર ચાર શખ્સોજ બુજે છે. (૧) જુવાનીની કદર બુઢાજ જાણે છે (૨) આફિયતની કદર તકલીફવાળાજ જાણે છે. (૩) તંદરૂસ્તીની કદર માંદાજ જાણે છે અને [૪] જીંદગીની કદર મુરદાંજ બુજે છે.

અબૂ નોવાસ શાએરે કહ્યું. શેઅરો

જોનુબિય ઈન ફ્કરતો ફીહા કસીરતુન
વ રહમતો રબ્બી મિન જોનૂબીય અવસઊ
વ મા તમઈ ફી સાલેહીન ઈન અમલતો હુ
વ લા કિન્નની ફી રહમતિલ્લાહે અતમઊ.
હોવલ્લાહો મૌલાયલ્લજી હોવ ખાલિકી.
વ ઇન્ની લહુ અબ્દુન અકર્રો વ અખદઊ.
ફ ઇંય યકો ગુફરાનુન ફ્જાલેક રહમતુન
વ ઇન તકોનિલ ઉખરા ફમા અના અસનઊ.*

હજરત નબી [સલ]એ ફરમાવ્યું, જ્યારે કિયામતનો દિવસ થશે તો તરાજુ કાએમ થશે. ફરી નમાઝવાળા લવાશે અને તેઓને તરાજુથી પૂરો સવાબ અપાશે. ફરી રોઝાવાળા લવાશે ફરી તેઓને તરાજુથી પૂરો સવાબ અપાશે. ફરી હજ્જવાળાને લવાશે ફરી તેઓને પૂરો સવાબ અપાશે. ફરી બલાઓવાળા લવાશે તેઓ માટે તરાજૂ રખાશે નહીં. અને અમલ

+ એટલે જે શખ્સે આ ચાર કામ નહીં કર્યાં અને ચાર જગ્યા વિષે તેને રહેવા દીધાં તે જંનતી છે. દુન્યામાં નહીં સૂતો અને ઈબાદતમાં જાગ્યો અને સવાલ જવાબ પછી કબરમાં સૂવાને રાખ્યું, એવીજ તરેહ મોટાઇ તથા અભીમાનને અમલો તેલાવાં ઉપર અટકેલાં રાખ્યાં એવીજ તરેહ બાકી ચીજોને તો તે શખ્સ જંનત મેળાવશે.

* કારણ કે ખોદાએ ફરમાવ્યું છે, " તમારો રિઝક આસમાનમાં છે " તો રોઝીને જમીનમાં ઢુંઢવી, તથા તકદીરે આસમાનીથી ગાફેલ થવું નજ જોઇએ.

* એના અર્થ કવિતામાં

દેખતાહું મેં બોહત મેરે ગુનાહ
લેકે ઉન સે રહમતે રબ્બ હે ફજું
કબ હે ઉમ્મેદ અપને અચ્છે કામ સે
આરઝુ અલ્લાહ કી રહમત કી રખુ.
મેરા મૌલા મેરા ખાલિક હે ખોદા
મેં હું બન્દા ઉસકા આજીઝ ઔર ઝબુ
ફિર અગર બખશે તો રહમત ઉસકી હે
ઔર નહીં તો ફિર કહો મેં કયા કરૂં

નામુ તેઓનું ખોલાશે નહીં. ફરી તેઓને બેહિસાબ સવાબ અપાશે, તે એટલાં સૂધી કે વધુ સવાબને લીધે આફિયતવાળા આશા કરશે કે તેઓ તેઓની જગ્યાએ થતે. *

એક હકીમથી રિવાયત છે કે બની આદમને ચાર ચીજો લુટની આગળ આવે છે. મલકુલ–મૌત તેની રૂહને લુટે છે [૨] વારેસો તેનો માલ લુટે છે [૩] કીડા તેના દેહને લુટે છે અને (૪) દુશમનો કિયામતને દિવસે તેનો અસબાબ (એટલે અમલો) લુટે છે.

એક હકીમથી રિવાયત છે કે જે કોઇ શહવતોમાં લાગેલો રહે તેને ઓરતો જોઇએ. ÷ અને જે માલ ભેગો કરવામાં લાગે તેને હરામ જરૂર છે. અને જે મુસલમાનોના લાભ માટે લાગેલો રહે તેને મોદારાત [ખાતરદારી] જરૂર છે. અને જે ઇબાદતનો શુગલ કરે તેને ઇલમ જરૂર છે. *

હજરત અલી [રદી]થી રિવાયત છે કે ઘણા સખત કામો ચાર તરેહના છે [૧] ગુસ્સા વખતે માફી બખશવી [૨] તંગીમાં સખાવત કરવી. (૩) તનહાઇમાં પાકદામની અને (૪) જેનાથી આશા કે ડર હોય તેને ખરી વાત કહેવી. +

ઝબૂરમાં છે. અલ્લાહ તઆલાએ દાઊદ [અલે] તરફ વહી મોકલી કે અકલવાળો દાના ચાર ઘડીમાં ખાલી રહેતો નથી. એક ઘડીમાં તે પોતાના પરવરદિગારથી મોનાજાત કરે છે. અને એક ઘડીમાં તે પોતાના જીવથી હિસાબ લે છે. અને એક ઘડીમાં તે પોતાના તે ભાયો પાસે જાય છે કે જે તેને તેની એબોની ખબર કરે છે. અને એક વખતમાં તે પોતાના નફસને હલાલ લજ્જતોમાં છોડે છે.

એક હકીમે કહ્યું, બંદગીની તમામ ઈબાદતો ચાર છે. (૧) કરાર (અહદ)પૂરો કરવો (૨) હદો (કાયદાઓ)ની સંભાળ કરવી (૩) ગુમ થઇલી ચીજ ઉપર સબર કરવો

---

* એટલે જે લોકોને દુન્યામાં તકલીફ પોહોંચી છે અને તે પર તેઓએ સબર કર્યો છે તો તેઓને કેયામતમાં અગણીત સવાબ મળશે. પણ જો સબર નહીં કર્યો અને અલ્લાહની શિકાયત કરી તો અઝાબ થશે.

÷ એટલે જે શખ્સ ચાહે કે પોતાની ખાહેશોમાં તથા શહવતોમાં લાગેલો રહે તો એ કામ સ્ત્રીઓ વગર બની શકતાં નથી. સ્ત્રીઓનુ તેમાં હોવુ અવશ્ય થયું. અને ઓરતો સાથે લાગેલા રહેવુ બુરૂ છે. સારાંશ આ છે કે શહવતોમાં ફસવુ નહી જોઈએ એથી બુરાઇયો ઉત્પન્ન થાય છે. એની આ મતલબ નથી કે જેને શહવતનો શુગલ કરવો હોય તેને ઓરતોમાં મશગુલ થવાની છુટ્ટી છે. એવીજ રીતે માલ ભેગો કરવો હરામ વગર થઇ શકતો નથી. પણ હરામથી બચવુ અગત્યનુ છે તો માલ ભેગો કરવો નહી જોઈએ. માલ જમા કરવા વિષે હકીમનો આ મત ઘણું કરીને એમજ થાય છે નહી તો હલાલથી પણ કદી જમા થાય છે. એવા માલને સારી નૈયતથી ભેગો કરવો સારૂ કામ છે, ગુ. મો.

* કારણ કે જો બેઈલમ આબેદ હશે તો બુજરૂગોની મોહબ્બતમાં ઈબાદતનું કામ સમજી બુજરૂગોના નામ જપવા લાગશે જેમકે કેટલાક જાહેલો હઝરત પીર (રહ)ના સો નામની તસબીહ પઢે છે. ફરી તેઓ જહાલતથી પોતાની ગરજો બુજરૂગોથી માંગે છે. એ વગર જાહેલ આબેદને ઘણી નુકસાની આ દીન દુન્યાની પોહચે છે. સહાબાએ રસૂલુલ્લાહના નામની તસબીહ કદી પઢી નથી. તેમ હઝરતથી ગાએબીમાં કે વફાત પછી કદી કંઈ માંગણી કરી નથી. ગુ. મો.

× જેને ખોફ અને ડર હોય છે તે પોતાના બચાવ માટે સત્યવાત કહી શકતો નથી અને જેનાથી કંઈ ઉમેદ હોય તેને પણ સત્ય વાત કહેવી મુશકેલ છે. કેમકે તે જો નારાજ થશે તો આશા પૂરી પડશે નહી. ઘણા વાએજો આ બલામાં ફશી સત્ય કહી શકતા નથી. અને શેઠયાઓને રાજી કરવા ઉલટા અર્થ કરી લોકોને બેહકાવે છે અને તરેહ તરેહના ફસાદો કરાવે છે. ગુ. મો.

અને (૪) જે હોય તેઊપર રાજી રહેવું. ÷

પાંચ પાંચ ચીજનો અધ્યાય.

હજરત નબી (સલ)થી રિવાયત છે કે જે કોઈ પાંચ ચીજને હલકી જાણે તે પાંચ ચીજની નુકસાની પામે (૧) જે ઓલમાની હલકાઈ કરે તે દીનનું નુકસાન મેળવે (૨) જે ઓમરા (હાકેમો)ની હલકાઇ કરે તે દુન્યાનું નુકસાન મેળવે (૩) જે પડોસીની હલકાઇ કરે તે લાભોનો ટોટો મેળવે (૪) જે સગાંઓની હલકાઇ કરે તે મોહબ્બતમાં નુકસાન મેળવે અને (૫) જે પોતાની ઘરવાળીની હલકાઈ કરે તે સારા ગુજરાનમાં નુકસાની મેળવે.

હઝરત નબી (સલ)એ ફરમાવ્યું કે મારી ઉમ્મત ઉપર એવો વખત આવવાનો છે કે જેમાં તેઓ પાંચ ચીજની દોસ્તી રાખશે અને પાંચ ચીજને ભૂલી જશે (૧) દુન્યાની મોહબ્બત રાખશે અને આખેરતને ભૂલી જશે (૨) ઘરોની મોહબ્બત રાખશે અને કબરને ભૂલી જશે (૩) માલની મોહબ્બત રાખશે અને હિસાબને ભૂલી જશે (૪) ઘરના લોકોની મોહબ્બત રાખશે અને હૂરોને ભૂલી જશે અને (૫) નફસની મોહબ્બત રાખશે અને અલ્લાહને ભૂલી જશે. તેઓ મારેથી બેઝાર છે અને હું તેઓથી બેઝાર છું. +

હજરત નબી (સલ)એ ફરમાવ્યું. અલ્લાહ કોઇને પાંચ ચીજ આપે છે તો તેને માટે બીજી પાંચ ચીજો તૈયાર રાખેજ છે. (૧) તે જેને શુકર આપે છે તો તેને માટે વધારો તૈયાર રાખેજ છે (૨) તે જેને દોઆ કરવી આપે છે તેને માટે કબુલીયત તૈયાર રાખેજ છે (૩) તે જેને ઇસ્તીગફાર કરવી આપે છે તેને માટે બખશીશ તૈયાર રાખેજ છે. [૪] તે જેને તોબા આપે છે તેને માટે કબૂલીયત તૈયાર રાખેજ છે અને (૫) તે જેને સદકો કરવાનું આપે છે તેને માટે કબૂલ થવું તૈયાર રાખેજ છે.

હજરત અબુ બકર સિદ્દીક (રદી)થી રિવાયત છે કે અંધારાં પાંચ છે અને તેના દીવા પાંચ છે (૧) દુન્યાની મોહબ્બત અંધારૂં છે અને તેનો દીવો પરહેઝગારી છે * (૨)ગુનોહ અંધારૂં છે અને તેનો દીવો તોબા છે [૩] કબર અંધારૂં છે અને તેનો દીવો લાએલાહ ઇલ્લલ્લાહ મોહમ્મદુર રસૂલુલ્લાહ છે [૪] આખેરત અંધારૂં છે અને તેનો દીવો નેક અમલ છે અને (૫) પુલસિરાત અંધારૂં છે અને તેનો દીવો યકીન છે.

હજરત ઓમર રદી થી રિવાયત છે કે તેવણે મોકુફ રીતે અથવા નબી સાહેબ (સલ) સૂધી પોહોંચાવીને = કહ્યું કે ગેબ જાણવાનો દાવો કરવો ન થાત તો હું પાંચ શખ્સો વિષે સાક્ષી આપત કે તેઓ જંનતવાળા છે (૧) ફકીર અયાલદાર

÷ હરામની હદ—બંદીની સંભાળ કરે હરામથી બચે અને હલાલ કામ કરે. અને જે ચીજ ગુમ થઈ હોય તેના ઉપર સબર કરે અને જે ચીજ મોજુદ હોય તેપર રાજી રહે તથા શુકર કરે.

+ એટલે જ્યારે તે લોક અલ્લાહને ભૂલશે તો અલ્લાહના રસૂલથી શેની મોહબ્બત રાખે? ખાલી મોંથી કહેવાની મોહબ્બતનો ઈતબાર નથી. તથા હજરતની મોહબ્બત તે અલ્લાહની મોહબ્બતની શાખા છે તો જ્યારે મુળ નહોય તો શાખા શેની? માટે હજરતે (સલ) ફરમાવ્યું કે એ લોક મારાથી બેઝાર છે. અને જ્યારે તેઓ હજરત (સલ)થી બેઝાર થયા તો હજરત તેઓથી બેઝાર થયા. ગુ. મો.

* દુન્યા અંધારૂં છે કેમકે તે હરામ મકરૂહ વીગેરેથી મળે છે અને જો હલાલથી પણ મળે તો ગફલત ઉત્પન્ન કરેછે દરેક રીતે તેનો દીવો પરહેઝગારી છે જે તેના અંધારાને ખોય છે.

= એટલે આ વાકય હજરત ઓમર (રદી]નો છે અથવા હજરત રસૂલુલ્લાહનો છે. એ વીષે રાવીને શક છે.

(૨) તે સ્ત્રી કે જેનાથી તેનો પતી રાજી હોય (૩) પોતાની મોહર ખાવિન્દને બખશનારી (૪) જેનાથી તેના માબાપ રાજી હોય અને (૫) ગુનાહોથી તોબા કરનાર.

હજરત ઉસમાન (રદી)થી રિવાયત છે કે પાંચ ચીજો મુત્તકીયોની નિશાની છે (૧) આ કે જે દીનને સુધારે તેનીજ પાસે બેશે અને નગ્નતા તથા જીભ ઉપર જીત મેળવે (૨) જ્યારે તેને દુન્યા કોઇ મોટી વસ્તુ મળે તો તેને વબાલ જાણે ÷ (૩) જ્યારે દીનની કોઇ ચીજ ઓછી પણ મળે તો તેને ગનીમત જાણે (૪) હરામ ભેલાઇલું હોય એવા ડરથી હલાલથી પોતાનું પેટ ભરે નહીં અને (૫) સઘળા લોકોને તે જુએ કે મુક્તિ પામ્યા અને પોતાને જુએ કે તે હલાક થયો.

હજરત અલી (રદી)થી રિવાયત છે કે જો પાંચ આદત નહીં હોત તો સઘળા લોક નેક થાત. (૧) જહાલત (અજ્ઞાનતા) ઉપર સંતોષ પકડવી.[૧] (૨) દુન્યાપર હિરસ કરવો (૩) વધારે ચીજ ઉપર બખીલી કરવી. (૪) અમલમાં રિયા (દેખાવ) કરવી અને (૫) પોતાની રાયને સારી જાણવી (તથા તે પર ખુશી થવું)

ઘણા ઓલમાઓથી રિવાયત છે કે અલ્લાહ તઆલાએ પોતાના નબીને (સલ) પાંચ બુઝુરગીઓથી માનીતા કર્યા છે. તેમને માનીતા કર્યા (૧) નામમાં (૨)પીન્ડ (જીસમ)માં (૩) બખશીશમાં (૪) ચૂકમાં અને [૫] ખુશ થવામાં. હવે નામ તો હજરતને તેમની રિસાલતના ગુણથી યાદ કર્યા અને તેમનું નામ લઇને તમામ પેગમ્બરોની જેમ પુકાર્યા નહીં. જેમકે આદમ નૂહ ઇબરાહીમ વગેરે * અને પિન્ડ તો જ્યારે નબી સાહેબે [સલ] કોઈ ચીજને પુકારી છે તો અલ્લાહે તેના તરફથી જવાબ વાળ્યો છે, બીજા પેગમ્બરો માટે એ કર્યું નથી. અને બખશીશ તો હજરતને વગર માંગે આપી છે. અને ચૂક તો અલ્લાહે જ્યાં ફરમાવ્યું છે અફલ્લા-હો અનક ત્યાં તેમનો ગુનાહ થયા પેહેલાં માફી બનાય કરી અને રજામન તો અલ્લાહે તેમના ફિદયાને સદક.ને નફકાને કદી પાછો ફેરવ્યો નથી જેમ બીજા પેગમ્બરોના ફેરવ્યા છે.

અબ્દુલ્લાહ બીન અમર બીન આસ [રદી]થી રિવાયત છે કે તમારામાંથી જેનામાં પાંચ ચીજો હશે તે દુન્યા તથા આખેરતમાં નેક બખત થશે [૧] દરેક વખત લાએલાહ ઈલ્લ-લ્લાહ મોહમ્મદુર રસૂલુલ્લાહની = હમેશ જીકર કરે (૨) જ્યારે કોઇ બલામાં ફસે તો ઇન્ના લિલ્લાહે વ ઇન્ના ઇલૈહે રાજેઉન + વ લા હવલ વ લા કુવ્વત ઇલ્લા બિલ્લાહિલ અલીયીલ અજીમ કહે. (૩) જ્યારે કોઇ નેઅમત અપાય તો તે નેઅમતના શુકરમાં અલ હમ્દો લિલ્લાહે

૧ એટલે દુન્યાના વધારાને પોતાના હકકમાં વબાલ સમજે તેનાપર ખુશ નહીં થાય કારણ કે તેનો હિસાબ આપવો પડશે.

+ એટલે અજ્ઞાન રહેવું અને વીદ્યા નહી શીખવી.

* એટલે જેવી રીતે બીજા અંબિયાઓને નામ લઈને પુકાર્યા છે તેવી રીતે અમારા હજરત (સલ) ને પુકાર્યા નથી. તેઓને ફરમાવ્યું ઓ ઈબરાહીમ, ઓનૂહ, ઓ આદમ, ઓ મૂસા પણ અમારા પેગમ્બરને ફરમાવ્યું ઓ રસૂલ, ઓ નબી, ઓ મુઝ્ઝમ્મેલ. અલેહેમુસ્સલામ.

= અર્થ-અલ્લાહ સિવાય કોઈ પૂજ્ય નથી. અને હજરત મોહમ્મદ ખોદાના ભેજેલા છે.

× અર્થ-અમો અલ્લાહની મિલક છીએ અને અમો અલ્લાહના તરફ ફરીશું અને અલ્લાહ બોલંદ મોટા સિવાય ગોનાહોથી બચવાની તથા ઈબાદત કરવાની કુવ્વત નથી.

રબ્બિલ આલમીન = કહે. (૪) જ્યારે કોઈ કામ શરૂ કરે તો બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ * કહે અને (૫) જ્યારે ગુનાહ કરવામાં ચૂક થાય છે તો અસ્તગફેરૂલ્લાહલ અઝીમ વ અતુબો ઇલૈહ્ ÷ કહે.

હસન બસરી (રહ)થી રિવાયત છે કે તેવણે કહ્યું, તૌરાતમાં પાંચ શબ્દો લખાયા છે (૧) તવંગરી સંતોષમાં છે (૨) સલામતી કોરે બેસવામાં છે (૩) માન શહવતો છોડવામાં છે (૪) લાભ ઉઠાવવો ઘણા દહાડામાં મળે છે અને (૫) સબર થોડા દહાડામાં છે. ×

હજરત નબી (સલ)થી રિવાયત છે કે પાંચ વસ્તુને પાંચ વસ્તુ પહેલાં ગનીમત જાણ (૧) તારી જુવાનીને બુઢાપા પેહેલાં (૨) તારી તંદરૂસ્તીને બીમારી પેહેલાં (૩) તારી તવંગરીને મોહતાજી પેહેલાં (૪) તારી જીન્દગીને મોત પેહેલાં અને (૫) તારી ફરાગતને કંઇમાં ગુંથાવા પેહેલાં.

યહયા બીન મોઆજ રાઝી (રહ)થી રિવાયત છે કે જે ઘણું પેટ ભરે તેને ઘણું માસ ચઢે, અને જેને ઘણું માસ ચઢે તેની શહવત વધે, અને જેની શહવત વધે તેના ગુનાહ ઘણા થાય. અને જેના ગુનાહ ઘણા થાય તેનું દિલ સખત થાય. અને જેનું દિલ સખત થાય તે દુન્યાની આફતમાં તથા તેની ઝીનતમાં ડુબે.

= અર્થ-સર્વ શુકર જહાનના પરવરદિગાર અલ્લાહ માટે છે.

* મોટો મેહેરબાન દયાળું અલ્લાહના નામથી.

÷ હું મોટાઈવાળા અલ્લાહ પાસે બખશીશ માંગું છું. અને હું તેના તરફ વળું છું.

× ખાહિશોના છોડવામાં બુઝુરગી છે. કારણ કે ખાહેશ [ઇચ્છા]ની દુંઢમાં હલકાઈ અખત્યાર કરવી પડે છે. અને જેણે ખાહિશ છોડી તે સર્વથી બેગરજ થયો માટે તે બુઝરૂગ થયો.

સુફ્યાન સૌરી (રહ)થી રિવાયત છે કે તેવણે કહ્યું, ફકીરોએ પાંચ વાત પસંદ કરી અને તવંગરોએ પાંચ વાત પસંદ કરી. ફકીરોએ (૧) નફસની રાહતને (૨) દિલની ફરાગતને (૩) પરવરદિગારની બંદગીને (૪) હલકા હિસાબને અને (૫) બોલંદ મરતબાને. અને તવંગરોએ (૧) જીવના થાકવાને = (૨) દિલ લાગેલું રાખવાને (૩) દુન્યાની બંદગીને (૪) હિસાબની સખતીને અને (૫) નીચા મરતબાને પસંદ કર્યાં છે.

અબ્દુલ્લાહ અનતાકી [રહ]થી રિવાયત છે કે પાંચ ચીઝો દિલની દવા છે. (૧) નેકો સાથે બેસવું [૨] કુરઆન પઢવું [૩] પેટ ખાલી રાખવું [૪] રાતના ઉઠવું અને [૫] સવાર થતાં આજેઝી કરવી.

ઘણા આલમાથી રિવાયત છે કે ફિકર [વિચાર] પાંચ તરેહની છે (૧) અલ્લાહની નિશાનીયોમાં ફિકર કરવી, આથી તૌહીદ તથા યકીન ઉત્પન્ન થાય છે (૨) અલ્લાહની નેઅમતોમાં ફિકર કરવી, આથી મોહબ્બત ઉત્પન્ન થાય છે. (૩) અલ્લાહના વઅદામાં ફિકર કરવી આથી વલણ [રગબત] ઉત્પન્ન થાય છે (૪) અલ્લાહના આપેલા ડર (વઈદ)+માં ફિકર કરવી આથી દેહશત ઉત્પન્ન થાય છે. અને (૫) અલ્લાહનું એહસાન હોવા છતાં તેની બંદગીમાં કરેલી કમીમાં ફિકર કરવી, આથી શરમ ઉત્પન્ન થાય છે.

એક હકીમથી રિવાયત છે કે તકવા [પરહેઝગારી]ની આગળ પાંચ ઘાટીઓ છે જે કોઈ તેથી વધ્યો તેણે તકવો મેળવ્યો

=કારણ કે માલની દુંઢમાં ઘણી તકલીફો પહોંચે છે.

+ અલ્લાહે જે બખશવાને ફરમાવ્યું તેને વાયદો કહે છે. અને જે અઝાબ કરવાને ફરમાવ્યું તેને વઈદ-કહે છે.

[૧] એશ આરામ કરતાં સખતીને પસંદ કરવી (૨) રાહત કરતાં મેહનતને પસંદ કરવી. (૩) ઈજ્જત કરતાં જીલ્લતને પસંદ કરવી. (૪) નકામા બકવા કરતાં ચૂપકીને પસંદ કરવી. અને (૫) જીન્દગી કરતાં મૌતને પસંદ કરવું.

હજરત નબી (સલ)થી રિવાયત છે કે ગુસપુસ વાત કરવી (સરગોશી) ભેદને સંભાળે છે, અને સદકો માલને સંભાળે છે, અને ઈખલાસ (નિર્મળ બંદગી) અમલોને સંભાળે છે, અને સચ્ચાઈ વાતોને સંભાળે છે, અને મશવરો અકલ (બુદ્ધિ)ને સાચવે છે.

હજરત નબી (સલ)થી રિવાયત છે કે માલ સંગ્રહ કરવામાં પાંચ વાતો છે (૧) તેના ભેગા કરવામાં તકલીફ ઉઠાવવી (૨) તેના સુધારવામાં અલ્લાહની યાદથી બેપરવાઇ થવી. (૩) તેના લઇ જનારનો તથા ચોરનો ડર. (૪) પોતા માટે બખીલનું નામ ધારણ કરવું અને (૫) તેને માટે નેક લોકોથી જુદાઈ કરવી. અને તેને જુદો કરવામાં પાંચ વાતો છે (૧) તેની ઢુંઢથી જીવને રાહત (૨) અલ્લાહની યાદ માટે તેની સંભાળ કરવાથી ફરાગત. (૩) તેના લઇ જનાર તથા ચોરના ડરથી ચેહેન (૪) પોતા માટે કરીમ (સખી)નું નામ ધારણ કરવું. અને (૫) તેની જુદાઈથી નેક લોકોની સંગત.

સુફયાન સૌરી [રહ]થી રિવાયત છે કે આ વખતમાં પાંચ ખસલતો હોવા વગર મા ભેગો થતો નથી. [૧] લાંબી ઉમેદો (૨) ઘણો લોભ [૩] ઘણી બખીલાઇ [૪] ઓછી પર હેઝગારી અને [૫] આખેરતનો ભુલાપો

કોઈ કવિએ શેઅરો કહી છે

યા ખાતેબદ દુન્યા ઇલા નફસિહી..
ઇન્ન લહા ફી કુલ્લે યવમીન ખલીલા.
તસ્તનકેહુલ બઅલ વ કદ વોતેઅત.
ફી મવજેઇન આખર મિન્હો બદીલા.
મા અકબલદ દુન્યા લે મુસ્તાબેહા.
લે કતલેહીમ કતીલં કતીલા.
ઇન્ની લ મુગતરૈવ વ અન્નલ બલાઅ.
યઅમલો ફી જીસમી કલીલં કલીલા.
તઝવવદૂ લિલ મૌતે ઝાદં ફ્કદ.
નાદલ મોનાદિર રહીલર રહીલા.*

હાતેમ અસમ્મ [રહ]થી રિવાયત છે કે તેવણે કહ્યું, જલદી કરવું શેતાનથી છે પણ પાંચ જગ્યામાં નહીં. કેમકે તે રસૂલુલ્લાહના તરીકા છે (૧) જ્યારે મેમાન આવે તેને ખાણું ખવરાવવામાં (૨) મરે ત્યારે મૈયતના કફન દફનની તયારીમાં (૩) છોકરી જુવાન થાય ત્યારે તેની શાદી કરવામાં+ (૪) દેણ જ્યારે

---

* એનો અર્થ કવિતામાં

જાન લે એ ખસમે દુન્યા બિલ યકીં.
વાસતે ઈસકે હમેશા હે ખલીલ.
હે નિકાહ ઇસકા કિસીન્ન ખસમ સે.
ઔર કિયા પામાલ ઉસકા એક બદીલ.
કબ તવજ્જોહ રખતી હે ખસમોસે અબ.
કતલ કરની હે યેહ પેદર પૈ કતીલ.
મેં ફરેબ ઈસકે મેં આયા ઔર બલા.
જીસમ મેં મેરે યેહ હોતી હે દખીલ.
મૌત કે તોશે કા અબ સામાં કરો.
યેહ મોનાદિ જાએમા હે અરહીલ.

સમજલે ખૂબ એ દુનિયાકે તાલિબ.
કે ઈસકા રોઝ હોતા હે નયા યાર.
લગાતી હે કિસીકો ઘૈ યહ જાલિમ.
ચોરાતી હે કિસીસે આંખ એયાર.
ઉસે કયા અપને યારોકી હે પરવાહ
હરએક કો માર રખતી હે યહ મક્કાર.
ફરેબોં મેં મેં ઇસકે આગયા હું.
રગો પૈ મેં મેરે પોહોંચી હે ગદ્દાર.
નેદાએ કુચ દેતા હે મોનાદી
કરો તુમ મૌત કે તોશા કો તૈયાર.

× રસૂલુલ્લાહ [સલ] ફરમાવે છે કે જ્યારે તમારી પાસે નિકાહની માંગણી એવો શખ્સ કરે જેના દીન તથા સ્વભાવને તમો પસંદ કરો છો તો તેની સાથે નિકાહ કરી દો જો તમો એ નહીં કરશો તો જમીનમાં ફિતનો તથા મોટો ફસાદ થશે. મિશકાત તીરમેજી. ગુ. મો.

વાજેબ થાય તેના અદા કરવામાં અને (૫) જ્યારે તકસીર થાય અને ગુનોહ બને તેની તોબામાં.

મોહમ્મદ બીન ફૂરી (રહ)થી રિવાયત છે કે પાંચ વાતોને લીધે શૈતાન બદ બખ્ત થયો(૧) તેણે ગુનાહનો ઇકરાર કર્યો નહીં (૨) પશ્ચાતાપ કર્યો નહીં (૩) પોતાને ઠપકો આપ્યો નહીં (૪) તોબાનો ઇરાદો કર્યો નહીં અને (૫) અલ્લાહની રહમતથી નાઉમ્મેદ થયો. અને પાંચ વાતોને લીધે આદમ (અલે) નેક બખ્ત થયા. (૧) ગુનાહનો ઈકરાર કર્યો (૨) તેપર પસતાવો કર્યો (૩) પોતાના જીવને ઠપકો આપ્યો (૪) તોબા કરવામાં જલદી કરી, અને (૫) અલ્લાહની રહમતથી નાઉમ્મેદ થયા નહીં.*

શકીક બલખી (રહથી) રિવાયત છે કે તેવણે કહ્યું, તમો પાંચ ખસલતને પકડી રાખો અને તે પર અમલ કરો. (૧) અલ્લાહ તરફ તમારી જેટલી ગરજ છે તેના પ્રમાણમાં તેની ઇબાદત કરો (૨) દુન્યામાં જેટલી તમારી ઉમર છે તેના પ્રમાણમાં તમો તેમાંથી લ્યો (૩) અલ્લાહના અજાબ ઉપર તમારી જેટલી શકિત હોય તેટલા ગુનાહ કરો (૪) કબરમાં તમારા રહેવા જેટલું તમો દુન્યામાં ભાથુ બનાવો અને (૫) જંનતમાં જેટલું રહેવાનું તમો ધારો છો તે પ્રમાણે અમલ કરો.+

હજરત ઓમરે (રહ) કહ્યું છે કે મેં તમામ દોસ્તોને જોયા પણ કોઇ દોસ્ત જુબાન સંભાળવાં કરતાં શ્રેષ્ઠ જોયો નહીં મેં સઘળાં કપડાં જોયાં પણ પરહેઝગારીથી કોઈ કપડું અફ્જલ જોયું નહીં. મેં તમામ માલોને જોયા પણ સંતોષ કરતાં બેહુતર માલ જોયો નહીં. મેં સઘળી નેકીયો જોઈ પણ નસીહત કરવા કરતાં અફ્જલ નેકી જોઈ નહીં. મેં તમામ ખાણા જોયાં પણ ધીરજ (સબર) કરતાં લેહુજતદાર ખાણુ જોયું નહીં.

એક હકીમથી રિવાયત છે કે તેણે કહ્યું, ઝોહદ પાંચ વસ્તુ છે (૧) અલ્લાહ પર ભરોસો કરવો (૨) મખલૂકથી બેઝાર રહેવું (૩) નિર્મળ અમલ કરવો (૪) જુલમ બરદાશત કરવો અને (૫) જે હાથમાં હોય તે પર સંતોષ પકડવો. ÷

એક આબેદથી રિવાયત છે કે તેણે પોતાની મુનાજાતમાં કહ્યું, એ અલ્લાહ લાંબી આશાઓએ મને ધોકામાં નાખ્યો છે. દુન્યાની મોહબ્બતે મને હલાક કર્યો છે. શૈતાને મને ગુમરાહ કર્યો છે. બુરીવાતના હુકમ કરનાર જીવે (નફ્સ અમ્મારાએ) સત્ય વાતથી રોકયો છે. અને બુરા સોબતીએ ગુનાહ ઉપર મારી મદદ કરી છે. માટે એ ફ્રયાદ કરનારાઓના ફ્રયાદે

---

* એટલે જે શખ્સથી ગુનોહ થાય તેને જોઈએ કે હઝરત આદમ [અલ]નો માર્ગ સ્વીકારે કે જેથી તેની બખશીશ થાય એટલે ગુનાહનો એકરાર કરે અને પસતાવો કરીને પોતાના જીવને ઠપકો આપે અને જલદીથી તોબા કરે અને અલ્લાહની રહમતથી નાઉમેદ થાય નહીં અને શૈતાનનો રસ્તો કદી પકડે નહીં કેમકે તેની બખશીશ નહીં થઈ એટલે તકબ્બોરીની રૂએ તોબા નહીં કરે ગુનાહનો ઇકરાર નહીં કરે અને અલ્લાહની રહમતથી નાઉમેદ થાય.

+ હાજત પ્રમાણે અલ્લાહાને પૂજવું જોઇએ અને માણસને તો હમેશ અલ્લાહથી ગરજ છે માટે તેની હમેશ બંદગી કરવી જોઈએ. અને દુન્યામાં થોડું રહેવું છે. માટે દુન્યાને થોડી લેવી જોઈએ. અને અજાબ ઉપાડવાની શકિત નથી માટે ગુનોહ નજ કરવો જોઈએ. અને કબરમાં કેયામત સુધી રહેવું છે તેટલું ભાથું લેવું જોઈએ. અને જન્નતમાં હમેશ રહેવું છે માટે હમેશા જંન્નતનાં કામ કરવાં જોઇએ.

÷ એટલે અમલ નિર્મળ [ખાલેસ] અલ્લાહ માટે કરે અને જુલમની બરદાસ કરે બદલો નહીં લેવો જોઇએ અને હાથમાં જે હોય તે પર સંતોષ પકડે વધારેની હુંદ નહીં કરે.

પોહોંચનાર તું મારી ફરયાદે પોહોંચ. જો તેં મારા પર રહમ નહીં કરી તો તારા વગર કોણ મારા પર રહમ કરે. ?

હજરત નબીએ (સલ) ફરમાવ્યું કે મારી ઉમ્મત ઉપર એક એવો વખત આવવાનો છે જેમાં તેઓ પાંચ ચીજની મોહબ્બત કરશે અને પાંચ વાત ભૂલી જશે (૧) દુન્યાની મોહબ્બત કરશે અને આખેરતને ભૂલી જશે (૨) જીન્દગીની મોહબ્બત રાખશે અને મૌતને ભૂલી જશે (૩) મેહેલોની મોહબ્બત રાખશે અને કબરોને ભૂલી જશે (૪) માલની મોહબ્બત રાખશે અને હિસાબને ભૂલી જશે અને (૫) મખલૂકની મોહબ્બત કરશે અને ખાલેકને ભૂલી જશે.

યહયા બીન મોઆજ રાઝી (રહ) એ મોનાજાતમાં કહ્યું, એ અલ્લાહ તારી મોનાજાત કર્યા વગર રાત સારી લાગતી નથી. તારી બંદગી કર્યા વગર દિવસ ભલો લાગતો નથી. તારી યાદ વગર દુન્યા સારી દેખાતી નથી. તારી બખશીશ વગર આખેરત સારી લાગતી નથી. અને તારા દીદાર વગર જંનત સારી લાગતી નથી.

છ છ ચીજનો અધ્યાય.

હજરત નબી (સલ) એ ફરમાવ્યું, છ ચીજો તે છ જગ્યા ગરીબ (અજાણી, મોસાફેર સરખી) છે * [૧] જે લોકો નમાઝ નહીં પઢે તેઓમાં મસજીદ ગરીબ છે [૨] જે લોકો કુરઆન પઢતા નથી તેઓના ઘરમાં કુરઆન ગરીબ છે (૩) બુરા ચલણુવાળાના પેટમાં કુરઆનના અર્થ (જાણતો હોય તો) ગરીબ છે. [૪] જાલેમ બુરા સ્વભાવવાળા પુરૂષના હાથમાં મુસલમાન નેક બખ્ત ઓરત ગરીબ છે (૫) બુરા સ્વભાવવાળી ખરાબ સ્ત્રીના હાથમાં મુસલમાન નેક બખત પુરૂષ ગરીબ છે અને [૬] જે લોકો સાંભળે નહીં તેવાઓમાં આલિમ ગરીબ છે. ફરી હજરતે [સલ] ફરમાવ્યું કે ખચીત અલ્લાહુ તઆલા તેઓના તરફ રહમતની નજરે કેયામતમાં જોશે નહીં.

હજરત નબી સાહેબે (સલ) ફરમાવ્યું કે છ શખ્સો ઉપર મેં લાનત કરી અને અલ્લાહુ તઆલાએ (પણ) તેઓ ઉપર લાનત કરી. અને દરેક નબીની દોઆ કબૂલ છે + (૧) અલ્લાહુ તઆલાની કિતાબમાં વધારો કરનાર. (૨) અલ્લાહુ તઆલાની તકદીરને જૂઠવનાર (૩) જબરદસ્તીથી હુકુમત કરનાર કે અલ્લાહે જેને જીલ્લત આપી તેને ઇજ્જત આપે અને જેને અલ્લાહે ઈજ્જત આપી તેને જીલ્લત આપે. (૪) અલ્લાહુ તઆલાના હરામને હલાલ ઠેરવનાર (૫) મારી ઓલાદથી જે ચીજ અલ્લાહે હરામ કરી તેને હલ્લાલ કરનાર ÷

* એટલે આ છ ચીજ ગરીબ છે. જેવી રીતે મોસાફેર અજાણ્યુ હોય છે તેનો હાલ કોઈ પૂછતો નથી. અને કુરઆન ફાસેક હાફેજના પેટમાં મુસાફેર જેવું છે ન તેને પઢે છે અને ન તેના ઉપર અમલ કરે છે.

+ એટલે મારી લાનત જરૂર લાગુ પડશે. ગુ. મો.

÷ એટલે મારી ઓલાદથી એવો બરતાવ કરે કે અલ્લાહે તે હરામ કર્યો હોય જેમકે કતલ કરવું અથવા તેઓ પર જુલમ કરવો અથવા બીજી કંઇ તકલીફ આપવી. બીજા મુસલમાનોથી પણ આ કામો હરામ છે પણ રસૂલુલ્લાહની આલથી જે આવો મામલો કરશે તે ઝરૂર મલઊન થશે. રસૂલુલ્લાહની આલની મોહબ્બત રાખવી તેમની સાથે એહસાન કરવું તેમને માન દેવું ઉમદા કામ છે. પણ જે આલ હજરતની સુંનત ઉપર ચાલતી નથી હમેશ બુરા ચલણોમાં રહે છે તેઓને કુરઆન શરીફ આલના માનથી કાઢે છે. તથા એઓને માન આપવું તે હજરતના દીનનું તથા તેમના ફરમાનનું અપમાન કરવું છે. વળી આલ પણાને લીધે માન આપવામાં એક ગાદી નશીન સૈય

અને [૬] મારી સુંનતને તરક કરનાર. ખચીત અલ્લાહ તઆલા એઓની તરફ કિયામતના રહમતની નજરે જોશે નહીં.

હજરત અબુ બકર સિદ્દીક [રદી]થી રિવાયત છે કે ખચીત ઇબલીસ (શૈતાન) તારી સામે ઉભો છે અને નફસ તારી જમણી બાજુએ છે અને ખાહિશ તારી ડાબી બાજુએ છે અને દુન્યા તારી પાછલ છે અને અંગ્યવ (આજા) તારી આસપાસ છે અને જબ્બાર (અલ્લાહ) તારા ઉપર છે (જગ્યાની રૂએ નહીં પણ કુદરતની રૂએ)= તો ઇબલીસ લઈને તો તને દીન છોડવા તરફ દોરે છે. અને નફસ તને ગુનાહો તરફ બુલાવે છે. અને ખાહિશ તને શહવત તરફ તેડે છે. અને દુન્યા તને આખેરત કરતાં પોતાને પસંદ કરવા તરફ નોતરે છે. અને આજા તને ગુનાહો તરફ પુકારે છે. અને જબ્બાર તને જંનત તથા મગફેરત તરફ બુલાવે છે. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે "અલ્લાહ જંનત તથા બખશીશ તરફ બુલાવે છે." તો જેણે ઇબલીસની વાત માની તેનાથી દીન જતું રહ્યું અને જેણે જીવની વાત માની તેનાથી રૂહ જતી રહી. × અને જેણે ખાહિશની વાત માની તો તેનાથી અકલ જતી રહી. અને જેણે દુન્યાની વાત માની તેનાથી આખેરત ગઇ. અને જેણે અંગ્યવોની વાત માની તેનાથી જંનત ગઇ. અને જેણે અલ્લાહના બુલાવવાને કબૂલ કર્યું તેનાથી બુરાયો જતી રહી અને તેણે તમામ ભલાઇઓ મેળવી.

હજરત ઓમર (રદી) થી રિવાયત છે કે અલ્લાહ તઆલાએ છ ચીજને છ ચીજમાં છૂપાવી છે (૧) ખુશીને બંદગીમાં છૂપાવી છે × (૨) ગજબને નાફરમાનીમાં છૂપાવ્યો છે (૩) ઇસમે-આજમને કુરઆનમાં છૂપાવ્યું છે (૪) લૈલતુલ કદરને રમજાનમાં છૂપાવી છે (૫) વુસતા÷ (વચલી) નમાઝને (પાંચ વખતની) નમાઝોમાં છૂપાવી છે અને (૬) કિયામતને દિવસોમાં છૂપાવી છે. =

હજરત ઉસમાન (રદી)થી રિવાયત છે કે ઈમાનવાળો છ કિસમના ખોફમાં છે. તેમાંનો એક અલ્લાહ તરફનો કે તે એનાથી ઇમાન લઇલ્યે *બીજો ફિરશ્તાઓ ૧ સંભાળ કરનાર તરફનો કે તેઓ એના વિષે એવું લખે કે જેથી કિયામતના દિવસે તે ફજીહત થાય. ત્રીજો શૈતાન તરફનો કે તે એના અમલ-

---

૬ અને ભીખારી સૈયદ બંને બરાબર છે. જે લોકો ગાદીએ બેઠેલા સૈયદને માન આપે છે, અને ગરીબ સૈયદને પૂછતા નથી તેઓ ખરૂં જોતાં ગાદીને તથા રિવાજને માન આપનાર છે. ગુ. મો.

= એટલે અલ્લાહ તઆલા બંદાઓના ઉપર છે તે સર્વોપર શકિત ધરાવનાર છે દરેક તેની કુદરતની નીચે છે કોઈ તેની કુદરતથી નીકળી શકતું નથી. ગુ. મો.

× એટલે જ્યારે નફસનું કહ્યું માન્યું તો તે રૂહ ઉપર ગાલેબ થશે અને રૂહ આજીઝ થશે. અને હલકી પડશે તો જાણે તે જતી રહી.

× એટલે અલ્લાહની બંદગી કરો તો તેની રજામન્દી પ્રગટ થાય છે. ગુ. મો.

÷ એટલે વચલી નમાઝ. એ વિષે ઓલમા મતફેર છે પણ ઘણા ઓલમાના મત પ્રમાણે તે અસરની નમાઝ છે. અલ્લાહની નઝદીક એ નમાઝની બુઝુરગી છે માટે તેના વિષે કુરઆનમાં તાકીદ થઈ.

= એટલે તે કયારે થશે તેની ખબર કોઈ પેગમ્બરને કે ફિરશ્તા મોકર્રબને પણ નથી. ગુ.. મો.

* આદમી જ્યારે અલ્લાહની નાફરમાની ઘણી કરે છે તો ઈમાન તેનાથી જતું રહે છે.

૧ સંભાળ કરનાર ફિરશ્તા અમલ નામું પણ લખે છે.. કેટલાક ઓલમાનો આ મત છે. પણ બીજા કેટલાક ઓલમાનો મત છે કે અમલનામું લખનાર ફિરશ્તા બીજા છે અને સંભાળ કરનાર બીજા છે.

ને બાતેલ કરે. ચોથો મલકુલ–મૌત તરફ્નો કે તે એને અચાનક ગફ્લતમાં પકડે. = પાંચમો દુન્યા તરફ્નો કે તેને લીધે એ ધોકામાં પડે અને એને આખેરતથી બાજ રાખે. છઠ્ઠો અહલ અચાલનો કે તેઓમાં લાગેલો રહે અને અલ્લાહની યાદથી બાજ રહે.

હજરત અલી [રદી]થી રિવાયત છે કે તેવણે કહ્યું, જેણે છ ચીજને ભેગી કરી તેણે જંનતની ઢુંઢને તથા અગ્નિથી બચાવને છોડયા નહી + ૧ પ્રથમ તેણે અલ્લાહને ઓળખ્યો ફરી તેની બંદગી કરી [૨] શેતાનને ઓળખ્યો ફરી તેની નાફરમાની કરી. [૩] આખેરતને ઓળખી ફરી તેની ઢુંઢ કરી (૪) દુનિયાને પેહેચાની ફરી તેને છોડી (૫) સત્યને ઓળખી તેની પુઠે લાગ્યો અને (૬) બાતેલને પેહેચાની તેનાથી કિનારે રહ્યા.

વળી ફરમાવ્યું કે નેઅમતો છ ચીજો છે (૧) ઈસ્લામ [૨] કુરઆન [૩] મોહમ્મદ રસૂલુલ્લાહ (૪) આફિયત (૫) પરદા પોશી અને (૬) લોકોથી બેપરવાઇ.

યહયા બીન મોઆજ રાઝી [રહ] થી રિવાયત છે કે અમલની દલીલ [માર્ગ બતાવનાર] ઇલમ છે. ઇલમનું વાસણ સમજ છે. નેકી તરફ લઇ જનાર અકલ છે. ગુનાહોની સ્વારી ખાહિશ છે. તકબ્બોરી કરનારાઓની ચાદર માલ છે. અને દુન્યા આખેરતનું બજાર છે.

બુજુરચમહેરે કહ્યું કે છ ખસલતો તમામ દુન્યાની બરાબર છે (૧) ખાણું હજમ થનાર (૨) નેક છોકરો [૩] બાયડી મલતા સ્વભાવની (૪) મજબૂત વાત (૫) પુરતી અકલ અને (૬) તનદરૂસ્તી.

હસન બસરી [રહ]થી રિવાયત છે કે જો અબદાલો * ન હોત તો ઝમીન તથા જે તેમાં છે તે ધસી જતે. અને જો નેક બખતો નહોત તો બદ લોકો હલાક થતે. અને જો ઓલમા ન હોત તો સઘળા લોકો જાનવરો સરખા થતે. અને જો બાદશાહ ન હોત તો લોકો એક બીજાને હલાક કરતે. અને અહમકો (બુબકો) નહોત તો દુન્યા ખરાબ થતે. અને જો હુવા ન હોત તો દરેક વસ્તુ બદઓદાર થતે.

એક હકીમથી રિવાયત છે કે તેણે કહ્યું, જે કોઈ અલ્લાહથી નહીં ડર્યો તે જુઆનની લગઝિશ [સરી પડવા]થી નહીં બચ્યો. અને જે કોઇ અલ્લાહ પાસે આવવાથી નહીં ડર્યો તેનું દિલ હરામ તથા શુબહથી નહીં છુટયું. અને જે કોઇ મખલૂકથી નાઉમેદ નહીં થયો તે લોભથી નહીં બચ્યો. અને જે કોઇ પોતાના કામને સંભાળનાર નહીં થયો તે રિયા [દેખાવ] થી નહીં બચ્યો. અને જે કોઇએ પોતાના દિલની સંભાળ માટે અલ્લાહની મદદ નહીં લીધી તે અદેખાઈથી નહીં બચ્યો. અને જે કોઇએ પોતા કરતાં ઈલમ તથા અમલમાં શ્રેષ્ઠ તરફ નજર નહીં કરી તે ખુદ પસંદીથી નહીં બચ્યો.

હસન બસરી [રહ]થી રિવાયત છે કે તેવણે કહ્યું, દિલની સખતાઇ છ વસ્તુથી છે [૧] તોબાની આશાએ ગુનાહ કરે [૨] ઇલમ શીખે અને અમલ નહીં કરે

= અચાનક મૌત આવે તો ન તોબા કરી શકે ન લોકોનું હક્ક અદા કરી શકે અને ન કંઈ વસીયત કરી શકે.

+ એટલે આ છ વસ્તુના કરવાથી જંનતની ઢુંઢ થઈ ચુકી અને અગ્નિથી બચાવ કરી લીધો.

* અબદાલ તે અલ્લાહના મકબૂલ બંદા છે તેમની બરકતથી દુન્યા કાએમ છે. તેમાંનો જો કોઇ મરે છે. તો તેની જગ્યા બીજો નીમાય છે.

[૩] જ્યારે અમલ કરે તો ચોખ્ખું નહીં કરે [૪] અલ્લાહનું રિઝક ખાય અને શુકર નહીં કરે (૫) અલ્લાહની વેહેંચણી ઉપર રાજી નહીં રહે અને (૬) મુરદાંઓને દફન કરીને ઇબરત (ધડો) નહીં લ્યે.

વળી તેવણે કહ્યું, જે કોઇએ દુન્યાને ચાહી અને આખેતર છોડીને તેને પસંદ કરી તેને અલ્લાહ છ શીક્ષા કરે છે ત્રણ દુન્યામાં અને ત્રણ આખેરતમાં. હવે ત્રણ જે દુન્યામાં છે તે (૧) આશા છે જેનો છેડો નથી. (૨) વધુ લોભ છે જેને માટે સંતોષ નથી અને (૩) તેને માટે ઇબાદતનો મીઠાસ નથી. અને જે આખેરતમાં છે તે (૧) કિયામતનો ડર (૨) સખત હિસાબ અને (૩) લાંબો અફસોસ.

અહનફ બીન કેસ (રદી)થી રિવાયત છે કે અદેખાને રાહત નથી. જૂઠાને મરૂવ્વત નથી. બખીલને હીલો નથી. બાદશાહને વફાદારી નથી. બુરા સ્વભાવવાળાને સરદારી નથી. અને અલ્લાહની તકદીરને કોઈ ફેરવનાર નથી.

એક હકીમને પૂછ થઇ કે શું બંદો જ્યારે તોબા કરે તો તેને જણાય છે કે તેની તોબા કબૂલ થઈ અથવા નહીં કબૂલ થઇ ? તેણે કહ્યું કે હું એ વિષે કંઇ કહી શકતો નથી, પણ તેને માટે નિશાનીયો છે. (૧) તે પોતાને જુએ કે તે ગુનાહથી માસૂમ નથી (૨) તે પોતાના દિલમાં છૂપી ખુશીને અને દેખીત રીતે ગમ્મ જુએ * (૩) નેક લોકોની નઝદીક થાય એને બદ લોકોથી દૂર થાય (૪) દુન્યાના થોડાને ઘણું જુએ અને આખેરતના ઘણાંને થોડું [૫] જે ચીજનો અલ્લાહથી જામીન થયો છે તેમાં દિલને લાગેલું રાખે અને જે ચીજનો અલ્લાહ જામીન થયો છે તેથી પોતાના દિલને પરાજું રાખે ÷ અન [૬] જુબાનને સંભાળનાર હમેશા વિચારનાર તથા હમેશા ગમ પસતાવો કરનાર થાય.

* એટલે અલ્લાહના અઝાબથી નડર નહીં થાય પણ હમેશા ડરતો રહે.

યહયા બીન મોઆ જે (રહ) કહ્યું, માફીની આશાએ ગુનાહોમાં પડતા રહેવું, વગર બંદગી કરે અલ્લાહ તઆલાની નજદીકીની આશા કરવી, દોઝખના બીથી જંનતની ખેતીની વાટ જોવી. ફરમાબરદારો (નેકો)ના ઠેકાણાને ગુનાહો સાથે ઢુંઢ કરવી, વગર કરનીએ બદલાની આશા કરવી. હદથી વધવા છતાં અલ્લાહ પાસે ખોટી આશા કરવી. એ મારી નઝદીક મોટા ધોકામાં પડવું છે.

શેઅર

યરજુન નજાત વલા યસલોકો મસલકહા
ઇન્નસ સફીનત લા તજરી અલલ યુબસી.*

÷ એટલે બંદો જે ચીજનો અલ્લાહથી જામીન થયો છે તેમાં તેનું દિલ લાગેલું રહે. બંદાને માથે અલ્લાહની તૌહીદ. શિર્ક નહી કરવું. ઈસ્લામ કબુલ કરવું અને સારાં કામ કરવાં છે. તો તેમાં તેનું દિલ લાગેલું રહે. અને જે વસ્તુનો ખોદા જામીન છે તેથી પોતાના દિલને તે પરાજુ તથા બેફીકર રાખે. એટલે દુન્યામાં રિઝક આપવો તંદુરસ્તી બખશવી અને આખેરતમાં જંનતમાં દાખલ કરવું આ વાતોનો અલ્લાહ જામીન છે એથી નચિન્ત રહે.

* એના અર્થ કવિતામાં
રખે ઉમેદ જન્નત ઔર ન ઉસકી રાહ ચલે.
કહીં ભી ખુશકી મેં કિશ્તી કભી નિબાહ ચલે.
બીજા કવિએ કહ્યું.
દિલ મેં તો હૈ તોમ્હારે તમન્ના જન્નત કી
પર ઉસકી રાહ મેં નહીં રખતે કદમ કભી.
કયુંકર જન્નત પાઓ તુમ ઈનસાફ તો કરો.
ખુશકી મેં ભી કભી કોઇ કિશ્તી રવાં હુઈ.

અહનફ બીન કૈસને જ્યારે પૂછ થઈ કે કયી ચીજ બંદાને સારી અપાઇ? તેણે કહ્યું કે પેદાએશી અકલ. * કહેવાયું કે જો તે નહીં હોય તો? તેણે કહ્યું, સારો અદબ (નેક માર્ગ). કહેવાયું કે જો તે નહીં હોય તો? તેણે કહ્યું કે મલતા સ્વભાવનો દોસ્ત. કહેવાયું કે જો તે નહીં હોય તો? તેણે કહ્યું કે અલ્લાહથી લાગેલું દિલ. કહેવાયું કે જો તે નહીં હોય તો? તેણે કહ્યું કે ઘણું ચુપકા રહેવું. કહેવાયું કે જો તે નહીં હોય તો? તેણે કહ્યું કે મોત હાજેર.

સાત સાત ચીજનો અધ્યાય.

અબુ હોરેરા (રદી)થી રિવાયત છે કે હજરતે (સલ) ફરમાવ્યું કે કિયામતના દિવસે સાત શખ્સોને અલ્લાહ પોતાના અરશના સાયા (છાયા) માં રાખશે જે દિવસે તેના છાયા વગર કોઇ છાયા નથી. (૧) આદેલ હાકેમ (૨) જુવાન જે ઈબાદતમાં ઉછર્યો હોય. (૩) તે પુરૂષ કે જેણે તનહાઈમાં અલ્લાહની યાદ કરી ફરી તેની આંખો અલ્લાહ તઆલાના ડરથી વહી (૪) તે પુરૂષ કે જેનું દિલ મસજીદમાં આવવા સૂધી મસજીદ સાથે લાગેલું હોય + (૫) તે પુરૂષ કે જેણે કંઇ સદકો કર્યો પણ તેના ડાબા હાથે જાણ્યું નહીં કે જમણા હાથે શું કર્યું. (૬) તે બે પુરૂષો કે જેઓએ અલ્લાહને માટે દોસ્તી કરી અને (૭) તે પુરૂષ કે જેને એક ખુબસૂરત સ્રીએ પોતા તરફ બુલાવ્યો પણ તેણે નકાર કર્યો અને કહ્યું, હું અલ્લાહ તઆલાથી ડરૂં છું.

* પેદાએશી અકલના આ અર્થ છે કે અલ્લાહે તેની પેદાએશમાં અકલ રાખી હોય આ અકલ ઘણી સારી થાય છે.

\+ અટલે નમાઝ પઢીને મસજીદથી ઘેર આવ્યો પણ તેનું દિલ મસજીદમાં લાગેલું છે કે કયારે બાંગ થાય કે હું મસજીદમાં જાઉં અને નમાઝ પઢું.

હજરત અબુ બકર સિદ્દીકે (રદી) ફરમાવ્યું કે બખીલ આ સાત વાતથી કોરો નથી [૧] કાં તો તે મરે ફરી તેનો વારેસ એવો નીકળે કે તેના માલને ઉડાવે અને ખોદાએ નહીં હુકમ કર્યો એવી જગ્યામાં ખરચ કરે. (૨) અથવા અલ્લાહ તેના ઉપર એવો હાકેમ નીમે કે જે જુલમકાર હોય ફરી તે તેને હલકો કરીને તેનો માલ લ્યે. (૩) અથવા તેની શહુવત જોરમાં કરે કે તેના માલને બગાડે [૪] અથવા મકાન બનાવવાની પડેલી જગ્યામાં ઇમારતની તેને સુજ પડે જેમાં તેનો માલ જતો રહે + (૫) અથવા દુન્યાની મોસીબતોમાંથી કોઇ મુસીબત જેમકે ડુબવું, બળવું ચોરાવું વગેરે તેને લાગે (૬) અથવા તેને હમેશની કોઇ બીમારી લાગે જેથી તે પોતાનો માલ તેના ઈલાજમાં ખરચ કરે (૭) અથવા તો તે પોતાના માલને કોઇ જગ્યા ગાડે અને ફરી તે જગ્યા ભૂલી જાય અને તે મળે નહીં.

હજરત ઉમરે [રદી] કહ્યું કે જેની હસી વધારે હોય તેની હેબત ઓછી થાય. અને જે લોકોની હલકાઈ કરે તેથી તેની હલકાઈ થાય. અને જે કોઇ વસ્તુ ઘણી કરે તેમાં તેની ઓલખ થાય. ÷ અને જેની વાત વધારે તેનું બેહુદાપણું ઘણું, અને જેનું બેહુદાપણું ઘણું તેને શરમ ઓછી થાય.

× એટલે વગર જરૂરતે મકાન બનાવવું અથવા વેરાન જમીન ઉપર આબાદી કરવી એ માલનો નાશ કરવો છે.

÷ એટલે જે શખ્સ કોઈ ચીજમાં વધે છે તો તે ચીજની સાથે પ્રખીયાત થાય છે. જેમકે હજરત અબુ બકર સાચ (સત્ય, સિદક)માં વધયાથી સિદ્દીક અકબરના નામથી પરખીયાત થયા. અને હજરત ઓમરે ખરા ખોટામાં સારી રીતે જુદાઇ કરયાથી ફારૂક (જુદાઈ કરનાર) નો લકબ મેળવ્યો. એજ તોલ પર.

અને જેને શરમ ઓછી થાય તેની પરહેઝ-ગારી ઓછી. અને જેની પરહેઝગારી ઓછી તેનું દિલ મરે છે.

હજરત ઉસમાન (રદી)થી રિવાયત છે કે તેવણે અલ્લાહ તઆલાનો કોલ "વકાન તહતહુ કન્ઝુલ લહોમા વ કાન અબૂ હોમા સાલેહું"ની તફસીરમાં કહ્યું કે કન્ઝની મતલબ એક સોનાની તખતી છે જેના ઉપર સાત સતરો = લખાઈ હતી. એકમાં જે શખ્સ મોતને ઓળખે છે છતાં તે હસે છે તેથી હું તાજુબ કરૂં છું. જે શખ્સ દુન્યાને નાશવંતી ઓળખે છતાં તેની ખાહિશ કરે તેથી હું તાજુબ કરૂં છું. જે શખ્સ જાણે છે કે સઘળા કામ તકદીરથી છે છતાં તે કોઇ ચીજના જતી રહેવાથી ગમ કરે છે તેથી હું તાજુબ કરૂં છું. જે શખ્સ હિસાબને જાણે છે છતાં તે માલ ભેગો કરે છે તેનાથી હું તાજુબ કરૂં છું. જે શખ્સ અગ્નિને ઓળખે છે છતાં તે ગુનોહ કરે છે તેનાથી હું તાજુબ કરૂં છું. જે શખ્સ ખાતરીથી અલ્લાહને ઓળખે છે છતાં તે બીજાની યાદ કરે છે (બીજાથી મદદ માંગે છે) * તેનાથી હું તાજુબ કરૂં છું. જે શખ્સ જંનતને ખાતરીથી પેહેચાને છે છતાં તે દુન્યાની રાહતમાં સંતોષ પકડે છે તેનાથી હું તાજુબ કરૂં છું. અને જે શખ્સ શૈતાનને પોતાનો દુશમન જાણે છે ફરી તેની તાબેદારી કરે છે તેનાથી આશ્ચર્ય થાઉં છું.

હજરત અલી (રદી)ને પૂછાયું કે (૧) આસમાનથી કયી ચીજ ઘણી ભારી છે? (૨) ઝમીનથી કયી ચીજ ઘણી ચોડી છે? (૩) દરયાથી કયી ચીજ ઘણી તવંગર છે? (૪) પત્થરથી કયી ચીજ ઘણી સખ્ત છે? (૫) અગ્નિથી કયી ચીજ ઘણી ગરમ છે? (૬) ઝમહરીરથી+ કયી ચીજ ઘણી ઠંડી છે? અને (૭) ઝેહરથી કયી ચીજ ઘણી કડવી છે? હજરત અલીએ (રદી) ઉત્તર આપ્યો કે લોકોને તોહમત આપવી એ આસમાનથી ઘણી ભારી છે. અને સત્ય (હક્ક વાત) એ ઝમીનથી વધુ કોશાદા છે. અને સંતોષ પકડનારનું દિલ દરયાથી ઘણું તવંગર છે. અને મોનાફિકનું દિલ એ પત્થરથી વધુ સખ્ત છે. અને જુલમકાર બાદશાહ એ અગ્નિથી વધુ ગરમ છે. = અને બખીલ તરફ પોતાની હાજત લઇ જવી એ ઝમહરીરથી ઘણી ઠંડી છે. અને સબર કરવો એ ઝેહરથી વધુ કડવો છે. અને એમ પણ કહેવાયું છે કે ચાડી ખાવી એ ઝેહરથી વધુ કડવી છે.

હજરત નબીએ (સલ) ફરમાવ્યું કે દુન્યા જેનું ઘર ન હોય તેનું તે ઘર છે. અને જેનો માલ નહોય તેનો એ માલ છે.

= સાત લીટી હતી એક એક લીટીમાં એક એક વાત લખાઇલી હતી પણ એ વાતની ગણુતરી થઇ તો આઠ થઈ. તો કદાપી એક લીટીમાં બે વાત લખાઈ હશે. અથવા કોપી કરનારની ચૂકથી એક વાત વધુ લખાઇ હશે અથવા સાતનો શબ્દ ભુલથી લખાયો હશે અને ત્યાં શબ્દ આઠનો હશે. એટલે આઠ લીટી હતી. જો એમ હોય તો આ હદીસ આગલા અધ્યાયની થઈ.

* એટલે જે શખ્સ જાણે છે કે અલ્લાહ દરેક ચીજપર શકિતમાન છે અમારી દરેક હાજત જાણે છે તે દયાલું રહમ કરનાર છે બખશીશ કરનાર છે. છતાં ખોદા સિવાય બીજાઓથી હાજત માંગે તેપર તાજુબ છે. કોઈ કવિએ કહ્યું છે " વોહ કયા હૈ જો નહીં હોતી ખોદાસે * જેસે તુમ માંગતે હો અવલેયા સે " ગુ. મો.

+ ઝમહરીર ઠંડી હવાને કહે છે જેમાં ઠાઠર હોયછે.

= જાલિમ બાદશાહ અગ્નિથી વધુ ગરમ છે. કેમકે તે એક દમમાં મખલુકને જલાવે છે. તથા અગ્નિથી બચાવ કરવો સેહેલો છે પણ એનાથી બચાવ મુશ્કેલ છે.

અને જેને બુધ્ધિ નહોય તે એને ભેગી કરે છે. અને જેને સમજ નહોય તે એની શહવતમાં લાગે છે. અને જેને ઈલમ નહોય તે એના વિષે શીક્ષા પામે છે. અને જેને હુશીયારી નહોય તે એને માટે અદેખાઇ કરે છે. અને જેને યકીન નહોય તે એને માટે કોશીશ કરે છે.

જાબેર (રદી)થી રિવાયત છે કે હજરતે (સલ) ફરમાવ્યું કે જીબરઈલ (અલે) મને હમેશ પડોશી માટે આજ્ઞા કરતા રહ્યા તે એટલાં સૂધી કે મેં ધાર્યું કે તે તેને વારેસ ઠેરવશે. અને હમેશ મને સ્ત્રીઓ વિષે આજ્ઞા કરતા રહ્યા તે એટલાં સૂધી કે મેં ધાર્યું કે તે તેઓની તલાકને હરામ કરશે. અને હમેશ મને ગુલામો વિષે નસીહત કરતા રહ્યા તે એટલાં સૂધી કે મેં ધાર્યું કે તેવણ તેઓ માટે એક વખત ઠેરવી તેમાં તેઓને આઝાદ કરશે. અને હમેશ મને મિસવાક વિષે આજ્ઞા કરતા રહ્યા તે એટલાં સૂધી કે મેં ધાર્યું કે તે ફરજ છે. અને હમેશ મને જમાઅતથી નમાઝ પઢવા વિષે કહેતા રહ્યા તે એટલાં સૂધી કે મેં ધાર્યું કે જમાઅત વગરની નમાઝને અલ્લાહ તઆલા કબૂલ કરશે નહીં. અને હમેશ મને રાતના ઉઠવાની નસીહત કરતા રહ્યા તે એટલાં સૂધી કે મેં ધાર્યું કે રાતમાં સૂવાનું નથી. અને હમેશ મને અલ્લાહની યાદની વસીયત કરતા રહ્યા તે એટલાં સૂધી કે મેં ધાર્યું કે દરેક વાત જીકર સાથેજ લાભ કારક છે.

હજરત નબી સાહેબે (સલ) ફરમાવ્યું કે સાત શખ્સો તરફ અલ્લાહ કિયામતના દિવસે જોશે નહીં અને તેઓને પાક કરશે નહીં અને તેઓને દોઝખમાં નાંખશે. (૧) લોંડા બાજી કરનાર તથા કરાવનાર.* (૨) હાથથી વીર્ય કાઢનાર. (૩) ચોપગાથી વ્યભિચાર કરનાર. (૪) સ્ત્રીને પાછલે માર્ગે બદફેલી કરનાર. (૫) એક સ્ત્રીને તથા તેની છોકરીને ભેગી રાખનાર. (૬) પડોસીની બાયડીથી ઝિના કરનાર અને (૭) પડોસીને દુઃખ આપનાર તે એટલાં સૂધી કે તે તેના પર લાનત કરે.

હજરત નબી સાહેબે (સલ) ફરમાવ્યું કે અલ્લાહના માર્ગમાં મરાઈલા સિવાય શહીદો સાત છે (૧) પેટ ચાલેલો શહીદ છે ÷ (૨) ડુબેલો શહીદ છે. (૩) જાતુલ જન્બ (બીમારી) વાળો શહીદ છે. (૪) પલેગ વાળો શહીદ છે (૫) બળેલો શહીદ છે. (૬) દબાઈને નીચે મરનાર શહીદ છે અને (૭) જે સ્ત્રી જણતી મરે તે શહીદ છે. =

ઈબને અબ્બાસ (રદી) થી રિવાયત છે, અકલવાળાને યોગ્ય છે કે તે સાત વાતોને સાત વાતો કરતાં પસંદ કરે (૧) ફકીરીને તવંગરી કરતાં (૨) જીલ્લતને ઈજ્જત કરતાં + (૩) તવાજો (નમ્રતા) ને તકબ્બોરી (ગરૂર) કરતાં (૪) ભૂખને પેટ ભરવા કર-

* જે પુરૂષ બીજા પુરૂષથી બદફેલી કરશે તો કરનાર તથા કરાવનાર બંનેને અજાબ થશે. અને જે કોઈ કોઈ સ્ત્રીને તથા તેની છોકરીને ઘરમાં રાખશે એટલે બંનેને સાથે બાયડી બનાવશે તેને પણ અજાબ થશે. એક બાયડીને નિકાહમાં લાવ્યા પછી તેની માની સાથે કદી પણ નિકાહ દુરસ્ત નથી. એવીજ તરેહ એક બાયડીને બાયડીપણામાં રાખ્યા પછી કદી પણ તેની છોકરીથી નિકાહ દુરસ્ત નથી ગુા. મો.

÷ એટલે જેને દસ્ત થયા કરતા હોય ને તેથી તે મરે તો તે પણ શહીદ છે.

= મોટા મરતબાવાળો શહીદ તો તેજ છે કે જે કાફેરોની લડાઈમાં મરાયો હોય. અને આ લોકોને હજરતે શહીદ કહ્યા એટલે એઓને પણ શહીદનો સવાબ મળશે પણ શહીદે અકબર તેજ છે.

× એટલે દુન્યાની જીલ્લતને તેની ઇજ્જતપર અને આખેરતના ગમ્મને દુન્યાની ખુશીપર.

તાં (૫) ગમને ખોશી કરતાં (૬) ઘટેલાને ચઢેલા કરતાં અને [૭] મોતને ઝિન્દગી કરતાં.

આઠ આઠ ચીજનો અધ્યાય.

હજરત નબીએ [સલ] ફરમાવ્યું કે આઠ વસ્તુ આઠ વસ્તુથી ધરાતી નથી. આંખ નીહાળવાથી [૨] પૃથ્વી વરસાદથી [૩] માદા નરથી [૪] આલિમ ઈલમથી. [૫] માંગનાર માંગવાથી. (૬) લોભી ભેગું કરવાથી. (૭) દરયા પાણીથી અને (૮) અગ્નિ બળતણથી.

હજરત અબુ બકર સીદ્દીક (રદી) થી રિવાયત છે કે આઠ ચીજો આઠ ચીજો માટે સોભા, સણગાર છે [૧] પાકદામની [અથવા પરહેઝગારી] ફકીરીની ઝીનત છે. [૨] શુકર નેઅમતની ઝીનત છે [૩] સબર બલાની ઝીનત છે [૪] હિલમ ઇલમની ઝીનત છે [૫] આજેઝી શીખનારની ÷ ઝીનત છે [૬] ઘણું રડવું ખોદાના ખોફની ઝીનત છે [૭] એહસાન નહીં મુકવું એહસાનની ઝીનત છે અને [૮] ખોશુઅ [આજેઝી] નમાઝની ઝીનત છે.

હજરત ઓમરે [રદી] કહ્યું કે જે શખ્સ ફજુલ વાતને તજે હિકમત (દાનાઈ) મળે. અને જે નકામી નજર કરવાને છોડે તેને દિલની આજેઝી અપાય. અને જે ઘણું ખાવાને છોડે તેને ઇબાદતની લજ્જત અપાય. અને જે નકામા હસવાને છોડે તેને હૈબત અપાય. અને જે દિલલગીને છોડે તેને રોશની મળે. અને જે દુન્યાની મોહબ્બત છોડે તેને આખેરતની મોહબ્બત અપાય. અને જે બીજાની એબોમાં લાગવાને છોડે તેને પોતાની એબ સૂધારવું અપાય. અને જે અલ્લાહની કૈફીયતની ઢુંઢ છોડે તેને નિફાકનો છુટકારો (અથવા અણગમો) અપાય.

હજરત ઉસમાન (રદી) થી રિવાયત છે કે તેવણે કહ્યું કે આરેફોની આઠ નિશાની છે તેનું દિલ ખોદાના ખોફ તથા આશાની સાથે હોય છે. તેની જુબાન હમ્દ તથા સનાની સાથે હોય છે તેની બંને આંખો લાજ તથા રડવાની સાથે હોય છે તેનો ઈરાદો છોડવાની તથા રજાની સાથે હોય છે એટલે દુન્યા છોડવાની તથા ખાલિકની ખુશી ઢુંઢવાની સાથે હોય છે.

હજરત અલી (રદી) થી રિવાયત છે કે જે નમાઝમાં ખોશુઅ (આજેઝી) નહીં તેમાં કંઈ બેહતરી નથી. અને જે રોઝામાં નકામી વાતોથી રોકાવું નથી + તેમાં કંઇ બેહતરી નથી. અને જે કિરાઅતમાં વિચાર નહીં * તેમાં કંઇ બેહુતરી નથી. અને જે ઈલમમાં પરહેઝગારી નથી તેમાં કંઇ બેહુતરી નથી. અને જે માલમાં સખાવત નથી તેમાં કંઈ બેહુતરી નથી. અને જે ભાઇપણામાં સંભાળ ÷ નથી તેમાં કંઈ બેહુતરી

+ એટલે શીખનારને આજેઝી કરવી જોઇએ. ત્યારે તેને ઈલમ મળે છે પણ જો મોટાઇ કરશે તો અભાગ્યો રહેશે. જેમકે કોઈએ કહ્યું છે "હરકે ખુદરા દીદ ઉ મહરૂમ શુદ" (જેણે પોતાને જોયો કે હું પણ કંઈ છું તે અભાગ્યો થયો.)

× એટલે જે રોઝાના રાખવાથી બેહુદા વાતોથી રોકાયો નહીં તો તે રોઝો ઠીક નથી. કેમકે નફસની સરકશ હજી રહી છે.

* કિરાઅતમાં વિચાર તેના અર્થ તથા તરજુમો જાણવાથી થાય છે. તો વગર સમજે કિરાઅત પઢવાથી મુળ લાભ મળતો નથી. ગુ. મો.

÷ એટલે જે ભાઈબન્દીમાં એક બીજાના મરતબાની સંભાળ નહીં રખાઇ તેમાં કંઈ બેહતરી નથી. કેટલાક લોકોને પોતાના દોસ્તોમાં સાલા સસરા વગેરે શબ્દોથી બોલવાની ટેવ પડી છે એ ઘણી ખરાબ આદત છે. જ્યારે એ શબ્દો દુશમનો ઉપર વાપરવા ઠીક નથી તો દોસ્ત ઉપર વાપરવા ઘણાજ બુંરા થયા. ગુ. મો.

નથી. અને જે નેઅમત બાકી રહેનાર ન-થી તેમાં બેહતરી નથી. અને જે દોઆમાં ઇખલાસ નથી તેમાં બેહતરી નથી.

નવ નવ ચીજનો અધ્યાય.

હજરત નબીએ (સલ) ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ મૂસા બીન ઇમરાન [અલે] તરફ તૌરાતમાં વહી કરી કે ગુના-હોની મુળ ત્રણ છે [૧] તકબ્બોરી [૨] અદેખાઇ અને [૩] લોભ. ફરી તેથી છ વસ્તુ નીકળી છે. તો નવ થયો. તે છ માંની [૧] ઘણું ખાવું (૨) ઊંઘ (૩) આરામ લેવી (૪) માલની મોહબ્બત (૫) સારૂં કહેવ-ડાવાની મોહબ્બત. અને [૬] હોકુમતની મોહબ્બત.

હજરત અબુ બકર સિદ્દીકે (રદી) ક-હ્યું કે ઇબાદત કરનાર ત્રણ પ્રકારના છે. અને દરેક પ્રકાર ત્રણ નિશાનીયોથી ઓ-ળખાય છે. [૧] અલ્લાહના ડરને લીધે તેની ઇબાદત કરે છે [૨] અલ્લાહની આશાને લીધે તેની ઇબાદત કરે છે અને (૩) અલ્લાહની મોહબ્બતની રૂએ તેની બંદગી કરે છે. હવે પેહલી માટે ત્રણ નિશાની છે [૧] પોતા-ને નાચીજ જાણે (૨) પોતાની નેકીયોને થોડી જાણે અને [૩] પોતાની બદીયોને ઘણી જાણે. અને બીજી તરેહ માટે ત્રણ નિશાની છે [૧] સઘળી હાલતોમાં [નેકીયોમાં] તે લોકોનો આગેવાન થાય. (૨) દુન્યામાં સર્વ લોકોથી માલમાં વધુ સખી થાય. અ-ને (૩) તમામ મખલૂકથી અલ્લાહની સામે સારો ગુમાન રાખનાર થાય. અને ત્રીજી માટે ત્રણ નિશાની છે (૧) જે ચીજ પસંદ હોય તે આપે અને તેનો પરવર-દિગાર રાજી રહેવા પછી કોઈ ચીજની પરવા કરે નહીં. (૨) પોતાના પરવર-દિગારને રાજી રહેવા પછી પોતાના જીવને નાખુશ કરીને અમલ કરે. અને (૩) દરેક હાલતમાં પોતાના માલિકની સાથે થાય તેના હુકમમાં તથા તેની મનાઇ કરવામાં.

હજરત ઓમરે (રદી) કહ્યું કે શૈતાનની ઓલાદ નવ છે (૧) ઝલીતુન (૨) વસીન (૩) લકૂસ (૪) અઅવાન (૫) હફ્ફાફ (૬) મુર્રા (૭) મોસવ્વેત (૮) દાસિમ અને (૯) વલહાન. હવે ઝલીતુન તે બજા-રોવાળો છે તે તેમાં પોતાનો ઝન્ડો ખડો કરે છે. અને વસીન તે મોસીબતો (વી-પત્તીઓ)વાળો છે. અને અઅવાન તે બા-દશાહનો સાથી છે. અને હફ્ફાફ તે શરાબવાળો છે. અને મુર્રા તે મઝામીર (વાગા)વાળો છે. અને લકૂસ તે મજૂસીનો સાથી છે. અને મોસવ્વેત તે ખબરોવાળો છે, તે ખબરોને લોકોના મોંમાં નાખે છે. અને જુઓ તો તેનો કશો પાયો નથી. અને દાસિમ તે ઘરવાળો છે. જ્યારે કોઈ પુરૂષ ઘરમાં જાય અને સલામ નહીં કરે તથા અલ્લાહનું નામ નહીં લ્યે તો તે તેઓમાં લડાઇ નાખે છે. તે એટલાં સૂધી કે તલાક ખુલઅ + તથા મારપીટ થાય છે. અને વલહાન તે વોજુ, નમાઝ અને બીજી બંદગીમાં વસવસો નાખે છે.

હજરત ઉસમાને (રદી) કહ્યું કે જે શખ્સ પંચ વખતા નમાઝોની તેના વખતોમાં સંભાળ રાખશે (પઢા કરશે) અને તેના ઉપર હમેશગી કરશે તો અલ્લાહ તેને નવ બુજુરગી આપશે (૧) અલ્લાહ તેનાથી મોહબ્બત રાખશે (૨) તેનું બદન તંદરૂસ્ત થશે (૩) ફિરશ્તા તેની સંભાળ કરશે

+ ખાવિન્દ ઓરતને છોડે એનું નામ તલાક અને ઓરત ખાવિન્દને કંઈ આપવાનું કહી તેને રાજી કરી જુદી પડે તેનું નામ ખોલઅ છે. અણબ-નાવ વેળા આ મામલા બને છે.

(૪) તેના ઘરમાં બરકત ઉતરશે (૫) તેના મોં ઉપર નેક બખ્તોની નિશાની પ્રગટ થશે. (૬) અલ્લાહુ તેના દિલને નરમ કરશે. (૭) ચમકતી વીજળીની જેમ તે પુલસિરાત ઉપરથી જશે (૮) અલ્લાહુ તેને અગ્નિથી છોડવશે અને (૯) અલ્લાહુ તેને તે લોકોની પડોસમાં રાખશે કે જેઓને ન ખોફ છે અને ન ડર. *

હજરત અલી [રદી]થી રિવાયત છે કે રડવું ત્રણ તરેહનું થાય છે. તેમાંનું એક અલ્લાહુ તઆલાના આજાબના ડરથી છે. અને બીજું ગુસ્સાના ડરથી છે. અને ત્રીજું જૂદાઇના ડરથી. હવે પેહેલું રડવું તે ગુનાહોનો કફારો છે. અને બીજું તે એઓથી પાક થવું છે. અને ત્રીજું તે દોસ્તની ખુશીની સાથે દોસ્તી રાખવી છે. અને ગુનાહનો કફારો થવાનું ફળ અજાબોથી છુટકારો છે. અને એઓથી પાક થવાનું ફળ હમેશની નેઅમત તથા બોલંદ મરતબા છે. અને મ્હબૂબની ખોશીની દોસ્તી તે અલ્લાહ તઆલાના ખુશી હોવાની સાથે તેના દીદારની, ફિરશતાઓની મુલાકાતની, તથા વધુ બોઝુરગીની બશારત છે.

દસ દસ ચીજનો અધ્યાય.

રસૂલુલ્લાહે ફરમાવ્યું કે તમો દાતણ કરવાને લાજેમ (અગત્યનું) જાણો. કેમકે તેમાં દસ ફાયદા છે- (૧) મોંને સાફ કરે છે [૨] પરવરદિગાર રાજી થાય છે[૩] શૈતાન ગુસ્સે થાય છે (૪) રહમાન તથા નિગહબાની કરનાર ફિરશતા તેની મોહબ્બત કરે છે. (૫) અવાળાને મજબૂત કરે છે. (૬) બલગમ કાપે છે (૭) મોંની બો સારી કરે છે. (૮) પીતને ઠંડા પાડે છે. (૯) આંખોમાં રોશની આપે છે. અને [૧૦] મોંની બદબો દૂર કરે છે. અને તે સુંનત છે. ફરી હજરતે (સલ્લ) ફરમાવ્યું કે વગર દાતણની નમાઝથી દાતણ સાથની નમાઝ સિ-તેર દરજા ચઢતી છે.

હજરત અબુ બકર સિદ્દીકે (રદી) કહ્યું કે કોઈ પણ બંદાને અલ્લાહે દશ વાતો આપી તે આફતોથી તથા સઘળી મુસીબતોથી છુટયો, અને તે મોકર્રબીનના દરજામાં થયો, અને તેણે મુ-તકીઓની પદવી મેળવી. તેમાંની (૧) હમેશ સાચું બોલવું તેની સાથે દિલ સંતોષ હોય [૨] પૂરતો સબર તેની સાથે હમેશનો શુકર હોય [૩] હમેશની ફકીરી તેની સાથે ઝોહદ હાજર હોય [૪] હમેશા સોંચ તેની સાથે પેટ ભૂખ્યું હોય [૫] હમેશા ગમ તેની સાથે ડર લાગેલો હોય (૬) હમેશા કોશીશ તેની સાથે બદન તવાજો કરનાર હોય (૭) હમેશા નરમી તેની સાથે મેહેરબાની હાજેર હોય [૮] શરમની સાથે હમેશા મોહબ્બત હોય (૯) લાભ કારક ઇલમ તેની સાથે બુરદોબારી (હિલમ) હમેશા હોય. અને (૧૦) હમેશા ઈમાન તેની સાથે અકલ કાએમ હોય.

હજરત ઓમરે [રદી] કહ્યું, દસ વાતો વગર દસ વાતે સુધરતી નથી. (૧) અકલ વગર પરહેઝગારીએ (૨) બુઝુરગી વગર ઈલમે (૩) છુટકારો વગર ખોફે (૪) બાદશાહી વગર અદલે (૫) હસબ વગર અદબે ÷ (૬) ખોશી વગર અમને (૭) તવંગરી વગર સખાવતે [૮] ફકીરી વગર સંતોષે (૯) ઉંચો મરતબો વગર નમનતાઈએ અને (૧૦) જેહાદ વગર તોફીકે (બંદોબસ્ત કરે) +

* એટલે નબીઓ, શોહદા, સિદ્દીકીન અને સારા માણસોના પડોશમાં રહેશે. ગુ. મો.

÷ એટલે ખાનદાની હોય પણ બેઅદબ હોય તો તેનું ખાનદાની પણું તેને શોભતું નથી. રસૂલુલ્લાહની તાબેદારી કરનાર સૈયદનેજ માન છે. વગર તાબેદારીએ જરાએ માન નથી અગરજે તે ગાદીવાળો હોય. ગુ. મો.

× એટલે જેહાદ વગર તોફીકે ઠીક થતો નથી. અને તોફીકનો અર્થ અસબાબ, સામાન તૈયાર કરવાં છે તો વગર અસબાબે જેહાદ થવો અસમ્ભવિત છે.

હજરત ઉસમાને (રદી) કહ્યું, દશ વસ્તુ ઘણી નાશ થનારી છે- (૧) આલિમ જેનાથી મસલા પુછાય નહીં (૨) ઈલમ જે પર અમલ થાય નહીં (૩) ઠીક મત જે કબુલ થાય નહીં. (૪) હથિયાર જે વપરાય નહીં. (૫) મસજીદ જેમાં નમાઝ પઢાય નહીં* (૬) કુરઆન જેમાં કિરાઅત થાય નહીં (૭) માલ જે ખરચાય નહીં (૮) ઘોડો જે પર સ્વારી થાય નહીં. (૯) દરવેશીનો ઇલમ દુન્યા ઈચ્છિનારના પેટમાં અને [૧૦] લાંબી ઓમર જેમાં સફર માટે ભાથુ તૈયાર થાય નહીં.

હજરત અલીએ [રદી] કહ્યું, ઈલમ સારો વારસો છે, અને અદબ સારો ધંધો છે. અને પરહેઝગારી સારૂં ભાથુ છે. અને ઇબાદત સારી પુંજી છે. અને નેક અમલ સારો દોરનાર છે.+ અને અછછો સ્વભાવ સારો સાથી છે. અને હિલમ સારો વઝીર છે. અને સંતોષ સારી તવંગરી છે. અને તોફીક સારી મદદ છે. અને મંત શીખામણ આપનાર સારૂં છે.

હજરતે [સલ] ફરમાવ્યું કે આ ઉમ્મતના દશ શખ્સો અલ્લાહ અઝીમના કુફ્ર કરનાર છે અને જુઓ તો તેઓ ધારે છે કે મુમિન છીએ. [૧] નાહકક કતલ કરનાર [૨] જાદૂગર (૩) દયુસ જેને પોતાના ઘરવાળા ઉપર ગૈરત નહોય = (૪) ઝકાત નહીં આપનાર (૫) દારૂ પીનાર [૬] જે પર હજ વાજેબ થઈ હોય અને હજ નહીં કરનાર [૭] ફિતનામાં કોશીશ કરનાર (૮) હરબીઓને+ હથિયાર વેચનાર (૯) સ્ત્રીને પાછલે માર્ગે સંભોગ કરનાર અને (૧૦) જીરહેમ મહરમ વાળીથી નીકાહ કરનાર. જો આ કામોને હલાલ જાણે તો તેણે કુફ્ર કર્યું. ÷

હજરત નબી સાહેબે (સલ) ફરમાવ્યું કે જ્યાં સૂધી બંદો પુગનારો થાય નહીં ત્યાં સૂધી તે આસમાનમાં કે ઝમીનમાં મુમિન થાય નહીં. અને જ્યાં સૂધી મુસલમાન થાય નહીં ત્યાં સૂધી પુગનારો થાય નહીં. અને જ્યાં સુધી તેના હાથથી અને ઝુબાનથી લોકો બચનાર થાય નહીં ત્યાં સૂધી તે મુસલમાન થાય નહીં. અને જ્યાં સૂધી આલિમ થાય નહિ ત્યાં સૂધી બચાવનાર થાય નહીં. અને જ્યાં સૂધી ઈલમ ઉપર અમલ કરનાર થાય નહીં ત્યાં સૂધી આલિમ થાય નહીં. અને જ્યાં સૂધી ઝાહિદ થાય નહીં ત્યાં સૂધી ઈલમ ઉપર અમલ કરનાર થાય નહીં. અને જ્યાં સૂધી પરહેઝગાર થાય નહીં ત્યાં સૂધી ઝાહિદ થાય નહીં. અને જ્યાં સૂધી તવાજો કરનાર થાય નહીં ત્યાં સૂધી પરહેઝગાર થાય નહીં. અને જ્યાં સૂધી પોતાને ઓળખનાર થાય નહીં ત્યાં સૂધી તવાજો કરનાર થાય નહીં. અને જ્યાં સૂધી વાત સમજનારો થાય

* ગમે તેવી મસજીદને સણગારી હોય પણ તેની ઝીનત નમાઝીજ છે. જો નમાઝ નહીં પઢાય તો તે નાશવંત સરખી છે. અને તે સણગાર નકામો છે. ગુ. મો.

× એટલે નેક કામ ખોદા તથા જંનત તરફ ખેંચનારૂં છે. નેકી કીધાથી દિલમાં નૂર ઉત્પન્ન થાય છે. અને બીજા નેક કામો કરવાનું સૂઝે છે જેથી તે ખેંચનાર ગણાયું. ગુ. મો.

= એટલે જેને પોતાની બીબી ઉપર ગૈરત ન હોય પારકાઓથી વગર પરદે મુલાકાત કરતાં રોકતો નહોય. તથા પારકાઓ સાથે હસવા બોલવાથી નહીં રોકે અથવા તેઓની હાથ દરાઝી ચુમા વગેરેથી સંભાળ નહીં કરે.

+ અહલે હરબ તે લોકોને કહે છે કે મુસલમાનોનો મુકાબલો કરે.

÷ એટલે જો આ કામોને હલાલ જાણે તથા તેના કરવામાં દિલમાં કંઇ ડર નહીં રાખે તો તે શખ્સ કાફિર થયો અગર જો તે ઝાહેરમાં મુસલમાન કહેવડાવતો હોય.

નહીં ત્યાં સૂધી પોતાને ઓળખનાર થાય નહિં.

કહેવાયું છે કે યહયા બીન મોઆજ રાજીએ (રહ) એક ફકીહને દુન્યાની ખાહેશ કરતો જોયો તો કહ્યું, ઓ ઇલમ તથા સુંનતવાળા તમારા મહેલો કેંસર જેવા છે. અને તમારા ઘરો કિસરા સરખાં છે. અને તમારા ઠેકાણા કારૂન જેવાં છે. અને તમારા દરવાજા તાલુત જેવા છે. અને તમારા કપડાં જાલૂત જેવાં છે. અને તમારૂં મજહબ શૈતાન જેવું છે. અને તમારો અસબાબ સરકશી કરનાર જેવો છે. અને તમારી હોકુમત ફિરઓન જેવી છે. અને તમારા કાજીઓ દુન્યાદાર રૂશવત લેનાર ખોટા છે. અને તમારૂં મૌત જાહેલીયતના વખત સરખું છે. તો તરીકે મોહમ્મદીયા કયાં છે? અને કહ્યું

શેઅરો.

ઐયોહલ મોનાજી રબ્બહૂ બે અનવાઇલ કલામી
વ-તાલેબો મસકનહૂ ફી દારીસ સલામી
વલ મોતસવ્વેફો લિ-તૌબતે આમં બઅદ આમીન
વમા અરાક મુન્સેફલ લે નફસેક બૈનલ અનામી.
ઇન્નક લવ રાફકત યવમક્ યા ગાફેલો બિસ્સેયામી
વ અહયૈત તુલ લૈલેક બિલ કિયામી.
વકતસરત બિલ કલીલે મિનલ માએ વ-તઆમી
લકુન્ત અહરા અન તનાલા શરફલ મોકામી.
વલ કરામતલ અઝીમત મિર રબ્બિલ અનામી
વર રિદવાનલ અકબર મિન જીલ જલાલે વલ ઇકરામી*

એક હકીમે કહ્યું કે દશ વાતોને અલ્લાહ સુબહાનહુ તઆલા દશ શખ્સોથી ઘણી નાપસંદ રાખે છે (૧) બખીલી તવંગરોથી (૨) તકબ્બોરી ફકીરોથી (૩) લોભ આલમોથી (૪) ઓછી શરમ સ્ત્રીઓથી (૫) દુન્યાની મોહબ્બત બુઢાઓથી (૬) સુસતી જુવાનોથી (૭) જુલમ બાદશાહથી (૮) નાહિમ્મતી ગાઝીયોથી (૯) ખુદ પસંદી (અહંકાર) દરવેશોથી અને (૧૦) રિયા આબેદોથી.

રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું આરામ દશ તરેહથી છે. પાંચ દુન્યામાં અને પાંચ આખેરતમાં. હવે જે દુન્યામાં છે તે ઇલમ, ઇબાદત, હલાલ રિઝક, સખતી ઉપર સબર કરવો, અને નેઅમત ઉપર શુકર કરવી છે. અને જે આખેરતમાં છે તે આ કે તેની પાસે મલકુલ મૌત રહમત તથા મેહેર લાવે. અને મુનકર તથા નકીર કબરમાં તેને ઘભરાવે નહી. અને મોટા ઘભરાટમાં તે અમનમાં થાય. અને તેના ગુનાહ મટાવાય તથા તેની નેકી કબૂલ થાય. અને ચમકતી વિજળીની જેમ પુલ સરાતથી વટે અને સલામતીથી જંનતમાં જાય.

અબુલ ફજલે (રહ) કહ્યું કે અલ્લાહે પોતાની કિતાબના દશ નામ લીધાં છે. (૧) કુરઆન (૨) પુરકાન (૩) કિતાબ (૪) તનઝીલ (૫) હોદા (૬) નૂર (૭) રહમત (૮) શિફા (૯) રૂહ અને (૧૦) જીકર. હવે કુરઆન પુરકાન કિતાબ અને તનઝીલ એતો પ્રખીયાત છે. અને હોદા નુર રહમત અને શિફા તે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે, "ઓ લોકો તમારી પાસે તમારા પરવરદિગાર તરફથી નસી-

---

* અર્થ—ઓ તરેહ તરેહની વાતોથી પોતાના પરવરદિગારને પૂકારનાર અને દારૂસ સલામ (જંનત) માં પોતાનું ઠીકાણું ઢુંઢનાર, અને આ વર્ષ નહીં પેલે વર્ષ તોબા માટે ઢીલ કરનાર હું તને લોકોમાં પોતાના જીવ માટે ઇનસાફ કરનાર જોતો નથી. ઓ ગફલત કરનાર ખચીત જો તું રોઝાની સાથે તારા દિવસની સંગત કરે અને તારી રાતને ઉભા રહેવાથી (નમાઝથી) જાગતી રાખે અને થોડા ખાણા પાણી ઉપર તું કોતાઈ કરે તો જરૂર તું ઉંચી પદવી મેળાવવાને

પરવરદિગાર તરફના મોટા માનને અલ્લાહની મોટી રહમતને લાયક ગણે. શા. મો.

હુલ આવી છે અને તે જે સીનામાં છે તેને માટે શીફા* છે. તથા મુમિનો માટે હિદાયત તથા રહમત છે. અને ખચીત અલ્લાહ તરફથી નૂર તથા ખુલ્લી કિતાબ આવી છે." અને રૂહ તે તેણે ફરમાવ્યું છે "અને એવીજ રીતે અમે તારા તરફ રૂહની વહી મોકલી અમારા હુકમથી." અને જીકર તે તેણે ફરમાવ્યું છે "અને અમે તારા તરફ જીકર ઉતાર્યું છે કે તું લોકો માંટે બયાન કરે.

હજરત લુકમાને પોતાના દીકરાને કહ્યું, ઓ મારા દીકરા ખચીત ડહાપણ આ છે કે તું દશ ચીજ કરે÷ તેમાંની એક આ કે તું મરેલા દિલને જીવતું કરે + અને મીસકીનો પાસે બેસે. અને બાદશાહોની મજલીસથી બચતો રહે. અને હલકાને માન આપે. અને ગુલામોને આઝાદ કરે. અને મોસાફેરોને જગ્યા આપે. અને ફકીરને તવંગર કરે. અને શરીફની શરાફતમાં અને સરદારની સરદારીમાં તું વધારો કરે. આ ચીજો માલથી શ્રેષ્ઠ છે, દેહશતનો બચાવ છે. લડાઈનો અસબાબ છે, નફો કરવાની પુંજી છે, જ્યારે બીહીક લાગે ત્યારે એ ભલામણ કરનાર (શફી) છે, જ્યારે યકીન જીવમાં પોહોંચે ત્યારે એ માર્ગ બતાવનાર છે, અને જ્યારે કપડું નહીં ઢાંકી શકે ત્યારે આ ઢાંકણુ છે.

એક હકીમે કહ્યું કે, અકલવાળો જ્યારે તોબા કરે તો તેને દશ ચીજો કરવી યોગ્ય છે (૧) જુબાનથી બખશીશ માંગવી (૨) દિલથી પસ્તાવો કરવો (૩) દેહથી બાઝ રહેવું (૪) કદી નહીં કરવાનો પુખતા વિચાર કરવો [૫] આખેરતની મોહબ્બત કરવી (૬) દુન્યાંની દુશમની રાખવી (૭) થોડી વાત કરવી [૮] થોડું ખાવું પીવું કે જેથી (૯) ઇલમ તથા ઇબાદત માટે તૈયાર રહે અને (૧૦) થોડું સુવે. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે "તેઓ થોડી રાત સુવે છે અને સવારમાં બખશીશ માંગે છે.

અનસ બીન માલિકે (રદી) કહ્યું, પૃથ્વી દરરોજ દશ શબ્દોથી પુકાર કરે છે અને કહે છે. [૧] ઓ આદમ પુત્ર તું મારી પીઠ ઉપર દોડે છે અને તારૂં આવવું તો મારા પેટમાં છે [૨] તું મારી પીઠ ઉપર ગુનોહ કરે છે અને મારા પેટમાં તને અજાબ થશે. [૩] તું મારી પીઠ ઉપર હસે છે અને મારા પેટમાં તું રડશે (૪) તું મારી પીઠ ઉપર ખુશી કરે છે અને મારા પેટમાં તું ગમ કરશે (૫) તું મારી પીઠ ઉપર માલ ભેગો કરે છે અને તું મારા પેટમાં પસતાવો કરશે (૭) તું મારી પીઠ ઉપર હરામ ખાય છે અને મારા પેટમાં કીડા તને ખાશે (૭) તું મારી પીઠ ઉપર ઈતરાય છે અને મારા પેટમાં તું જલીલ થશે (૮) તું મારી પીઠ ઉપર ખુશી ખુશીમાં ચાલે છે અને તું મારા પેટમાં દુઃખી થઈને આવશે (૯) તું મારી પીઠ ઉપર રોશનીમાં ચાલે છે અને મારા પેટમાં અંધારામાં તું આવશે. અને (૧૦) તું મારી પીઠ ઉપર સભાઓમાં જાય છે અને મારા પેટમાં તું એકલો આવશે.

રસૂલુલ્લાહે [સલ] ફરમાવ્યું કે જે શખસ ઘણો હસે છે તેને દશ જાતની શીક્ષા થાય છે (૧) તેનું દિલ મરે છે (૨) મોંની રોનક (અથવા આબરૂ) તેની જાય છે (૩) શૈતાન તેના ઉપર હસી કરે છે (૪) અલ્લાહ તેના પર ગુસ્સો કરે છે [૫] કિયામતમાં તે-

---

* સીનામાં જે શક શુબહ છે તેને માટે શિફા છે.

÷ દશ ચીજો પૂરી નથી કદાપી કોપી કરનારની ભૂલ થઈ હશે.

\+ એટલે લોકોને હિદાયત કરે ઇસ્લામ ફેલાવે. અથવા અલ્લાહની યાદ કરતો રહે. ગ્રા. મો.

નાથી ઝઘડશે (૬) કિયામતમાં હજરત (સલ) તેનાથી મોં ફેરવશે (૭) ફિરશતા તેનાપર લાનત કરશે [૮] આસમાન તથા ઝમીનવાળા તેનાથી દુશમની રાખશે (૯) તે દરેક ચીજ ભૂલી જશે અને (૧૦) કિયામતના તે ફજીહત થશે.

હસન બસરીએ (રહ) એક દિવસે કહ્યું, હું બસરાની ગલીયોમાં તથા બજારમાં એક જુવાન આબેદ સાથે ફરતો હતો, એવામાં અમે એક તબીબ પાસે પુગ્યા. તે ખુરસી ઉપર હતો. તેની આગળ પુરૂષો સ્ત્રીઓ અને છોકરાં હતાં, તેઓની આગળ શીશીયોમાં પાણી હતું. અને દરેક તેને પોતાની બીમારીનો ઔષધ પૂછતું હતું. હસન બસરી કહે છે કે એક જુવાને તબીબની પાસે આવીને કહ્યું, ઓ તબીબ શું તારી પાસે એવી ઔષધ છે કે જે ગુનાહોને ધુએ અને દિલની બીમારીને સાજી કરે? તેણે કહ્યું કે હા, જુવાને કહ્યું કે લાવ. તેણે કહ્યું, તું મારી પાસેથી દશ વસ્તુ લે (૧) ફકીરીના ઝાડની જડોને તવાજોના ઝાડની જડો સાથે લે. અને (૨) તેમાં તોબાની હરડે નાંખ, અને (૩) રજાની કુંડી (હાવન) માં નાંખ, અને (૪) કિનાઅતના દસ્તાથી તેને કુટ. અને (૫) પરહેઝગારીની હાંડીમાં તેને નાંખ. અને (૬) શરમનું પાણી તેમાં રેડ. અને [૭] મહુબ્બતની અગ્નિમાં તેને ઉકાળ. અને [૮] શુકરના પ્યાળામાં તેને કાઢ. અને (૯) આશાના પંખાથી તેપર હવા નાખ. અને (૧૦) હમ્દની ચમચીથી તેને પી. જો તું આ કામ કરશે તો તને દુન્યા તથા આખેરતમાં દરેક બીમારી તથા બલાથી લાભ થશે.

કહેવાયું છે કે એક બાદશાહે આલેમો તથા હકીમોના પાંચ શખ્સોને ભેગા કર્યા. ફરી તેઓને કહ્યું કે તમો દરેક ડહાપણની વાત કહો. તો તેઓમાંનો દરેક બે બે ડહાપણની વાત બોલ્યો તો દશ થઈ. પેહેલાએ કહ્યું ખાલેક (અલ્લાહ)નો ભય એ અમન છે અને તેનાથી નડર થવું કુફ્ર છે. અને મખલૂકથી નડર થવું આઝાદી છે અને તેઓનો ભય ગુલામ બનવું છે. બીજાએ કહ્યું, અલ્લાહથી આશા રાખવી એવી તવંગરી છે કે તેને કોઈ ફકીરી નુકસાની કરતી નથી. અને તેનાથી નિરાસ થવું એવી ફકીરી છે કે તેને સાથે કોઈ તવંગરી લાભકારક નથી. ત્રીજાએ કહ્યું, દિલની તવંગરીની સાથે થેલીની ફકીરી નુકસાન કરતા નથી અને દિલની ફકીરી સાથે થેલીની તવંગરી લાભકારક નથી. ચોથાએ કહ્યું, સખાવતને સાથે દિલની તવંગરી તવંગરીનેજ વધારે છે અને થેલીની તવંગરી દિલની ફકીરી સાથે ફકીરીનેજ વધારે છે. *પાંચમાએ કહ્યું, ઘણા શર (બુરાઇ)ના છોડવા કરતાં થોડી ખેર (નેકી) કરવી સારી છે અને સઘળા શરને છોડવું એ થોડી નેકી કરવાથી સારૂં છે.

ઇબ્ને અબ્બાસે (રદી) હજરત (સલ) થી રિવાયત કરી છે કે મારી ઉમ્મતના દશ જાતના લોકો તોબા કરનાર સિવાય જંનતમાં જશે નહિં (૧) કલ્લાઅ (૨) જોયુફ (૩) કત્તાત (૪) દય્યૂબ (૫) દય્યુસ (૬) અરતબાવાળો (૭) કુબાવાળો [૮] ઓતુલ્લ (૯) ઝનીમ અને (૧૦) માબાપનો આક. કહેવાયું કે ઓ રસૂલુલ્લાહ કલ્લાઅ કોણ છે? ફરમાવ્યું કે જે અમીરો પાસે

* એટલે જેના દિલમાં તવંગરી છે તે તવંગરી બખશીશમાં ખરચ કરવા છતાં વધતીજ રહેછે. અને દિલની ફકીરી તે થેલીમાં દોલત હોવા છતાં તે વધતીજ રહે છે.

આવજા રાખે. *કહેવાયું કે જોયુફ કોણ છે? ફરમાવ્યું કે કફન ચોર. કહેવાયું કે કત્તાત કોણ છે? ફરમાવ્યું કે ચુગલખોર. કહેવાયું કે દબૂબ કોણ છે? ફરમાવ્યું કે જે લોંડીયોને વ્યભિચાર માટે પોતાના ઘરમાં ભેગી કરે. કહેવાયું કે દયુસ કોણ છે? ફરમાવ્યું કે જે પોતાની બાયડી વિષે ગૈરત રાખે નહીં. કહેવાયું કે અરતબા વાળો કોણ છે? ફરમાવ્યું કે જે તબલા (ઢોલ) વગાડે. કહેવાયું કે કુબાવાળો કોણ છે? ફમાવ્યું કે જે તંબૂરો વગાડે. કહેવાયું કે ઓતુલ્લ કોણ છે? ફરમાવ્યું કે જે ગુનોહ માફ કરે નહીં તથા ઉજર કબૂલ રાખે નહીં. કહેવાયું કે અનીમ કોણ છે? ફરમાવ્યું કે જે ઝિનાથી જનમ્યો હોય અને સડક ઉપર બેસીને લોકોની ગીબત કરે. આકના અર્થ પ્રખીયાત છે.+

હજરત નબી સાહેબે (સલ) ફરમાવ્યું કે દશ શખ્સોની નમાઝ અલ્લાહ તઆલા કદી કબૂલ કરતો નથી. (૧) તે પુરૂષ કે જેણે એકલા વગર કિરાઅતે નમાઝ પઢી (૨) તે પુરૂષ કે જેણે ઝકાત નહીં આપે (૩) તે પુરૂષ કે જે કરાહીયત રાખનારાઓનો ઇમામ બને (૪) નાસી જનાર ગુલામ (૫) તે પુરૂષ જે હમેશ દારૂ પીનાર. (૬) તે સ્ત્રી જે એવી રીતે રાત કાઢે કે તેનો પતી તેના પર ગુસ્સે હોય. (૭) તે આઝાદ સ્ત્રી કે જે વગર ઓઢણીએ નમાઝ પઢે (૮) વ્યાજ ખાનાર (૯) બાદશાહ જુલમકાર અને (૧૦) તે પુરૂષ કે જેને તેની નમાઝ બેહયાય તથા બુરાઈના કામોથી રોકે નહીં. એ અલ્લાહ તઆલાથી દૂર જ થતો જાય છે.

હજરત નબીએ (સલ) ફરમાવ્યું, મસજીદમાં દાખલ થનાર માટે દશ વાતો યોગ્ય છે (૧) તેના મોઝા અથવા જોડાને તપાસે* (૨) જમણો પગ મુકવાથી શરૂ કરે (૩) જ્યારે દાખલ થાય તો બિસ્મિલ્લાહે વ સલામુન અલા રસૂલિલ્લાહ વ અલા મલાએકતિલ્લાહે અલ્લાહુમ્મ-ફતહ લના અબવાબ રહમતેક ઇન્નક અન્તલ વહહાબ કહે. (૪) મસજીદવાળાઓ પર સલામ કરે (૫) જ્યારે તેમાં કોઇ નહોય તો અસ્સલામો અલૈના વ આ ઇબાદલ્લાહિસ સાલેહીન કહે. અને અશહદો અલ્લાએલાહ ઇલ્લ-લ્લાહો વ અન્ન મોહમ્મદર રસૂલુલ્લાહ કહે. (૬) નમાઝીની આગળથી નહીં જાય. [૭] દુન્યાની વાત કરે નહીં (૮) બે રકઅત પઢા વગર નીકળે નહીં. (૯) વોઝુ સાથે જ દાખલ થાય. અને (૧૦) જ્યારે ખડો થાય તો સુબ્હાનક-લ્લાહુમ્મ વ બે હમ્દેક અશહદો અલ્લાએલાહ ઇલ્લા અન્ત અસ્તગફેરોક વ અતુબો ઇલેક કહે.

અબુ હોરેરા (રદી)થી રિવાયત છે કે હજરતે [સલ] ફરમાવ્યું, નમાઝ દીનનો થામ્ભો છે. અને એમાં દશ વાતો છે (૧) મોંની ખુબસૂરતી (૨) દિલનું નૂર (૩) બદનની રાહત (૪) કબરમાં ઉનસત (૫) રહમતનું ઉતરવું (૬) આસમાનની કુંચી (૭) તરાજુનું ભારી થવું (૮) પરવરદિગારની રજામન્દી (૯) જંનતની કીમત અને

÷ એટલે ચુગલ ખોરી માટે.

+ એટલે આક તે છે કે જે પોતાના માંબાપની નાફરમાની કરે.

* એટલે જો મોઝા કે જોડા પેહેરેલા હોય તો તેને જુએ. જો કંઇ નાપાકી દલદાર લાગી હોય તો તેને ઘસી કાઢાથી તે પાક થાય છે. અને પાક કર્યા પછી તે મોઝા કે જોડા સાથે પણ નમાઝ પઢવી દુરૂસ્ત છે. અને આ મોઝાથી મતલબ કપડાના મોઝા નથી. ગુ. મો.

(૧૦) દોઝખની આડ છે. તો જેણે એને કાએમ રાખી તેણે દીનને કાયમ કર્યું અને જેણે એને છોડી તેણે દીનને પાડયું.

હજરત અએશા (રદી)થી રિવાયત છે કે હજરતે (સલ) ફરમાવ્યું, જ્યારે અલ્લાહ જંનતવાળાઓને જંનતમાં દાખલ કરશે તો તેઓના તરફ એક ફિરશતાને મોકલશે, તેની સાથે હદીઓ તથા જંનતી કપડું હશે. ફરી જયારે તેઓ તેમાં દાખલ થવા લાગશે તો તે ફિરશતો તેઓને કહેશે, તમો થોભો રબ્બુલ આલમીન તરફનો એક હદયો મારી પાસે છે. તેઓ કહેશે કે તે હદીયો શું છે ? ફિરશતો કહેશે કે તે દશ મોહરો છે. એકના ઉપર લખેલું છે, સલામુન અલૈકુમ તિબતુમ ફદખોલુહા-ખાલેદીન. બીજી પર લખેલું છે, તમારેથી દરદ અને ગમ ઉપાડાયો છે. ત્રીજીમાં લખેલું છે, આ જંતન તમે અમલ કર્યાં તેથી કરીને તમને વારસામાં મળી છે. ચોથીમાં લખેલું છે, તમને અમે પોશાક અને ઘરેણાં પહેરાવ્યાં. પાંચમીમાં લખેલું છે, તેઓના નિકાહ અમે હુરે ઇન સાથે કર્યાં છે ખચીત મેં તેઓને આજે તેઓના સબર કરવાને લીધે બદલો આપ્યો છે. ખચીત તેઓજ મતલબે પહોંચનાર છે. છઠ્ઠીમાં લખેલું છે, તમે બંદગી કરી તેના બદલામાં આજે આ બદલો તમને છે. સાતમીમાં લખાયું છે, તમો જુવાન થયા છો કદી બુઢા થશો નહીં, આઠમીમાં લખેલું છે, તમો અમનમાં થયા છો કદી ડરસો નહી. નવમીમાં લખાયું છે, પેગમ્બરો સિદ્દીકો શહીદો અને નેક લોકોની સંગતમાં તમો થયા છો. દશમીમાં લખેલું છે, અરશવાળા માનીતા રહમાન (અલ્લાહ) ના પડોસમાં તમે રહ્યા છો. ફરી ફિરશતો કહેશે તમો સલામતીની સાથે ચેહનથી એમાં જાઓ. ફરી તેઓ જનંતમાં જશે અને કહેશે "સર્વે સ્તુતી અલ્લાહને માટે છે જેણે અમારેથી ગમને દૂર કર્યો. ખચીત અમારો પરવરદિગાર બખશનાર ઉપકારી છે. સઘળી તારીફ તે અલ્લાહ માટે છે કે જેણે અમને સાચો વાયદો કર્યો અને જંનતના અમને વારેસ કર્યાં જ્યાં અમે ચાહીએ છીએ ત્યાં જંનતમાં જગ્યા લઇએ છીએ. તો અમલ કરનારને તે કેવો સારો બદલો છે."

અને જ્યારે દોઝખવાળાઓને દોઝખમાં નાખવાનો ઇરાદો કરેશે તો અલ્લાહ તેઓ પાસે એક ફિરશતો મોકલશે અને તેની સાથે દશ મોહર હશે. પહેલીમાં લખેલું છે. તમો એમાં દાખલ થાઓ એમાં કદી તમે મરવાના નહીં અને ન જીવતા રહેશો અને ન નીકળશો. બીજીમાં લખેલું છે, અજાબમાં તમો ઘુસો તમારે માટે રાહત નથી. ત્રીજીમાં લખેલું છે, તેઓ મારી રહમતથી નિરાશ થયા. ચોથીમાં લખેલું છે, તમો હમેશા ગમ અને દરદમાં પડો. પાંચમીમાં લખેલું છે, તમારૂં કપડું અગ્નિ છે અને તમારૂં ખાણું ઝકકૂમ (સીંઢ) છે અને તમારૂં પાણી છછલતુ છે. અને તમારૂં બીછાણું અગ્નિ છે અને તમારૂં ઓઢવાનું અગ્નિ છે. છઠીમાં લખેલું છે, તમે જે મારી નાફરમાની કરી તેને લીધે આજે આ તમને બદલો છે. સાતમીમાં લખેલું છે, મારો ગુસ્સો તમારાપર અગ્નિમાં હમેશા છે. આઠમીમાં લખેલું છે, મોટા ગુનાહ તમે જાણી બુજીને કર્યા અને તમે તોબા કરી નહીં તથા પસતાવો કર્યો નહીં તેથી તમારા પર અલનત છે. નવમીમાં લખેલું છે, તમારા સાથી શૈતાનો અગ્નિમાં

હમેશા છે. દશમીમાં લખેલું છે, તમે શેતાનની તાબેદારી કરી અને દુન્યા ઈચ્છી અને આખેરત તજી છે તો આ તમારી શીક્ષા છે.

એક હકીમથી રિવાયત છે કે મેં દશ વસ્તુને દશ જગ્યા ઢુંઢી તો તે બીજી દશ જગ્યામાં મળી (૧) ઊંચી પદવીને મેં તકબ્બોરીમાં ઢુંઢી તો તે મને તવાજોમાં મળી (૨) ઇબાદતની ઢુંઢ મેં નમાઝમાં કરી તો તે મને પરહેઝગારીમાં મળી. (૩) રાહતને મેં લોભમાં ઢુંઢી તો તે મને દરવેશીમાં મળી. (૪) દિલના નૂરને મેં દિવસની નમાઝમાં ઢુંઢયું તો તે છૂપી રીતે રાતની નમાઝમાં મળ્યું. (૫) કિયામતના નૂરને મેં બખશીશ તથા સખાવતમાં ઢુંઢયું તો તે મને રોઝાની પિયાસમાં મળ્યું. (૬) પુલ સિરાત ઉપરથી ગુજરવાનું મેં કુરબાનીમાં ઢુંઢયું તો તે મને સદકામાં મળ્યું. (૭) અગ્નિથી છુટકારો મેં મોબાહ કામોમાં ઢુંઢયો તો તે મને શહવતો છોડવામાં મળ્યો. (૮) અલ્લાહની મોહબ્બત મેં દુન્યામાં ઢુંઢી તો તે મને અલ્લાહ તઆલાના જીકરમાં મળી. (૯) આફિયતને મેં સભાઓમાં ઢુંઢી તો તેં મને તનહાઇમાં મળી. અને (૧૦) દિલના નૂરને મેં નસીહતો તથા કુરઆનના પઢવામાં ઢુંઢયું તો તે મને ફિકરમાં તથા રડવામાં મળ્યું. * •

"વ ઇજીબંતલા ઇબંરાહીમ રબ્બોહુ" ની તફસીરમાં હજરત અબ્દુલ્લાહ બીન અબ્બાસે [રદી] કહ્યું કે તે દશ કામો સૂંનત છે. પાંચ માથામાં છે અને પાંચ બદનમાં છે. હવે જે માથામાં છે તે (૧) મિસવાક કરવી (૨, ૩) મોંમાં તથા નાકમાં પાણી લેવું (૪) મુછો કતરાવવી તથા (૫) માથું બોડાવવું છે.= અને જે બદનમાં છે તે (૧) બગળના વાળ ઢુંપવા* (૨) નખ લેવા (૩) દુંટી નીચેના વાળ બોડવાં÷ (૪) ખતના કરવી તથા (૫) ઈસ્તિનજો કરવો છે.

ઈબ્નિ અબ્બાસ [રદી] થી રિવાયત છે કે જે કોઈ નબી સાહેબ [સલ] ઉપર એક દોરૂદ પઢે છે તો અલ્લાહ તેના પર દશ વાર રહમત મોકલે છે. અને જે તેમને એકવાર બુરૂ કહે છે, તો અલ્લાહ તે પર દશવાર બુરાઈ મોકલે છે. વલીદ બીન મોગીરા [લાનતુલ્લાહ અલૈહ] વિષે તેં અલ્લાહનું કહેવું જોયું નથી ? તેણે નબી સાહેબ [સલ] ની એકવાર બુરાઈ કરી, તો અલ્લાહે તેની દશ વાર બુરાઈ કરીને કહ્યું, તું કોઇ કસમ ખાનાર, બેકદર, મેણા મારનાર, ચુગલી ખાનાર, ભલા કામથી રોકનાર, હદથી વધનાર, ગુનેહગાર, ઉજડેલો, એ પછી હરામનો,+ માલ તથા છોકરાઓવાળો હોવાને લીધે જ્યારે તેની આગળ અમારી આયતો પઢાય છે તો તે કહે છે આ તો આગલાઓની કહાણી છે. એટલે તે કુરઆનને જૂઠવે છે.

---

* .નસીહત સાંભળવાથી તથા કુરઆન પઢવાથી દિલનું નુર નહી મળ્યું કારણ કે કુરઆન શરીફનું અર્થમાં વગર વિચાર કરે પઢવું તાસીર કરતું નથી અને ખોદાના ખોફથી રડવું દિલમાં નૂર ઉત્પન્ન કરે છે. કુરઆન તથા નસીહત અર્થના વિચાર સાંથે હોય તો ઘણું સારૂં છે.

= અને બીજી રિવાયતમાં માથાનો સેંતો પાડવો છે. અને સેંતો વચમાંજ થાય છે તો ઘોડાની જેમ બાજૂમાં પાડે છે તે સુંનત વિરૂધ્ધ છે. તથા કાફેરોની મોશાબહત છે. ગુ. મો.

* બોડાવવાં પણ દુરૂસ્ત છે. ગુ. મો.

÷ દવા લગાડી કાઢવાં પણ દુરૂસ્ત છે. ગુ. મો.

+ હરામથી જનમેલામાં શરારત તથા લડાવવાની ખાસીયત હોય છે. ગુ. મો.

ઇબરાહીમ અદહુમ (રહ)ને જ્યારે અલ્લાહુનું કહેવું "ઉદઊની અસતજીબ લકુમ" ની મતલબ પૂછાઈ કે અમો દોઆ કરીએ છીએ પણ તે કબૂલ થતી નથી. તો જવાબ આપ્યો કે તમારા દિલ દશ વસ્તુને લીધે મર્યાં છે. (૧) ખચીત તમોએ અલ્લાહુને ઓળખ્યો પણ તેનું હક્ક અદા કર્યું નહીં. (૨) તમે અલ્લાહુની કિતાબ પઢી પણ તે પર અમલ કર્યો નહીં (૩) તમોએ ઇબલીસની દુશમનીનો દાવો કર્યો પણ તમોએ તેનાથી દોસ્તી કરી છે. [૪] તમોએ રસૂલુલ્લાહુની મોહબ્બતનો દાવો કર્યો પણ તેમની તાબેદારી તથા સુંનતને છોડી છે. (૫) તમે જંનતની ઇચ્છાનો દાવો કર્યો પણ તેને માટે અમલ કર્યાં નહીં (૬) તમોએ દોઝખના ડરનો દાવો કર્યો પણ ગુનાહોથી બાઝ રહ્યા નહીં. (૭) તમોએ દાવો કર્યો છે કે મોત સત્ય છે પણ તેને માટે કંઈ તૈયારી કરી નથી. (૮) તમો બીજાઓની એબમાં લાગ્યા અને તમારી પોતાની એબોને છોડી (વિચારી નહીં) (૯) તમો અલ્લાહુના રિઝકને ખાઓ છો પણ તેનું શુકર કરતા નથી; અને (૧૦) તમો મુરદાં દફન કરો છો પણ તેથી તમો ધડો પકડતા નથી.

હજરત નબી (સલ)એ ફરમાવ્યું કે કોઇ પણ બંદો કે બંદી અરફાની * રાત્રે હજાર વાર આ દોઆની સાથે દોઆ કરશે અને એ દશ શબ્દો છે તો સગાઇ તોડવાની તથા ગુનાહની માંગણી સિવાય જે માંગણી કરશે તે કબૂલજ થશે. (૧) સુબ્હાન-લ્લજી ફિસ-સમાએ અરશોહૂ (૨) સુબ્હાન લ્લજી ફિલ અરદે મુલકોહુ વ કુદરતોહુ (૩) સુબ્હાન-લ્લજી ફિલ બર્રે સબીલોહુ (૪) સુબ્હાન-લ્લજી ફીલ હવા રૂહોહુ (૫) સુબ્હાન-લ્લજી ફીન્નારે સુલતાનોહુ [૬] સુબ્હાન-લ્લજી ફીલ અરહામે ઇલમોહુ [૭] સુબ્હાન-લ્લજી ફીલ કોબૂરે કજાઓહુ [૮] સુબ્હાન-લ્લજી રફઅસ-સમાઅ બેલા અમદ [૯] સુહબ્હાન-લ્લજી વદઅલ અરદ (૧૦) સુબ્હાન-લ્લજી લા મલજઅ વલા મન્જઅ મિન્હો ઇલ્લા એ લૈહે. *

ઇબને અબ્બાસ [રદી]થી રિવાયત છે કે હજરતે [સલ] એક દિવસે ઇબલીસ [અલૈહીલ લઅના]ને કહ્યું મારી ઉમ્મતમાંથી તારા કેટલા દોસ્ત છે? તેણે કહ્યું કે દશ માણસો [૧] જુલમકાર હાકેમ (૨) ગરૂરી કરનાર[૩] તે તવંગર કે જે પરવા નહીં કરે કે કયાંથી માલ કમાય છે અને સેમા ખરચે છે [૪] તે આલિમ કે જે હાકેમને તેના જુલમ ઉપર સાચવે ÷ [૫] ખિયાનત કરનાર વેપારી (૬) અનાજ રોકનાર [૭] ઝાની (૮) વ્યાજ ખાનાર (૯) તે બખીલ કે જે કયાંથી માલ ભેગો થાય છે તેની પરવા કરે નહીં (૧૦) હમેશ શરાબ પીનાર. ફરી નબી સાહેબે ફરમાવ્યું, મારી ઉમ્મતમાંથી તારા કેટલાક

---

* ઝીલહજ્જની ૯મી તારીખનું નામ અરફો છે. રાંદેરમાં દર તેહેવારના આગળા દિવસને અરફો કહે છે એ જહાલત છે. ગુ. મો.

* આ દશ શબ્દો અલ્લાહની તસબીહના છે તેમાં છેલ્લા શબ્દના અર્થ "પાકી છે તેને માટે કે જેનાથી તેના વગર કેથે પનાહ કે છૂટકારો, નથી" દુન્યાંમાં જે કંઈ બલા કે મુસીબત પહોંચે છે તે અલ્લાહ તરફનીજ છે અને આ હદીસમાં કહેવાયું કે ખોદા વગર કેથે છૂટકારો કે પનાહ નથી. તો ખોદા સિવાય બીજા પાસે બલાના દફીયા માંગવા એ શિર્ક છે. તથા રસૂલુલ્લાહના કહેવાથી ઉલટું કરવું છે. ગુ. મો.

÷ એટલે જુલમકાર હાકિમ જુલમનો જે કાયદો કાઢે તેમાં તેની હા, માં હા, મેળવે અને તેમાં મદદગાર થાય ગુ. મો.

દુશમન છે? તેણે કહ્યું કે વીસ માણુસ. પ્રથમ આપ ઓમોહમ્મદ કેમકે હું તમારી દુશમની રાખું છું (૨) ઈલમ ઉપર અમલ કરનાર આલિમ (૩) કુરઆનનો હાફેજ જો તેપર અમલ કરે તો (૪) અલ્લાહ વાસ્તે પાંચ નમાઝોની અજાન કહેનાર (૫) ફકીરો મીસકીનો અને યતીમો ઉપર મોહબ્બત રાખનાર (૬) રહમ દિલ (૭) સત્ય માટે નમનાર (૮)અલ્લાહ તઆલાની બંદગીમાં ઉછેરેલો જુવાન (૮) હલાલ ખાનાર (૧૦) અલ્લાહને વાસ્તે દોસ્તી રાખનાર બે જુવાનો (૧૧) જમાઅતથી નમાઝ પઢવાનો લોભ રાખનાર (૧૨) લોક સુતા હોય ત્યારે રાતમાં નમાઝ પઢનાર (૧૩) હરામથી પોતાને રોકનાર, (૧૪) ખેર ખાહી કરનાર. અને બીજી રિવાયતમાં છે ભાયો માટે દોઆ કરનાર અને તેના દિલમાં કંઇ (કપટ વગેરે) નહોય (૧૫) હમેશા વોજુથી રહેનાર (૧૬) સખાવત કરનાર (૧૭) સારા સ્વભાવવાળો (૧૮) અલ્લાહ જે ચીજનો તેને માટે જામી ન થયો તેમાં પોતાના પરવરદિગારને સાચવનાર + (૧૯) બેવા પરદાદાર સ્ત્રીઓથી ભલાઇ કરનાર અને (૨૦) મોત માટે તૈયાર રહેનાર.

વહબ બીન મોનબ્બેહે (રહ) કહ્યું, તૌરાતમાં લખાયું છે કે જે કોઈએ ભાથુ (આખેરતનું) દુન્યામાં તૈયાર કર્યું તે કિયામતના દિવસે હબીબુલ્લાહ થયો. અને જેણે ગજબ (ગુસ્સો) છોડયો તે અલ્લાહના પડોસમાં થયો. અને જેણે ઐશની મોહબ્બત દુન્યામાં છોડી તે કિયામતના દિવસે અલ્લાહના અજાબથી અમનમાં થયો. અને જેણે હસદ (અદેખાઇ) તજ્યો તે કિયામતના દિવસે લોકોની આગળ સ્તુતી પાત્ર થયો. અને જેણે હોકુમતની મોહબ્બત છોડી તે મલિક જબ્બાર (અલ્લાહ)ની આગળ ઇજજતવાળો બન્યો. અને જેણે દુન્યામાં નકામું છોડયું તે સારા લોકોમાં આરામ પાનાર થયો. અને જેણે દુન્યામાં ઝઘડો તજ્યો તે કિયામતના દિવસે મતલબ પાનાર થયો. અને જેણે બખીલીને દુન્યામાં તજી તે લોકોની આગળ વર્ણાયો. અને જેણે દુન્યામાં રાહત છોડી તે કિયામતના દિવસે ખુશી થયો. અને જેણે દુન્યામાં હરામ છોડયું તે કિયામતના દિવસે પેગમ્બરોના પડોસમાં થયો. અને જેણે હરામમાં નજર કરવી દુન્યામાં તજી તેની આંખોને કિયામતના દિવસે અલ્લાહ જંનતમાં ખુશી કરશે. અને જેણે તવંગરીને દુન્યામાં તજી અને ફકીરીને પસંદ કરિ તેને અલ્લાહ કિયામતના દિવસે વલીયો અને નબીયો સાથે ઉઠાવશે. અને જે દુન્યામાં લોકોની હાજતો પૂરી કરવા ઉઠયો અલ્લાહ તઆલા તેની હાજતો દુન્યા તથા આખેરતમાં પૂરી કરશે. અને જે કોઇ ઇચ્છે કે તેની કબરમાં ઉનસત વાળો થાય તેને જોઇએ કે તે રાતનાં અંધારામાં ઉઠે અને નમાઝ પઢે. અને જે કોઈ ચાહે કે તે અલ્લાહના અરશના છાયામાં થાય તેને જોઇએ કે તે ઝાહેદ બને. અને જે ચાહે કે તેનો હિસાબ આસાન થાય તો તેને જોઇએ કે તે પોતાને તથા તેના ભાઈયોને નસીહત કરે. અને જે ચાહે કે ફિરશતા તેની મુલાકાત લેનાર થાય તેને જોઈએ કે તે પરહેઝગાર થાય. અને જે ચાહે કે જંનતના મેદાનમાં રહે તેને જોઈએ કે રાત દિવસ અલ્લાહની યાદ કરનાર થાય. અને જે ચાહે કે વગર હિસાબે

+ અલ્લાહ રિઝકનો જામીન છે. તો બંદો એ વાતમાં અલ્લાહ ને સાચો જોણી રિઝકની ઢુંઢમાં ઉમર બરબાર કરનાર નહોય તે.

જંનતમાં જાય તેને જોઇએ કે અલ્લાહુ આ-ગળ સ્વચ્છ પસ્તાવો (ખલિસતોબા) કરે. અને જે ચાહે કે તે ગની થાય તેને જોઈએ કે અલ્લાહે તેની કીસમતમાં જે ઠેરવ્યું હોય તેથી તે રાજી થાય. અને જે ચાહે કે અ-લ્લાહુની આગળ ફકીહ થાય તેને જોઇએ કે તે નમ્રતાવાળો થાય. અને જે ઇચ્છે કે તે હકીમ (દાના) થાય તેને જોઇએ કે તે આલિમ થાય. અને જે ઇચ્છે કે તે લો-કોથી બચેલો રહે તેને જોઇએ કે તે દરે-કને ભલાઇ વગર બોલે નહિ. અને તેને જોઇ કે તે દુન્યામાં ધડો લ્યે કે હું કયી ચીજથી ઉત્પન્ન થયો ? અને શા માટે ઉત્પન્ન થયો? અને જે શખ્સ ચાહે કે તે દુન્યા તથા આખેરતમાં માન મેળવે તેને જોઇએ કે તે દુન્યા કરતાં આખેરતને પસંદ કરે. અને જે ફિરદોસને તથા નહી ફના થનાર નેઅમતોને ચાહે તે પોતાની ઉમરને દુન્યા-ના ફસાદમાં બરબાદ કરે નહિ. અને જે દુન્યા તથા આખેરતમાં જંતન ઇચ્છે તેને માથે સખાવત કરવી જરૂરની છે. કારણ કે સખી જંનતની નઝદીક છે, અને અગ્નિથી દૂર છે. અને જે ચાહે કે તે પોતાના દિલને પૂરતા નૂરથી રોશન કરે તે ફિકર તથા ઇબરત લેવાને લાજેમ જાણે. અને જે ઇચ્છે કે તેનું બદન સબર કરનાર થાય અને જુબાન જીકર કરનાર થાય અને દિલ નરમી કરનાર થાય તેને માથે જરૂર છે કે તે મુમિન મુસલમાન પુરૂષ સ્રીઓ માટે ઘણી ઈસ્તીગફાર કરે.

સમાપ્ત

તા. ૯ મી જીલહજ્જ સને ૧૩૨૫ હિજરીના રંગુન શહેરમાં ખોદાએ તેના કરમો ફજલથી પૂરણ કરાવી એથી તેનેજ સઘળી સ્તુતી છે.

મોટા મેહેરબાન રહમ કર્ત્તા અલ્લાહના નામથી.

લુકમાન હકીમની સો આજ્ઞા પુત્રની શીખામણ માટે.

પ્રથમ આ કે એ બાપના જાને જી-ગર ખોદા અઝઝ વ જલને પેહેચાન (૨) જે કંઇ બોધ આજ્ઞા તું કરે તેપર પ્રથમ તું ચાલ (૩) પોતાના અંદાજા (લેયાકત) પ્રમાણે વાત કર. (૪) લોકોના મરતબાને જાણ, (૫) સઘળા આદમીયોના હકકને પેહેચાન (૬) પોતાના ભેદની સંભાળ કર (૭) દોસ્તની સખતીના વખતે પરીક્ષા કર (૮) દોસ્તને નફા નુકસાનમાં પરીક્ષા કર

(૯) બુબક તથા નાદાન લોકોથી ભાગ (૧૦) હુશયાર તથા દાના દોસ્તને પસંદ કર (૧૧) નેકીના કામમાં કોશીશ અને મેહનત કર. (૧૨) સ્ત્રીઓ પર ભરોસો નહીં કર (૧૩) સુધારો કરનાર દાના લોકો સાથે તદબીર કર. (૧૪) વાત દલીલ (દાખલા) સાથે કહે. (૧૫) જુવાનીને ગનીમત જાણ. (૧૬) જુવાનીના વખતમાં બંને જહાનનાં કામ ઠીક કર. (૧૭) યાર તથા દોસ્તો ઉપર પ્રિતી રાખ. (૧૮) દોસ્ત અને દુશમન સાથે હસતા મુખે રહે. (૧૯) માબાપને ગનીમત જાણ (૨૦) ઉસ્તાદને આપથી બેહતર જાણ. (૨૧) આમદનીના પ્રમાણમાં ખરચ કર. (૨૨) સઘળાં કામોમાં દરમ્યાની ચાલે ચાલ. (૨૩) જવાંમરદી (મોટી હિમ્મત) ની આદત કર. (૨૪) મેમાનની ખીજમત અગત્યની રીતે કર. (૨૫) ઘરમાં આવે તો આંખ તથા જબાનની સંભાળ કર. (૨૬), કપડું તથા બદન પાક રાખ. (૨૭) સમુદાય (જમાઅત) સાથે લાગેલો રહે. (૨૮) ઓલાદને ઇલમ તથા અદબ શીખવ (૨૯) જો બની શકે તો તીર મારવું તથા સ્વારી શીખ (૩૦) મોઝા તથા જોડા જયારે પેહરે તો જમણા પગથી શરૂ કર અને ડાબા પગથી કાઢ. (૩૧) દરેક માણસ સાથે તેના ગજા જેટલું કામ કાર. (૩૨) રાત્રે જો વાત કરે તો આહિસતા તથા ધીમે કહે અને દિવસે જો વાત કરે તો ચોતરફ નિગાહ કર. (૩૩) થોડું ખાવાની થોડુ સુવાની અને થોડું બોલવાની આદત રાખ. (૩૪) જે ચીજ પોતા માટે પસંદ નહીં કરે તે બીજાઓ માટે પસંદ નહીં કર. (૩૫) કામોને તદબીર તથા હુશયારી સાથે કર (૩૬) નહીં શીખેલાને ઉસ્તાદ નહીં બનાવ (૩૭) સ્ત્રી તથા બાળકને ભેદ નહીં કહે. (૩૮) કોઇની વસ્તુ ઉપર દિલ નહીં લગાડ. (૩૯) કમીના તથા બદ જાતથી વફાદારીની આશા નહીં કર. (૪૦) વગર વિચારે કોઇ કામમાં નહીં પડ. (૪૧) નહીં કરેલાને કરેલું નહીં ગણ. (૪૨) આજનું કામ કાલપર નહીં નાંખ. (૪૩) પોતાથી મોટાઓ સાથે હાંસી નહીં કર. (૪૪) મોટા માણસ સાથે લાંબી વાત નહીં કર. (૪૫) સામાન્ય લોકને બેહયા નહીં બનાવ. (૪૬) ગરજવાળાને નિરાશ નહીં કર. (૪૭) થઇ ગઇલી લડાઈને યાદ નહીં કર. (૪૮) કોઇની નેકીને પોતાની નેકી સાથે નહીં ભેળ (૪૯) પોતાના માલને દોસ્ત કે દુશમનને નહીં દેખાડ. [૫૦] સગાંઓથી સગાઈ નહીં તોડ [૫૧] નેક લોકોની ગીબત નહીં કર. [૫૨] પોતાને નહીં જો (કે હું પણ કંઇ છું) (૫૩) એક ટોળું ઉભું હોય તો તું પણ તેઓની માફક કર. [૫૪] આંગળીઓને આપસમાં ભેરવેલી નહીં રાખ [૫૫] લોકોની સામે દાંતનો ખિલાલ નહીં કર. (૫૬) થુંક કે રીંદ મોડા અવાઝની સાથે નહીં નાંખ. (૫૭) બગાસામાં હાથ મોં પર રાખ (૫૮) લોકોની સામે આળસ નહીં મડ. (૫૯) આંગળી નાંખમાં નહીં કર. (૬૦) હસી મેળવેલી વાત નહીં કર (૬૧) કોઇ માણસને કોઇ માણસની સામે શરમિન્દો નહીં કર (૬૨) આંખેથી ભવાથી ઇશારો નહીં કર. (૬૩) કહેલી વાત બીજી વાર નહીં ઇચ્છ (૬૪) જે વાતથી હસી આવે તેથી બચતો રહે. (૬૫) પોતાની તથા ઘરવાળાની તારીફ કોઇની આગળ નહીં કર. (૬૬) પોતાને સ્ત્રીઓ માફક નહીં સણગાર. (૬૭) ફરજન્દોની મતલબે નહીં રહે. (૬૮) ઝબાનની સંભાળ કર

(૬૯) વાત કરતી વેળા હાથ નહીં હલાવ (૭૦) દરેક માણુસના મરતબાની સંભાળ કર. (૭૧) લોકોના બુરાઇયોમાં પડવામાં સાથી નહીં થા. (૭૨) મરેલાને બુરાઈથી યાદ નહીં કર. કારણુ કે એમાં લાભ નથી. (૭૩) બનતા સૂધી લડાઇ ઝઘડો નહીં કર. (૭૪) કુવવત આજમાવનારો નહીં થા. (૭૫) પારખેલા માણુસ વિષે સારીજ ધારના કરવી. (૭૬) પોતાની રોટલી બીજાના દસ્તરખાન ઉપર નહીં ખા. (૭૭) કામોમાં જલદી નહીં કર. (૭૮) દુનીયા માટે પોતાને દુઃખમાં નહીં નાંખ. (૭૯) જે કોઇ પોતાને ઓળખે તેને પેહેચાન (૮૦) ગુસ્સાની હાલતમાં વાત સમજીને કહે. (૮૧) આસતીન (બાંય)થી નાંખ સાફ નહીં કર. (૮૨) સુર્યોદય વેળા સુઈ નહીં રહે. (૮૩) લોકોની સામે નહીં ખા (૮૪) બુઝુરગોની આગળ માર્ગમાં નહીં ચાલ. (૮૫) લોકોની વાતને વચ્ચે નહીં આવ. (૮૬) ઘુંટણ ઉપર માથું નહીં રાખ, (૮૭) ડાબે જમણે નહીં જો પણ જમીન તરફ નજર રાખ. (૮૮) જો બની શકે તો ખુલ્લી પીઠે સ્વારી નહીં કર. (૮૯) મેમાનની આગળ કોઇ ઉપર ગુસ્સો નહીં કર. (૯૦) મેમાનને કામ નહીં સોંપ (૯૧) ગાંડા તથા નિશાવાળા સાથે વાત નહીં કર. (૯૨) નકામા તથા લુચ્ચાઓની સાથે મોહોલ્લાને નાકે નહીં બેસ (૯૩) નફા નુકસાન માટે પોતાની આબરૂ નહીં ખો. (૯૪) નકામો ખરચ કરનાર તથા ગરૂરી કરનાર (મોતકબ્બેર) નહીં થા. (૯૫) લોકોની લડાઇ પોતા ઉપર નહીં લે. (૯૬) લડાઇ તથા ફીતનાથી કિનારે રહે. (૯૭) વગર છરીએ અંગુઠીએ અને પૈસે નહીં રહે. (૯૮) એટલી રીઆયત કર કે પોતાને હલકો નહીં પાડે (૯૯) નમ્રતા કરનાર થા. (૧૦૦) ખોદા તઆલા સાથે સત્યતાથી, નફસ સાથે જબરાઇથી, મખલૂક સાથે ઈનસાફથી, બુઝુરગો સાથે ખીજમતથી, નાનાઓ સાથે મેહેરબાનીથી, દરવેશો સાથે સખાવતથી, દોસ્ત બીરાદરો સાથે નસીહત [તથા ખેરખાહી]થી, દુશમનો સાથે હિલમથી, જાહેલો સાથે ખામોશીથી, આલેમો સાથે તવાજોથી, પોતાની જીન્દેગાની કર. અને આ માર્ગ ઉપર ચાલ્યો જા. કોઈના માલ ઉપર લોભ નહીં કર. અને જયારે આગળ આવે તો મનાઇ નહીં કર. પણ જયારે આગળ આવે તો ભેગો નહીં કર.

અને તેવણે કહ્યું કે ત્રણ હઝાર શબ્દો મેં નસીહતમાં લખ્યા છે. તેમાંથી ત્રણને મેં ચુંટયા છે. તેમાંની બેને યાદ રાખ અને એકને ભૂલી જા. એટલે અલ્લાહનેતથા મોતને યાદ રાખ. અને કરેલી નેકીને ભૂલી જા.

વળી તેવણે ફરમાવ્યું છે કે ચુપકા રહેવામાં સાત ગુણ છે. [૧] વગર ઘરણે સણગાર છે (૨) વગર હોકુમતે હેબત છે. (૩) વગર મહેનતે ઈબાદત છે. (૪) વગર દીવારે કિલ્લો છે. (૫) વગર ઉજરે બેપરવાઈ છે (૬) કિરામં કાતેબીનને ફુરસત થવી. અને [૭] એબો ઢાકવી.

સમાપ્ત.

જાહેર ખબર.

બેહેશતી ઝેવર ઉર્દુ છોકરીઓ તથા ઓરતો માટે ખાસ આ કિતાબ લખાઇ છે એમાં અકીદા, નમાઝ, રોઝા, ઝકાત, નિકાહ, તલાક, ઇદત સોગના મસલા તથા કેટલાક વ્યવહારના તથા અખલાકના મસલા સારી રીતે બયાન થયાછે. એની સાથે ઘર કેમ ચલાવવું, ધણી તથા સાસુ સસરા સાથે કેમ રહેવું તથા બચ્ચાંઓની કેવી પરવરીશ કરવી તેપણ બયાન થયાંછે. તથા સો નેક બીબીયોની હાલત તેમની પરહેજગારી વગેરે પણ બયાન થઇછે. અને ઘર ધંધાનાં હુનરો, જરૂરી દવા પણ સારી રીતે દરશાવ્યાં છે. જોકે એ પુસ્તક ખાસ ઓરતો માટે લખાયું છે પણ મરદોને પણ ઓછું લાભ કારક નથી. એ પુસ્તકના ૧૦ ભાગ છે. આખા પુસ્તકની કીંમત રૂ૦ રા

બેહશતી ગોહર ઉર્દુ—મરદોને લાગતા મસલા ઇલાજ વગેરે જે બેહેશતી ઝેવરમાં બયાન થયા નથી તે એમાં ઘણી સારી રીતે લખાયા છે કીં. આના ૯

બરકે ઇસ્લામ ઉર્દુ—એમાં આયા સમાજવાળાઓના સવાલોનો જવાબ છે તથા છેવટમાં તેવીજ રીતના કેટલાક સવાલ તેઓપર કર્યા છે. પૃષ્ટ ૩૦૦ નું દલદાર પુસ્તક છે કી. આના ૬

આર્યાસમાજકી પોલ ઉર્દુ—ભાગ ૧લો કી. રૂ૦ ૧ા

" " " " ભાગ ૨જો કી. રૂ૦ ૧ા આ બંને ભાગમાં આર્યા સમાજના ઉસુલોપર બહસ કરી તેનો ઘણી સારી રીતે રદીઓ આપ્યો છે. એના કર્તા અસલ આર્યા સમાજી હતા એટલુંજ નહીં પણ સમામાં આર્યાઓ તરફથી ઉપદેશનું કામ પણ કરતા હતા તેવણે મુસલમાન થયા પછી આ પુસ્તકો રચ્યાં છે જે જોવા લાયક છે.

માલા બુદ્દ મિન્હો—નામની જગત જાણીતી ફારસી કીતાબ મહા વિદ્વાન વલીયે કામેલ જનાબ કાજી સનાઉલ્લાહ પાણીપતી (રેહ)ની રચેલી કે જે ઘણા શેહરોના ઘણા પ્રેસોમાં ઘણી વાર છપાઇ માન પામી દરેક ઇસ્લામી મદરસાઓમાં ચાલુ છે. તેનો તરજુમો ગુજરાતીમાં છપાયો છે. મજકુર કિતાબનો તરજુમો ઉર્દુમાં પણ થઈ ઘણો માનીતો થયો છે. પણ તે ફકત કિતાબનો તરજુમો છે. અને ગુજરાતીમાં કિતાબના તરજુમા સાથે તેની નોટોનો પણ તરજુમો થયો છે કે જેમાં નમાઝ, રોઝા, ઝકાત અકાએદ વગેરેના સેંકડો મસલાઓનો મોટો ખજાનો સમાઇલો છે. અને એજ કારણથી ફારસી માલા બુદ મિનહોની સાથે દરેક પ્રેસવાળાએ એ નોટને છાપી છે. એ તરજુમો ૬૦ રતલી ઉમદા કાગલ ઉપર છપાઇ બહાર પડયો છે. કી. રૂ૦ ૧ પે.ટે વગર.

તોહફતુલ હિન્દ—નામની કિતાબ જે ઉરદુ ભાષામાં માન પામી ૧૧ વાર છપાયલી તેનો અંગ્રેજી ભાષામાં તરજુમો થયો છે અને જો કે કરતાએ માત્ર હિન્દુ ધર્મ અને ઇસ્લામી ધર્મની સરખામણી કીધી હતી પણ ભાષાંતર કર્તાએ નોટમાં ખ્રિસ્તીઓની અને આર્યસમાજ વાલાઓની પણ સરખામણી કરી તેઓના લખાણનો જવાબ પણ લખ્યો છે. જેથી તે અસલ કીતાબ સહીત ત્રણઘણી મોટી થઇ છે. મતલબ કે એ કિતાબનો વાંચનાર હીંદુ. ખ્રીસ્તી, અને ઇસ્લામી ધર્મથી વાકેફ થઇ જશે. કીંમત પોસ્ટ વગર રૂ૦ ૨)

મશારેકુલ અનવાર ભાગ ૧ લો— કી. રૂ૦ ૧ એમાં બુખારી તથા મુસલીમની ૭૩૧ હદીસો છે.

મશારેકુલ અનવાર ભાગ ૨ જો—કી. રૂ૦ ૧ એમાં ૭૨૬ હદીસો છે.

મશારેકુલ અનવાર ભાગ ૩ જો—એમાં બોખારી તથા મુસલિમ શરીફની ૮૧૨ સહી હદીસો છે કીંમત રૂ૦ ૧

બેહેશ્તી ઝેવર ભાગ ૩ જો—જેમાં રોઝો ઝકાત, ફિત્રનો સદકો, કુરબાની, બચ્ચાનો અકીકો, હજ્જ, મદીના શરીફની ઝીયારત, મન્નત (તરસ) માનવી, કસમ [સોગન] ખાવી, કસમનો કફ્ફારો, દીન (ઇસ્લામ) થી ફરી જવાનું

[મુરતદ થવાનું] બયાન, સુબેહ કરવાના મસઅલા હરામ અને હલાલ ચીઝો, પોશાક અને પરદો કરવો, પરચુરણ મસઅલા, રસ્તાપર પડેલી વસ્તુ મળવી (લુકતા), અને વકફ એટલા બધા વિષયોના ઘણાજ ખુલાસા સાથે બયાન થયલા મસઅલાની હઝરત મૌલવી અશરફઅલી સાહેબની બનાવેલી ખાસ હનફી મઝહબની કિતાબનો ગુજરાતીમાં તરજુમો છપાઈ પ્રગટ થયો છે. કીંમત આના ૫

"તોહફતુલ હિંદ" ઉર્દુ. કી૦ આના ૧૦.

"ઈજહારૂલ હક" નામનું પુસ્તક કે જે મૌલવી રહમતુલ્લાહ મોહાજેરે મક્કા સાહેબનું અરબીમાં રચેલું છે તેનો તરજુમો ગુજરાતી ભાષામાં કરી ગલેઝ ૫૦ રતલી કાગળ ઉપર આઠ પેજી પૃષ્ટ ૫૦૦ ઉપર છપાવ્યું છે. એ આખી જગતના પાદરીઓને અઉત્તર કરનારૂં છે એજ કારણથી અરબી, તુરકી, ફ્રેંચ ભાષામાં ઘણી વાર છપાયું છે. એમાં એક પ્રસ્તાવના ૭ અધ્યાય છે. પ્રસ્તાવનામાં કેટલીક જાણવાજોગ બાબતો લખી પાદરી ફાનડરની મીજાનુલ હકના કેટલાક ફકરાઓનો જવાબ છે. પેહેલા અધ્યાયમાં બાઇબલનું વર્ણન છે તથા તેની ભૂલોની, ખોટારાની સાબેતી છે. બીજા અધ્યાયમાં બાઇબલના ફેરફાર થવાનો સિદ્ધાંત તથા પાદરીઓના ધોકાઓનો ઉત્તર છે. ત્રીજામાં નાસેખ મનસૂખનું વર્ણન છે, ચોથામાં ત્રીદેવનું (તસલીસનું) ખોટારૂં બાઇબલથી તથા અકલી દાખલાઓથી છે. અને ત્રીદેવ વિષે તેઓના લીધેલા આધારનો ઉત્તર પણ છે. પાંચમામાં કુરઆનનું કલામુલ્લાહ થવું સિધ્ધ કરી કુરઆન ઉપર તેઓની કીધેલી શંકાઓનો ઉત્તર છે. તથા એની સાથે હદીસોનો કેટલોક હાલ તથા તે વિષેની શંકાઓનો ઉત્તર પણ છે. છઠામાં હજરત મોહમ્મદ (સલ) સાહેબની પેગમ્બરીની સાબેતી છે. અને એની વચ્ચે બીજી ઘણી બાબતો સમાઇલી છે હજરતની નુબુવ્વત ઘણી સારી રીતે તેઓની બાઈબલથી પણ સાબેત કરવામાં આવી છે. કીં રૂ. ૨–૦–૦ પોસ્ટ વગર.

બાબલ પરીક્ષા કીંમત આના ૨ જેહાદની હકીકત કી. આનો ૧	આ બંને ચોપડીઓ ઇજહારૂલ હકના નમુના છે.

રાહે નજાત ગુજરાતી ઉમદા કાગળ ઉપર કી૦ આના ૨.

આકાશ ચાલ રદે પૃથ્વી ચાલ કીંમત આનો ૧

ગુલ દસ્તએ તમીજ. એમાં સંસારી ઘણી ઉમદા શીખામણો છે. કીં. આ. ૧૦

મઝહરૂલ ઈસ્લામ. ગુજરાતી કીં. આ. ૪

એઅલાએ કલેમતુલ હક ગેબની તહકીકમાં ઉમદા કિતાબ છે કીંમત આના ૪

કશફુલ ગેતા એજાલતુલ ખફાનો જવાબ એમાં ગેબ વિષે સારી તહકીક છે. કીં. આ. ૪.

રાહે નજાત ઉર્દુ કીંમત આનો દોઢ.

નસીહતુલ મુસ્લેમીન ઉર્દુ કીંમત આ ૧

કુરઆને શરીફ મોટા તથા ઉમદા ખતમાં અને તેની નીચે શાહ અબદુલ કાદેર [રહ]નો જગત જાણીતો તરજુમો ગુજરાતી અક્ષરોમાં કીં રૂ. ૫

જુબ્દતુલ મનાસેક ગુજરાતી રાહે નજાત ગુજરાતી ભાષામાં નસીહતુલ મુસલેમીન ,, હિદાયતુલ મોહતદીન ,, બુતશિકન–તાજીયા દારીનો રદ મૌલવી બશીરના રીસાલાનો ટુંક જવાબ ઇજાલતુ–રૈબ ઉર્દુ તાજીયાની હકીકત ગુજરાતી રિસાલાએ નમાઝતથા તાજીયાદારીનો ફતવો મદીના મોનવ્વરાની જીયારત મુસ્તહબ થવાના ફતવા.	આ પુસ્તકો દરેકને માટે પોસ્ટ અડધા આનાની ટીકીટ મોકલેથી મફત મોકલવામાં આવશે.

જમાનુલ ફિરદોસ ઉર્દુ એમાં ઝબાન તથા શરમગાહના ગુનાહોનું હદીસોથી ઘણી ઉમદા રીતે બયાન થયું છે. ઉર્દુ સરકારી સ્કોલોમાં જેવા અક્ષરો વપરાય છે તે ટપ પર તેવા કદમાં છપાઈછે કી. આ. ૨ાા

સફાઇ મોઆમલા ઉર્દુ કી. આ. ૨

તઅલીમુદ્‌–દિન ઉર્દુ આ ઘણી પ્રખ્યાત કીતાબછે એમાં દીનના મસલા ઘણી ઉમદગીથી બયાન થયા છે. એજ કારણથી ઘણા પ્રેસોમાં છપાઇ છે. કી. આ. ૭

ગુલામ મોહમ્મદ બી૦ હાજી હાફેજ સાદિક
મુ૦ રાંદેર જીલ્લે સુરત.

જાહેર ખબર.

સત્યાર્થ પ્રકાશનું ખંડન.

દયાનંદ સરસ્વતી જે પ્રખીયાત માણુસ છે અને આર્યસમાજનો કાઢનાર છે તેણે સત્યાર્થ પ્રકાશ નામનું પુસ્તક લખી બીજા મજહબોનું તેમાં ખંડનકરી પોતાના મજહબનું મંડન કર્યું છે. એના ૧૪ મા સમુલ્લાસમાં કુરઆન શરીફ ઉપર ૧૫૯ એતેરાજ કર્યા છે. અને એતેરાજ (શંકા)ના વર્ણનમાં ખોદાપર, રસૂલુલ્લાહ (સલ) પર અને ઇસ્લામપર એવા બેહુદા નિર્લાજ શબ્દો વાપરી પોતાનું ભાણુ પણું પ્રગટ કર્યું છે. એ શંકાઓ એવી રીતે ગીલીટરૂપી કરી છે કે અભણ મુસલમાનો ઉપર તથા ફકત નામના મુસલમાનો ઉપર અસર પડે અને ઇસ્લામથી જાહિલ આર્યાઓ તેને ખરી શંકાઓ સમજી તે ઉપર ઇતરાય અવામને ધોકો આપે એમાં કંઇ નવાઈ નહીં. માટે તેનો રદીયો ગુજરાતીમાં છાપવા શરૂ કર્યો છે જે ત્રતીયાંશ: છપાયો છે અને કામ ચ.લુજ છે. ઇનશાઅલ્લાહ આવતી રમજાન સૂધી એટલે ચાર માસમાં પ્રગટ થશે. એ ખંડનમાં તહકીકી જવાબોની સાથે ઇલઝામી જવાબો પણ આપ્યા છે. એટલે દયાનંદજીનાં રચેલાં તથા માનેલાં પુસ્તકોથી પણ જવાબ આપ્યા છે કે જે આર્યાઓને ચુપ કરવામાં ઇનશાઅલ્લાહ અકિત્તર થશે. એ પુસ્તક ગુજરાતના દરેક શેહેર તથા કસબામાં એટલુંજ નહીં પણ દરેક ગામડામાં ફેલાવવા યોગ્ય છે કે જે મુસ-[illegible]નો પામે આર્યાઓના મુકાબલામાં હથિયાર સમાન થાય અને બેહેકના બચે કી. રૂ. ૧

[illegible]અખ્લાત ગુજરાતી. નસીહત તથા અખલાક શીખવનાર [illegible]ી છે જે ઉર્દૂ ફારસી અને ઇંગ્રેજીમાં ઘણીવાર છપા-[illegible]ને ગુજરાતીમાં એની સાથે લુકમાન હકીમ [illegible]ગ છાપી છે કીં૦ આ૦ ૪

[illegible]ીન હાજી હાફેજ સાદેક.

[illegible] જી૦ સુરત.